Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
$AVE MAX Achievers' Realty

FRIDAY, 20 OCTOBER, 2023 Vol. 20, No. 40 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## ઈઝરાયેલ અને હમાસ વચ્ચેનું યુદ્ધ 14મા દિવસમાં પ્રવેશ્યું, વિશ્વભરમાં ચિંતાનો માહોલ યથાવત્

# યુદ્ધથી 5000ના મોત અને 17000થી વધારે ઘાયલ

**તેલ અવીવ**

પેલેસ્ટાઈન અને ઈઝરાયેલ વચ્ચેનો ટકરાવ 14મા દિવસમાં પ્રવેશ્યો છે અને આટલા દિવસોમાં બંને પક્ષના 5000 લોકો માર્યા ગયા છે. પેલેસ્ટાઈનના શાસકોએ કહ્યુ હતુ કે, અત્યાર સુધીમાં પેલેસ્ટાઈનના 3540 નાગરિકો માર્યા ગયા છે અને 13000 લોકો ઘાયલ થયા છે.આ પૈકી સૌથી વધારે 3478 લોકોના મોત ગાઝા પટ્ટીમાં અને વેસ્ટ બેન્કમાં 62 લોકોના મોત થયા છે. બીજી તરફ ઈઝરાયેલ સરકારે જે આંકડા જાહેર કર્યા છે તે પ્રમાણે ઈઝરાયેલના 1400 લોકોના મોત થયા છે અને 4400 લોકો ગાયલ થયા છે. ઈઝરાયેલની સેનાએ બુધવારે ફરી એક વખત ગાઝા પટ્ટી પર હવાઈ હુમલા કર્યા હતા.



ઈઝરાયેલનુ કહેવુ છે કે, ગાઝા પટ્ટીમાં આતંકવાદીઓના ઘણા આશ્રયસ્થાનો નષ્ટ કરવામાં આવ્યા છે. તેની સાથે સાથે ટેન્ક વિરોધી મિસાઈલ લોન્ચિંગ જ્યાંથી થાય છે તે જગ્યા, વધારાનુ કમાન્ડ સેન્ટર, આતંકવાદીઓ દ્વારા ઉપયોગમાં લેવાતી સુરંગો પણ તબાહ કરવામાં આવી છે. હમાસના 10 જેટલા આતંકવાદીઓ પણ આ હુમલામાં મોતને ભેટયા છે. ગાઝા પટ્ટીમાં આવેલા રાફા વિસ્તારમાં આતંકી સંગઠન પોપ્યુલર રેઝિસન્ટસ કમિટિની ઈમારતને પણ ઈઝરાયેલા લડાકુ વિમાનોએ ટાર્ગેટ કરી હતી. ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના જંગમાં દુનિયાભરમાં ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન એમ બંને પક્ષે દેખાવો થઈ રહ્યા છે.આ જંગને રોકવા માટે પણ માંગ ઉઠી રહી છે.

## એમેઝોન-માઈક્રોસોફ્ટની ફરિયાદ બાદ ભારતમાં CBIના 11 રાજ્યમાં દરોડા

**નવી દિલ્હી**

CBIએ દેશભરના જુદા જુદા રાજ્યો ખાસ કરીને, પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, દિલ્હી, બિહાર, પંજાબ, તમિલનાડુ, કેરળ, હરિયાણા, કર્ણાટક, ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશ સહિત 76 સ્થળોએ દરોડા પાડ્યા છે. આ દરમિયાન સાયબર ક્રાઈમ સાથે સંકળાયેલ ગુનેગારોની ધરપકડ કરવામાં આવી છે. સીબીઆઈએ 5 કેસ પણ નોંધ્યા છે. એમેઝોન અને માઈક્રોસોફ્ટ દ્વારા ફરિયાદ કરાયા બાદ સીબીઆઈએ આ કાર્યવાહી કરી છે. સીબીઆઈના જણાવ્યા મુજબ તપાસ અભિયાન દરમિયાન 32 મોબાઈલ ફોન, 48 લેપટોપ, 2 સર્વરની તસવીરો, 33 સિમ કાર્ડ અને પેન ડ્રાઈવ જપ્ત કરાયા છે. સીબીઆઈએ ઘણા બેંક એકાઉન્ટો પણ ફ્રીઝ કર્યા છે. સીબીઆઈએ 15 ઈ-મેલ એકાઉન્ટની વિગતો પણ મેળવી લેવાઈ છે, જેમાં આરોપીઓના ષડયંત્રનો પણ ખુલાસો થયો છે, જેના દ્વારા તેઓ લોકોને ઠગવાનું કામ કરે છે. ઓપરેશન ચક્ર-2 અભિયાન હેઠળ ઈન્ટરનેશનલ ટેક સ્પોર્ટ ફ્રોડ સ્કેમના 2 મામલાઓ પણ સામે આવ્યા છે. આરોપીઓ 5 રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોમાં 9 કોલ સેન્ટરનું સંચાલન કરી રહ્યા હતા.

વિશેષ અહેવાલ

**યહૂદીઓએ USની સંસદને ઘેરી લીધી**

PAGE NO. 17

ABOWATH
REAL ESTATE GROUP
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

$AVE MAX Achievers' Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

BUY - SELL- LEASE - INVEST
Mehul Patel
Broker
Urshila Patel
Sales Representative
Dir : 416-254-6949
$AVE MAX
Tel : 905-497-6701, Fax 905-497-6700
Email :- patelmayhool@gmail.com
170 Wilkinson Rd., Unit #3, Brampton, OM L6T 4Z5

Royal Rajasthan
16 days 13 nights
All-inclusive price starts at
Cad 3587 pp occ dbl.
Including: Flights (from Toronto or Montreal) Hotels 4 and 5 stars all meals, guide and monuments fees
Visit: Delhi, Agra, Ranthambore, Jaipur, Deogarh, Udaipur, Ranakpur and Jodhpur.
Serving Canadians for over 22-years
Airline Tickets (worldwide) & Travel insurance, Indian passport renewal, OCI, Indian Visa, Surrender Certificate
VOYAGES InterSky TRAVELS
Montréal, Québec
Permis du Québec
Divyesh (Dev) Patel
514 -513-9191
514 389 7070-toll free: 1855 389 7070

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# ટોરોન્ટોમાં આકરા શિયાળાની સંભાવના, વિશેષ પ્લાન તૈયાર

## રસ્તાઓ અને ફુટપાથ પરના બરફની સફાઈ કરવા 1400થી વધુ સાધનો ઉપલબ્ધ : 100 મિલિયન ડોલરથી વધુનું બજેટ



**ટોરોન્ટો**

ટોરોન્ટો આ શિયાળામાં બરફ આચ્છાદિત રસ્તાઓ, ફૂટપાથ અને બાઈક લેન સાફ કરવા માટે તૈયાર છે. પરંતુ એક કાઉન્સિલર આશા રાખે છે કે, આ કામ માટે ગયા વર્ષની જેમ કોન્ટ્રાક્ટરો ઓછા ન પડે.

સોમવારે ડેપ્યુટી મેયર જેનિફર મેકકેલ્વીએ શહેરની વિન્ટર મેન્ટેનન્સ પ્લાનની જાણકારી આપતાં કહ્યું હતું કે, તેની પાસે $ 100 મિલિયનથી વધુનું સૂચિત બજેટ છે અને સ્નો-ક્લિયરિંગના 1,400થી વધુ સાધનો ઉપલબ્ધ છે.

તે સાધનોનો ઉપયોગ આશરે 14,700 કિલોમીટરના રસ્તાઓ, 7,900 કિલોમીટરના ફૂટપાથ અને 956 કિલોમીટરની અલગ બાઈક લેન અને બહુ-ઉપયોગી ટ્રેલ્સ માટે કરવામાં આવશે. શહેરે સમગ્ર ટોરોન્ટોના યાર્ડોમાં બરફ સાફ કરતા વાહનો પહોંચાડવાનું શરૂ કરી દીધું છે.

“ટોરોન્ટો પર શિયાળાની મોટી અસર પડી શકે છે. આપણે કેવી રીતે આસપાસનું વાતાવરણ રાખીએ છીએ, તે બાબત પર શિયાળાની અસર નિર્ભર કરે છે. મેક કેલ્વીએ જણાવ્યું હતું કે, અમારા ઘરો અને અમારા વ્યવસાયો તેમજ અમારા અમારા ક્રિટીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ અસર કરે છે. તેણીએ ઉમેર્યું કે, જ્યારે તે એક પ્રચંડ પડકાર બની જાય છે, ત્યારેટોરોન્ટો સિટી પાસે એક વ્યાપક અને અત્યંત સંકલિત એવી એક યોજના છે, જે રહેવાસીઓ અને મુલાકાતીઓની સલામતી અને હિલચાલને અન્ય તમામ બાબતો કરતાં વધુ પ્રાથમિકતા આપે છે.

આ ભંડોળનો ઉપયોગ વ્યૂહાત્મક રીતે અને સ્માર્ટ રીતે કરવામાં આવશે, જેથી દરેકને તેઓ પસંદ કરે તેવી મુસાફરી પદ્ધતિઓનો ઉપયોગ કરીને સુરક્ષિત રીતે આગળ વધી શકાય.

# HIV પીડિત હોવાનું છૂપાવનાર ઑન્ટેરિયોની મહિલા વોન્ટેડ જાહેર

**ટોરોન્ટો**

ઓન્ટેરિયોનો એક માણસ કે જેને કથિત રીતે પોતાની પાર્ટનરે તેના HIV સ્ટેટસ વિશે જાણકારી આપી ન હતી, તેની ટોરોન્ટો પોલીસ દ્વારા શોધ કરવામાં આવી રહી છે. તપાસકર્તાઓ માને છે કે, અન્ય પીડિતો પણ હોઈ શકે છે.

સોમવારે જારી કરાયેલા એક સમાચાર પ્રકાશનમાં પોલીસે જણાવ્યું હતું કે 35 વર્ષીય ગેબ્રિયલ માથેકા ઓનલાઈન મળ્યા પછી 2019 અને 2021ની વચ્ચે તે એક મહિલા સાથે ઘનિષ્ઠ સંબંધમાં જોડાયો હતો. પોલીસનો આરોપ છે કે, તે સમય દરમિયાન માથેકા એચઆઈવી પોઝીટીવ હતી અને તેણે તેના પાર્ટનરને તેની માહિતી આપી નહતી. સ્ટોની ક્રીક, ઓન્ટ.જે હેમિલ્ટનની પૂર્વમાં છે, તેના રહેવાસી માથેકા ઓનલાઈન ડેટિંગ એપ્સનો ઉપયોગ કરવા માટે જાણીતી છે, એવું પોલીસે જણાવ્યું હતું. એક સમાચાર પ્રકાશનમાં જણાવવામાં આવ્યું છે કે, પોલીસને ચિંતા છે કે અન્ય પીડિતો પણ હોઈ શકે છે અને ગેબ્રિયલ માથેકા સાથે શારીરિક સંબંધ બાંધનાર કોઈપણને તબીબી સહાય મેળવવા અને પોલીસનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે. માથેકા જાતીય હુમલાના ગંભીર આરોપમાં વોન્ટેડ છે.







SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
  (ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA



Davinder Singh Chawla
TOLL : 1866.623.0865

Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com





રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper



પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
+1 437-421-2992 Email :- info@swadesh.news
સ્વદેશ
Leading Gujarati Newspaper



# બ્રામ્પટનના ગુજરાતી સિનિયર્સ ક્લબનો ઓક્ટોબર મહિનાનો પ્રોગ્રામ યોજાયો





## ગીત-સંગીત, જોક્સ રજૂ થયા, સંસ્થાના ચેરમેને વૃદ્ધોની વર્તમાનની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી

**બ્રામ્પટન**

ગુજરાતી સિનિયર્સ ક્લબ બ્રામ્પટનનો ઓકટોબર ૨૦૨૩ માસનો પ્રોગ્રામ ૮મી તારીખે યોજાયો હતો. સમૂહ પ્રાર્થના અને વૈષ્ણવજન ભજનથી કાર્યક્રમની શરૂઆત થયા બાદ દિલીપભાઈએ બધા સભ્યઓને આવકારી નવેમ્બરના દિવાળી પ્રોગ્રામ વિષે માહિતી આપી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આવતા વર્ષની વાર્ષિક ફી અને ભોજન ફીમાં વધારો કર્યો નથી અને આવતા માસથી સભ્યો આવતા વર્ષની ફી ભરી શકશે. હસમુખભાઈ પટેલે આજના ભોજન મનોરથીઅને ભોજન વિષે માહીતી આપી હતી. ચેરમેન નગીનભાઈએ જણાવ્યું હતું કે, આજના જમાનામાં ઘરડાનું કુટુંબમાં અને સમાજમાં મહત્વ ઓછું થતું જાય છે અને તેઓનો કુટુંબનો અને સમાજનો સાથ છૂટતો જાય છે. પોતાની લાગણીઓ વ્યક્ત કરી શકતા નથી અને એકાંકી જીવન જીવવા મજબુર થતાં જાય છે.

ત્યારબાદ પદમાબેને ગીતની સુંદર રજૂઆત કરી હતી. ડો. પ્રદ્યુમ્ન ભટ્ટે કલબના સર્વ સભ્યોને મનોરંજન પીરસતા જોક્સ રજુ કર્યા બાદ રેશમના દોરાને તોડયા વિના તૈયાર કરવામાં આવતા પાટણના પટોળાના રંગકામ, વણાટ કામ, એક પટોળું તૈયાર કરવામાં લાગતા દિવસો, કિંમત અને એની ચાર પ્રકારની શૈલી વિષે વિષદ માહિતી આપીને વનરાજ ચાવડા દ્વારા સ્થપાયેલા પાટણનો ઈતિહાસ વર્ણવ્યો હતો.

સજ્જનસિંહ પરમાર દ્વારા કબીરબાની "દિવાને મન ભજન બીના દુઃખ પૈટે!"ની સુંદર પ્રસ્તુતીને બધા સભ્યોએ માણી હતી. કુસુમબેન પટેલે તેના "આરોગ્ય અને આપણે"ના પ્રવચનમાં જણાવ્યું હતું કે આપણી મોટામા મોટી મૂડી આપણું આરોગ્ય છે. **Health is Wealth.** વૃદ્ધાવસ્થામાં પૈસા આપણને કામ લાગે એટલા માટે યુવાવસ્થાથી આપણે વીમો ઉતરાવીએ છીએ.

એમ જ આપણે શારીરિક સ્વાસ્થ્ય માટે પણ ધ્યાન આપી રોગ ન થાય એવી કાળજી રાખવી જોઈએ. જે બાદ સભ્યોની જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. ચંચલબેન પ્રજાપતિએ ઢોલક સાથે ભજનની રજૂ કર્યા હતા. ત્યારબાદ ભારતથી આવેલા ગરબા અને ડાયરાના પ્રખ્યાત કલાકાર કમલેશભાઈ બારોટ અને સભ્ય ઈશ્વરભાઈ પટેલે ગરબાની રંગત જમાવી હતી.

# GSSM દ્વારા 24મી ઓક્ટોબરે કાર્યક્રમ યોજાશે

**મિસીસાગા**

મિસિસોગામાં જીએસએસએમ દ્વારા ગુજરાતી વરિષ્ઠ લોકો માટે દિવાળી અંગે એક કાર્યક્રમનું આયોજન કરાયું છે. વાર્ષિક દિવાળીના કાર્યક્રમમાં મનોરંજન સાથે લંચ એ અમારો ઉદ્દેશ્ય છે.

આ ઈવેન્ટમાં હાજર રહેવા જાહેર ઈજન અપાયું છે. GSSM આયોજિત કાર્યક્રમ રાબેતા મુજબ કોમ્યુનિટિ હોલમાં સવારે 10:45 વાગ્યે શરૂ કરાશે. કાર્યક્રમમાં હાજરી આપવા ઈચ્છૂકોએ 647-402-6150; 905 849 6759 ઉપર સંપર્ક કરવો અથવા ઈ-મેલ દ્વારા: **kalakpatel27@gmail.com.**









તંત્રી સ્થાનેથી

# નિઠારીમાં દુષ્કર્મ બાદ 19 દીકરીની હત્યા કેસમાં કોઈ ગુનેગાર જ નથી!



તંત્રી - સ્વદેશ

એક સમયે આખા દેશમાં હાહાકાર મચાવનાર નિઠારી હત્યાકાંડના કેસમાં ટ્રાયલ કોર્ટે બે મુખ્ય આરોપીઓ સુરેન્દ્ર કોલી અને મોહિન્દરસિંહ પાંધેરને ફાંસીની સજા ફટકારી હતી. આ કેસમાં ૧૯ છોકરીઓ પર બળાત્કાર ગુજારાયા બાદ તેને મોતને ઘાટ ઉતારી દેવાઈ હતી. પહેલાં તો ટ્રાયલ કોર્ટે ઓપી કોલીને ૧૨ કેસમાં અને પાંધેરને ૨ કેસમાં ફાંસીની સજા ફટકારી હતી. પરંતુ તે પછી મામલો હાઈ કોર્ટમાં પહોંચ્યો હતો. જયાં અલ્લાહાબાદ હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટના ચુકાદાને બદલી કાઢ્યો હતો.

જેમાં કોલી અને પાંધેરની માત્ર ફાંસીની સજા જ રદ કરવા સાથે બંનેને નિર્દોષ ગણાવીને હાઈકોર્ટે છોડી મુકવા આદેશ કરતા સમગ્ર ભારતમાં ચકચાર મચી ગઈ છે. ઘટના બાદ સીબીઆઈએ આ કેસની તપાસ કરી હતી. ટ્રાયલ કોર્ટે કોલીને ૧૨ કેસમાં અને પાંધેરને ૨ કેસમાં ફાંસીની સજા ફટકારી પછી બંનેએ હાઈકોર્ટમાં કરેલી અરજીઓમાં દલીલ કરી હતી કે, આ કહેવાતી હત્યાઓને નજરે જોનાર કોઈ સાક્ષી નથી. માત્ર પરિસ્થિતિજન્ય અને વૈજ્ઞાનિક પુરાવાના આધારે બંનેને દોષિત ઠેરવાયા છે.

હાઈકોર્ટે આરોપીની આ દલીલને માન્ય રાખી કોલી અને પાંધેર જવાબદાર હોવાના સીધા પુરાવા અને સાક્ષી નહીં હોવાની બાબતને આધાર ગણ્યો છે. નિઠારી હત્યાકાંડ ભારતના ઈતિહાસમાં સૌથી ઘૃણાસ્પદ અને આઘાતજનક હત્યાકાંડ છે. ૨૦૦૫માં આ હત્યાઓનો સિલસિલો શરૂ થયો અને બે વર્ષ સુધી ચાલતો રહ્યો. ૨૦૦૫માં નિઠારીમાંથી અચાનક રહસ્યમય રીતે છોકરીઓ ગુમ થવા માંડી હતી. પણ પાંધેર પ્રતિષ્ઠિત વ્યક્તિ હતો તેથી કોઈને તેમના પર શંકા જ નહોતી ગઈ. પોલીસે પણ આ કેસમાં વરવી ભૂમિકા ભજવેલી. ગુમ થનારી છોકરીઓ ગરીબ ઘરની હોવાથી માતા-પિતા ફરિયાદ કરવા જાય ત્યારે પોલીસ તેમને ફોસલાવીને પાછા કાઢી મૂકતી હતી. મા-બાપ પણ વારંવાર પોલીસ સ્ટેશનના ધક્કા ખાઈને થાકતાં અને આખી વાત ભૂલાઈ જતી.

નિઠારી ગામમાં પોતાનાં માતા-પિતા અને ચાર નાનાં ભાઈ-બહેન સાથે રહેતી રિંપા ૨૦૦૫માં અચાનક ગાયબ થઈ ગઈ હતી. અત્યંત હસમુખી રિંપા ભણવામાં હોંશિયાર હતી, સીધી-સરળ હતી ને બધાં સાથે ભળી જતી. રિંપા તેના દાદા-દાદીને ત્યાં રહીને ભણતી હતી અને વેકેશનમાં માતા-પિતા પાસે આવેલી. આવી છોકરી અચાનક ગાયબ થઈ ગઈ તેથી બધાંને આઘાત લાગેલો.

૨૦૦૬ના ડીસેમ્બરમાં જેમની દીકરીઓ ગુમ થઈ હતી એવા બે વાલીએ ગુમ થયેલાં બાળકોના અવશેષો મોહિન્દર પાંધેરના નોઈડાના સેક્ટર ૩૧માં આવેલા ડી-૫ નંબરના મકાનની પાછળની મ્યુનિસિપલ પાણીની ટાંકી પાસે હોવાનો ધડાકો કરીને તેમણે પોલીસને સંપર્ક કર્યો હતો. પોલીસે તેમને દાદ ના આપતાં એ લોકો મિશ્રા પાસે પહોંચ્યા. મિશ્રાએ બંને સાથે પાણીની ટાંકી પાસે જઈને તપાસ કરી તો એક કપાયેલો અને સડી ગયેલો હાથ મળ્યો હતો. એ પછી મિશ્રાએ ટોળા સાથે પોલીસનો સંપર્ક કરતાં પોલીસે સક્રિય થવું પડયું. લોકોની ફરિયાદના આધારે પોલીસે પાંધેરના મકાનના પાછળના ભાગમાં તપાસ કરતાં ત્યાંથી મોટા પ્રમાણમાં ખોપરીઓ, હાડકાં, શરીરના બીજા ભાગ મળી આવ્યા હતા. પોલીસે એ પછી પણ ઘટનાને છૂપાવવા પ્રયત્ન કર્યા પણ લોકોનો આક્રોશ ભડકી ચૂક્યો હતો. તેથી છેવટે પોલીસે કોલી અને પાંધેરને જેલના સળિયા પાછળ ધકેલવા મજબૂર બનવું પડ્યું હતુ. પાંધેરની નોકરાણી માયા છોકરીઓને ફોસલાવીને ઘરે લાવતી હોવાની શંકાથી તેની પણ ધરપકડ કરાઈ હતી. પોલીસ એ પછી પણ આરોપીઓને છાવરવા મથતી રહી. પોલીસ મૃતદેહોની તપાસ કરતી હતી ત્યારે પાયલની લાશ મળતાં નવો ફણગો ફૂટયો. કેમ કે, પાયલની હત્યા કોલી-પાંધેરે કરી હોવાનું બહાર નહોતું આવ્યું. પોલીસે આ ઘટનાને દબાવવા પ્રયત્ન કરતાં અકળાયેલાં લોકો રસ્તા પર ઉતરી આવતાં છેવટે મુખ્યમંત્રી મુલાયમસિંહ યાદવે સીબીઆઈને તપાસ સોંપી. પોલીસની બેદરકારી અંગે તપાસ કરવા માટે પણ સમિતી રચાઈ. સીબીઆઈએ ઝડપથી તપાસ કરીને ચાર્જશીટ મૂકી અને ૨૦૦૯ના ફેબુરઆરીમાં કોલી-પાંધેરને રિંપા હલદરના કેસમાં ફાંસી થઈ. એ પછી કોલીને એક પછી એક ૧૨ કેસમાં અને પાંધેરને ૨ કેસમાં ફાંસીની સજા ત્રણ વર્ષના ગાળામાં જ થઈ ચૂકી હતી.

સીબીઆઈએ કોલી-પાંધેરને સજા અપાવેલી પણ આ હત્યાકાંડના મૂળ સુધી નહોતી પહોંચી. તેથી જ હત્યાકાંડના ૧૭ વર્ષ પછી પણ હત્યાકાંડનો ઉદ્દેશ બહાર નથી આવ્યો. સીબીઆઈની તપાસ પણ શંકાસ્પદ હતી. કેમ કે, સીબીઆઈએ ૨૦૦૭ની પહેલી ચાર્જશીટમાં પાંધેરને નિર્દોષ ગણાવીને કોલીને માસ્ટરમાઈન્ડ ગણાવેલો પણ પછી પાંધેર સામે ફોરેન્સિક પુરાવા મળતા તેને આરોપી બનાવાયો હતો. કોલી નેક્રોફિલિયાક (મૃતદેહો સાથે સેક્સ માણવાની વિકૃતિ ધરાવતી વ્યક્તિ) હોવાનો પણ સીબીઆઈએ દાવો કર્યો હતો. સીબીઆઈની તપાસમાં પાંધેરના ઘરમાંથી અશ્લીલ સાહિત્ય અને વેબકેમ સાથે જોડાયેલું લેપટોપ મળતાં ચાઈલ્ડ પોર્નોગ્રાફીનું રેકેટ ચાલતું હોવાની શંકા હતી. પાંધેરના વિદેશમાં નગ્ન બાળકો અને વિદેશીઓ સાથેના ફોટા પણ મળ્યા હતા. તપાસના અંતે જાહેર કરાયેલું કે, નગ્ન બાળકો તેનાં પૌત્ર-પૌત્રી હતાં અને પાંધેર ચાઈલ્ડ પોર્નોગ્રાફી સાથે સંકળાયેલો નહોતો. લેપટોપ અને વેબકેમ વિશે કોઈ સંતોષકારક ખુલાસો નહોતો કરાયો.

પાંધેર છોકરાં-છોકરીઓની હત્યા કરીને તેમનાં અંગો વેચી નાંખતો હોવાની શક્યતા પણ હતી. પાંધેરનો પાડોશી ડોક્ટર ૧૯૯૮માં આવા જ કેસમાં ઝડપાયો હતો પણ છૂટી ગયેલો. પોલીસે દરોડા પાડયા પણ કોઈ પુરાવા નહોતા મળ્યા. ઈન્વેસ્ટિગેશન ટીમે કોલી-પાંધેરે હત્યા કર્યા પછી માનવમાંસ ખાધું હોવાની શક્યતા પણ વ્યક્ત કરી હતી. પીડિતો સાથે બંનેએ ગુજારેલી ક્રૂરતા અને અવશેષોને જોયા પછી ટીમે માનવમાંસનું ભક્ષણની શક્યતા નકારી નહોતી પણ આ અંગે ઉંડી તપાસ થઈ ન હતી. ટ્રાયલ કોર્ટે કોલી-પાંધેરને ફાંસીની સજા ફટકારી ત્યારે બંને હેવાનોને તેમનાં કુકર્મોની સજા મળી છે તેવો અહેસાસ દેશની પ્રજાને થયો હતો. નિઠારી હત્યાકાંડની વિગતો વાંચ્યા પછી દરેક વ્યક્તિને લાગતું હતું કે, બંનેને ફાંસીની જ સજા થવી જોઈએ. ટ્રાયલ કોર્ટના ચુકાદાથી પીડિતોના પરિવારને ન્યાય મળ્યાની લાગણી આખા દેશને થઈ હતી. પરંતુ આટલા વર્ષો પછી હાઈકોર્ટે ચુકાદો જ બદલી દેતાં આ કેસનો લોકોની ધારણાથી વિપરિત અંત આવ્યો છે.

આટલી ઘૃણાસ્પદ ઘટનામાં અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદા બાદ આ કેસના સાચા આરોપીઓ કોણ, તે સવાલ ઉઠ્યો છે. હાઈકોર્ટના ચુકાદાને પગલે નિઠારી કેસમાં બધું ઝીરો થઈ ગયું છે. આટલા મોટા પ્રમાણમાં માનવ અવશેષો મળ્યા પછી તેમની હત્યા માટે કોઈને સજા નથી થઈ. જો કે, સીબીઆઈ હજી પણ હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારી શકે છે.

manoj1968@yahoo. ca






# સુરતમાં જન્મના 4 દિવસમાં બ્રેઈન ડેડ થયેલા બાળકનું અંગદાન, 6 શિશુઓને નવજીવન મળ્યું

## માતા-પિતાએ ઈશ્વર ઈચ્છા સમજીને પોતાના બાળકના અંગોને દાન કરવા સહમતિ આપી

સુરત

શહેરમાં બ્રેઈનડેડ જાહેર થતા બાળકના કિડની, બરોળ, આંખ, લીવરનું પરિવારે દાન કરીને સમાજને નવો રાહ ચિંધ્યો છે. બાળકના જન્મથી મૃત્યુ વચ્ચેના 111 કલાકમાં તેણે 6 લોકોને નવજીવન આપ્યું છે. બાળક જન્મ્યાં બાદ રડ્યું ન હતું કે કોઈ હલનચલન કર્યું ન હતું. ચાઈલ્ડ હોસ્પિટલમાં ICUમાં સારવાર અપાઈ હતી. જો કે, ડોક્ટરે બાળકને બ્રેઈન ડેડ જાહેર કરતાં પરિવારે બાળકના અંગોનું દાન કરવા સહમતી આપી હતી. વિશ્વમાં પણ જન્મના કલાકોમાં અંગદાન કરનાર બીજું જ બાળક છે.હર્ષભાઈ અને ચેતનાબેન સંઘાણીના ઘરે 13 ઓક્ટોબરના રોજ દિકરાનો જન્મ કલરવ હોસ્પિટલમાં થયો હતો. જન્મ પછી બાળક હલનચલન કરતું ન હતું કે એ રડ્યું પણ ન હતું. તપાસ કરતાં તરત તેમણે વિશેષ સારવાર લેવાનું જણાવતાં ડૉ. અતુલ શેલડીયાની કેર ચીલ્ડ્રન હોસ્પીટલમાં દાખલ કર્યું હતું. જે બાદ બાળકને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યું હતું. બાળકના આ સમાચારથી પરિવાર ભારે હ્રદયથી ઈશ્વર ઈચ્છા સ્વિકારીને માત્ર ચાર જ દિવસના બાળકના અંગોનું દાન કરવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો હતો. IKDRCની મદદથી બાળકની બે કીડની, બે આંખ,બરોળ અને લીવરનું દાન લેવામાં આવ્યું હતું. બાળકના તમામ અંગ પણ નાના બાળકોમાં જ ટ્રાન્સપ્લાન્ટ થઈ રહ્યા છે. બંને કિડની અને બરોળ IKDRC અમદાવાદ, લીવર દિલ્હી ILDS હોસ્પિટલ, અને આંખ લોકદ્રષ્ટિ ચક્ષુબેન્ક, સુરતને અપાયું હતું.

# સુરતમાં ખેલૈયાઓએ સાયકલ પર બેસીને અનોખા રાસ-ગરબા કર્યા

સુરત



સુરતમાં નવરાત્રિનો કંઈક અલગ જ રંગ જોવા મળ્યો હતો. સુરતમાં ખેલૈયાઓએ સાયકલ સવારીનો સંદેશ આપતાં સાયકલ પર સવારી કરીને ગરબાનો અવનવા સ્ટેપ્સ રજૂ કર્યા હતાં. પ્રથમ નોરતે સુરત ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા સાયકલ ગરબાનું આયોજન કરાયું હતું. લાલભાઈ ક્રિકેટ સ્ટેડિયમમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેલૈયાઓ સાયકલ પર એક જ સરખા ટીશર્ટ પહેરીને ગરબા રમતા જોવા મળ્યાં હતાં. હાથમાં દાંડિયા સાથે ગરબાની મોજ માણી હતી. ખેલૈયાઓએ કહ્યું કે, આ અનોખો કોન્સેપ્ટ છે. સાયકલ સવારીથી શરીરને તંદુરસ્ત રાખવાનો મેસેજ આપવા માટે અમે આયોજન કર્યું હતું. એક સરખા કપડા પહેરીને એકતાની સાથે શરીરને તંદુરસ્ત રાખવાનો મેસેજ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# સુરતમાં મંદીને પગલે હીરા બજારમાં 6 ટકા વટાવનો ધારો ફરી આવી ગયો

સુરત

હીરા ઉદ્યોગમાં મંદીને કારણે કામકાજ ઓછાં થયાં છે. હીરા બજારમાં પણ વેપાર ખૂબ ઓછો છે. મંદીના બહાને વેપારીઓએ વટાવનો ધારો ફરી પાછો લાગુ કરી દીધો છે. અઢી ત્રણ મહિના પહેલાં રફ અને પોલીશ્ડ નેટ ટુ નેટમાં વેચાતું હતું. અત્યારે અનુક્રમે 4 અને 6 ટકા થઈ ગયું છે. તૈયાર માલમાં કામકાજો ખૂબ ઓછાં છે. 8-10 ટકા ઓછાં ભાવે માલ વેચવો હોય તો વેચાઈ જાય છે. કમાતુ કોઈ જ નથી. તૈયાર માલમાં અત્યારે કોઈ માંગ નથી. હાલમાં વિશ્વના બે છેડે યુદ્ધ ચાલી રહ્યું છે. હીરા બજારમાં વેપારીઓ અને દલાલો સમય કાઢી રહ્યાં છે. તૈયાર માલમાં કોઈ પૂછપરછ નથી અને ખપપુરતી જરૂરિયાત હોય તો માલ મળી પણ જાય છે. હાલમાં મંદીને કારણે વેપારીઓ ૬ ટકા લેસમાં માલ માંગે છે.

## જહાંગીરપુરાની બ્યુટીશીયનના આપઘાતનું પ્રકરણ

# ઓનલાઇન ગેમમાં 50 હજાર હારી જનાર પતિ અને સાથ આપનાર માતા સામે ગુનો

સુરત

જહાંગીરપુરા જીન કમ્પાઉન્ડની સામે રહેતી અને નવેમ્બર 2021 માં પ્રેમલગ્ન કરનાર બ્યુટીશીયન વિદ્યા શ્રેયસ પટેલ એ ગત 13 ઓક્ટોબરના રોજ રહેણાંક ઘરમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જે બાદ તેના પિતા શશીકાંત ભીખુભાઈ પટેલ અને તેમની પત્ની હર્ષાબેન (રહે. સરોલી)ને વિદ્યાની ફ્રેન્ડ યેશાની માતા પદમાબેને જણાવ્યું કે, વિદ્યા પદમાબેન સાથે બ્યુટીપાર્લરનો સામાન લેવા જતી હતી ત્યારે વિદ્યાએ પોતાના મનની વ્યથા ઠાલવતા કહ્યું હતું કે પતિ શ્રેયસ કોઈ ઓનલાઈન ગેમ રમે છે અને તેમાં રૂપિયા હારી જતા પોતાની પાસે માંગે છે અને નહીં આપે તો માર મારે છે. આ અંગે સાસુ પ્રતિમાબેનને ફરીયાદ કરી તો તેઓ પણ શ્રેયસનો સાથ આપે છે. આ ઉપરાંત પતિની માંગણી સંતોષવા રૂ. 10 હજારની પર્સનલ લોન લેવા માટે પણ ગઈ હતી. જેને પગલે શશીકાંત પટેલે જમાઈ શ્રેયસ અને સાસુ પ્રતિમા અશ્વીન પટેલ સામે ફરીયાદ નોંધાવી હતી. જેને પગલે પીએસઆઈ અભિજીતસિંહ ઘરીયાએ વિદ્યાને આપઘાત કરવા મજબૂર કરનાર શ્રેયસ અને તેની માતા પ્રતિમા બેનની ધરપકડ કરી છે.

# હેર ટ્રાન્સપ્લાન્ટ-લેઝર ટ્રીટમેન્ટ કરતા ૧૨ તબીબોને ત્યાંથી ચાર કરોડના વ્યવહાર મળ્યા

સુરત

રાજ્યના સ્કીન તથા હેર ટ્રીટમેન્ટ કરતા ડોકટરોને ત્યાંથી 4 કરોડની ટેક્સચોરી મળી આવી હતી. જીએસટીના અધિકારીઓની ટીમે રાજ્યમાં સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ, ગાંધીધામ, જૂનાગઢ સહિત કુલ ૪૬ જગ્યાએ દરોડા પાડ્યા હતા, જેમાં સુરતમાં ૧૨ સ્થળે દરોડા પડ્યા હતા. સુરત શહેરમાં પાલ, પાર્લેપોઈન્ટ, વરાછા, પૂણા સહિતનાં વિસ્તારોના તબીબો સાણસામાં આવ્યા હતા. સતત બે દિવસ સુધી ચાલેલા દરોડાના અંતે અધિકારીઓએ રૂ. ૮૦ લાખની કરચોરી ઝડપી પાડી હતી. નવાઈની વાત એ છે કે, આ પૈકી અનેક ડોકટરો એવા પણ હતા જેઓ જાણતા જ ન હતા કે હેર ટ્રાન્સપ્લાન્ટ પર જીએસટી લાગે છે. ડોકટરોને ત્યાંથી રોકડ વ્યવહારો મળ્યા હતા.


ગોવર્ધનથાળ

સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

CATERING MENU

| SWEET (4 OZ. OR 2 PC) | FARSHAN (4 OZ. OR 2 PC) | SUBJI/KATORE 4 OZ |
|---|---|---|
| Shrikhand | Khaman Dhokla | Undhiyu |
| Keri no Ras | Sev Khamani | Matter Paneer |
| Mango Matho | Khandhvi/Patudi | Paneer Tikka Masala |
| Ladoo | Khata Dhokla | Chole Chana |
| Magas | Bhajiya (Methi, Dal, Spinach, Chilli) | Rajma |
| Mohanthal/ Loose Mohanthal | Lilva Kachori | Kadhi Pakora |
| Boondi na Ladoo/loose Boondi | Dahi Vada | Bhindi Masala |
| Puron Poli | Cutlet | Pav Bhaji |
| Mal Pooda | White Idada | Aloo Matter |
| Doodh Pak | Sev Roll | Batata Ringan/Onion |
| Rabdi Basundi | Handvo | Tuver Ringan |
| Fruit Salad | Muthiya | Kala Chana |
| Gulab Jamun | Patra | Moong Sprout |
| Doodhi no Halwo | Fulvadi | Karela Onion |
| Gajar no Halwo | Bajri na Vada | Doodhi Chana |
| Suji Siro | | Sev Tamata |
| Lapsi | | Bhinda Potato |
| Kansar | | Tindora Potato |
| Jalebi | | Bangain Bharta |
| | | Mixed Katore |

| DALS 4 OZ. | RICE + ROTI (4 OZ) | SIDES + SALADS |
|---|---|---|
| Gujarati Dal | Plain Rice or Jeera Rice | Papad or Bhungra |
| Kadhi | Kichdi | Salad/Kachumber/Sambar or Bundi Raitu/Cucumber Raitu |
| Onion Dal (non sweet) | Pulav | Pickle |
| Dal fry | Roti - 2/person | |
| Pakoda Kadhi | Poori - 3/person | |
| | Bajra Rotla - 1/person | |

$15/PERSON =
1 SWEET
1 FARSHAN
2 SUBJI/KATORE
1 DAL
1 RICE
1 ROTI
1 SALAD
1 PADAD
1 PICKLE

સ્પેશિયલ ડીલ ફોર નવરાત્રિ, ગરબા ઇવેન્ટ
દાબેલી $ 1.50/Each | વડાપાંઉ $ 1.50/Each | પાપડીનો લોટ $ 1.50/Each

MENU ADD ONS

APPETIZERS $3/PERSON
Samosa Chaat - 8 oz
Aloo Tiki Chaat - 8 oz
Pani Puri - 8 Pc
Sev Puri - 8 Pc
Live Bhajiya - 6 Pc
Mini Masala Idli - 6 Pc
Idli - 3 Pc
Meduvada - 3 Pc
Khichu - 8 oz
Dabeli/Vada Pav - 2 Pc
Bhel - 8 oz
Bhel Puri Chaat - 8 oz
Mexican Bhel - 8 oz
Paneer Tikka Swekers - 2 Pc
Sandwich Dokhla - 6 Pc
Dabeli Roll - 2 Pc
Masala Papad - 2 Pc
Spring Roll - 6 Pc
Chinese Noddles - 8 oz
Paneer Frankie/Veg Frankie - 1 Pc
Onion Uttapum - 1 Pc
Fried Mogo - 8 Pc

DESSERTS $1/PERSON
Paan - 1 Pc

DRINKS 1 CUP
Chaas - $1
Masala Chai - $2
Masala Soda - $2
Mango Lassi - $3
Rose Falooda - $3

SCARBOROUGH
840 Markham Road
416-438-0544

BRAMPTON
90 Eastern Ave Unit 20B
905-799-0013

THORNHILL
1470 Centre Street Unit 13
905-597-5777

PICKERING
512 KINGSTON RD. UNIT 2,
905-839-3277

For any questions or inquiries - please call Catering Specialist:
Tushar Shah: 416 - 434 - 8121

Special Note:
1. If the order is more than 50 people - complimentary serving with 2 people is included and/or delivery within 50 km included
2. If order is less than 50 people - serving and/or delivery is extra
3. $50 deposit for bucket and trays and $100 if warmers are required

# ગાંધીનગર નજીક ડમ્પિંગ સાઈટનો વિરોધ લડતમાં સાદરાને બાજુના 10 ગામનો ટેકો

## કલેકટરને આવેદન અપાયું, ગ્રામજનો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની પણ ચીમકી

**ગાંધીનગર**

રાજ્યના પાટનગર ગાંધીનગરની મહાનગરપાલિકા પાસે હજી સુધી કોઈ ડમ્પીંગ સાઈટ નથી ત્યારે પેથાપુરમાં સરકાર દ્વારા જગ્યા ફાળવવામાં આવી હતી પરંતુ ત્યાં સ્થાનિકોના વિરોધને કારણે કોર્પોરેશન કામ આગળ ધપાવી શકતું ન હતું અને અહીં ડમ્પીંગ સાહેબ નહીં વિકસાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો ત્યારે કોર્પોરેશન દ્વારા સરકાર પાસેથી ડમ્પિંગ સાઈટ માટે અન્ય જગ્યાઓ માંગવામાં આવી હતી.



જે પૈકી સાદરા ગામમાં ૫૦ એકર જેટલી જગ્યા ફાળવવામાં આવી છે. જે માટે કાર્પોરેશનને ૫.૪૨ કરોડ રૂપિયાની રકમ પણ જમા કરાવવાની રહેશે. જોકે જે સમયે ડમ્પીંગ સાઈટ માટે જગ્યા પસંદ કરવામાં આવી રહી હતી તે સમયથી સાદરાના ગ્રામજનો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો પરંતુ તેમની રજૂઆતોને ધ્યાને લીધા વગર સરકાર દ્વારા અહીં ડમ્પીંગ સાઈટ ફાળવવાના નિર્ણય કરવામાં આવ્યો છે. જેથી ગ્રામજનો દ્વારા આ નિર્ણયના વિરોધમાં જિલ્લા કલેકટરને આવેદનપત્ર પણ આપવામાં આવ્યું હતું અને ડમ્પિંગ સાઈટ માટે જગ્યા ફાળવવાનો નિર્ણય રદ કરવા માટે માંગણી કરી હતી.

# આણંદમાં અત્યાર સુધીમાં ડેન્ગ્યૂના 10 અને મલેરિયાના 2 કેસ નોંધાયા

**આણંદ**

આણંદ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉચક્યું છે. આણંદ જિલ્લામાં અત્યાર સુધીમા ંકુલ ૧૦ ડેન્ગ્યુના કેસ અને બે મેલેરીયાના કેસ નોંધાયા છે. મચ્છરજન્ય રોગચાળાને નાથવા માટે જિલ્લા આરોગ્ય તંત્રની ટીમો દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. સાથે સાથે આરોગ્ય વિભાગે મચ્છરજન્ય રોગચાળો અટકાવવા માટે માર્ગદર્શિકા જાહેર કરી લોક સહકારની અપીલ પણ કરી છે. આણંદ જિલ્લામાં અત્યાર સુધી મેલેરિયાના બે કેસ પ્રકાશમાં આવ્યા છે જે સરકારી હોસ્પિટલમાં નોંધાયા છે. જ્યારે ડેન્ગ્યુના ૪ સરકારી અને ૬ ખાનગી મળી કુલ ૧૦ કેસ નોંધાયા છે. મચ્છરજન્ય રોગચાળાને નાથવા માટે આરોગ્ય વિભાગની ટીમો દ્વારા ૨,૦૮,૪૪૧ મકાનોનો સર્વે કરવામાં આવ્યો છે અને ૨,૫૮૪ પાત્રોમાં પોરા મળતા ૧,૭૩૬ પાત્રોમાંથી પોરાનો નાશ કરાયો હતો. સાથે સાથે દવા છંટકાવ તથા ફોગિંગની કામગીરી પણ તેજ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪માં ક્લાઈમેટ ચેન્જના કારણે ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનીયા જેવા મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉચક્યું છે ત્યારે લોકસહકાર ન મળે તો આવા કેસોની સંખ્યા વધવાની શક્યતા છે.

# નડિયાદના વેપારીને લોન મંજૂર કરાવી દેવાની લાલચ આપી 30 લાખની ઠગાઈ

**નડિયાદ**

નડિયાદના વેપારીને મિત્રના ઓળખીતાઓ પર ભરોસો કરવો ભારે પડયો છે.

નડિયાદના પવનચક્કી રોડ યોગીદર્શન ટાઉનશીપમાં રહેતા અને ઈન્કમટેક્ષ કન્સ્લટન્ટની ઓફીસ ધરાવતા નૈષધભાઈ રસીકલાલ શાહને 2013માં તેમના મિત્ર વિપુલભાઈએ જણાવ્યું હતું કે તેમના સંબંધી કણજરીના હંસાબેનના સંબંધી કૌશિક કાંતિભાઈ મેઘા (રહે. મહેમદાવાદ, આસુતોષ સોસાયટી) ને ભેંસોના તબેલા માટે લોનલેવાની હોય, ડિપોઝીટ પેટે રુ.45 લાખની જરૂર છે. કૌશિક, તેમની પત્નિ ભારતી અને નાનો ભાઈ ત્રિભુવન મેઘાની લોન પાસે થયેલ છે. ત્રણેયની 40-40 લાખની લોન પાસની પ્રોસેસ ચાલુ છે. ત્રણ મહિનામાં લોન પાસ થશે. પણ તે પહેલાં ત્રણેયના ખાતામાં 15-15 લાખની ડિપોઝીટ જમા કરાવવાની છે. જેથી નૈષધભાઈએ પોતાની પાસે 45 લાખ નહીં 30 લાખ વ્યવસ્થા કરી આપી હતી. જો કે ઈસમોએ વર્ષો વિત્યા બાદ પણ રુપિયા પરત ન કરતાં આખરે આ મામલે નૈષધભાઈએ કૌશિક મેઘા, તેમની પત્નિ અને નાનાભાઈ વિરુદ્ધ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# વડોદરા મ્યુનિ. કોર્પોરેશનની આર્થિક પરિસ્થિતિ ડામાડોળ : રૂ. 532 કરોડની જમીન વેચવા કાઢી

**વડોદરા**

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની આર્થિક પરિસ્થિતિ છેલ્લા કેટલાક વર્ષથી ડામાડોળ થઈ છે તેની પાછળ વધુ ભાવના ટેન્ડરોને કારણે પ્રોજેક્ટમાં નક્કી થયેલો કોર્પોરેશનના ફાળા કરતા વધુ ફાળો આપવો પડે છે તેવે સમયે કોર્પોરેશનએ હવે જમીનના પ્લોટો વેચવાનો વારો આવ્યો છે જે અંગેની સ્થાયી સમિતિમાં રજૂ થયેલી દરખાસ્તમાં રૂપિયા 532.46 કરોડની કિંમતના સાત પ્લોટ વેચાણ માટેની પ્રક્રિયા કરવાની મંજૂરી માંગી છે. સ્થાયી સમિતિમાં રજૂ થયેલી દરખાસ્તમાં જણાવ્યું છે કે વડોદરા



કોર્પોરેશનને ટીપી એક્ટ હેઠળ પ્રાપ્ત થયેલા વિવિધ પ્લોટો વેચાણથી આપવા માટે જમીનની મિનિમમ અપસેટ વેલ્યુ નક્કી કરવા સરકારના શહેરી વિકાસ સત્તા મંડળોના રેગ્યુલેશન 2002 ના પરિપત્ર મુજબ વેલ્યુએશન કમિટીની રચના કર્યા બાદ તેની બેઠક વુંડા ખાતે મળી હતી. જેમાં વડોદરા કોર્પોરેશન હસ્તકના સાત પ્લોટનું વેલ્યુએશન નક્કી કરવામાં આવ્યું હતું.

દરખાસ્તમાં સાત પ્લોટ સરકારી અર્ધ સરકારી તેમજ લોકલ ઓથોરિટીને જાહેર હરાજી સિવાય સીધી ફાળવણી કરવા અને બિનજરૂરી સમય વ્યતિત થાય નહીં તે કારણોસર સારા સારનો વિચાર કરી જાહેર હરાજીમાં મિનિમમ અપસેટ વેલ્યુ ની સામે બોલવામાં આવેલી મહત્તમ બોલીને ગ્રાહ્ય રાખી ફાળવણી કરવા તેમજ અન્ય જરૂરી કાર્યવાહી કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશનરને આપવા દરખાસ્ત માં જણાવ્યું છે.

# તરસાલીમાં ભાણેજે માસીની હત્યા કરવા 2 લાખની સોપારી આપી હોવાનો ઘટસ્ફોટ

**વડોદરા**

તરસાલી અમીન ખડકીમાં રહેતા ૬૭ વર્ષના સુલોચનાબેન હસમુખભાઈ અમીનને તેમના ભાણેજ નયન ઉર્ફે લાલુ અતુલભાઈ અમીન તથા અન્ય એક કૌટુંબિક ભત્રીજા હેમંત પટેલે ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી હતી.

મકરપુરા પોલીસે બંને આરોપીઓને ઝડપી પાડી ઘનિષ્ઠ પૂછપરછ હાથ ધરી છે. પૂછપરછ અને તપાસ દરમિયાન એવી વિગતો જાણવા મળી છે કે, રાતે દશ વાગ્યે નયન અને હેમંતે મર્ડના પ્લાનિંગને આખરી ઓપ આપ્યો હતો. ઘરમાં ચાકૂ ક્યાં મૂક્યું છે ? તે અંગે તેને હેમંતને વાકેફ કરી દીધો હતો. ત્યારબાદ નયન ઘરની બહાર નીકળી ગયો હતો. અને હેમંતે સુલોચનાબેનના રૂમનો દરવાજો ખખડાવ્યો હતો. સુલોચનાબેને દરવાજો ખોલતા જ હેમંતે ચાકૂ બતાવતા સુલોચનાબેન ડરી ગયા હતા. અને બૂમાબૂમ શરૂ કરી હતી. જેથી, હેમંતે તેઓને પેટમાં ચાકૂનો ઘા મારતા સુલોચનાબેન જમીન પર પડી ગયા હતા. દશ મિનિટ સુધી હેમંતે સુલોચનાબેનનું મોંઢું દબાવી રાખ્યું હતું. ૧૦૦ કરોડના પ્રોપર્ટીમાં મનદુખ થતા ૬૭ વર્ષના માસીની હત્યા કરવા ભાણેજ નયન અમીને મર્ડર કરવા માટે હેમંત પટેલને બે લાખમાં સોપારી આપી હોવાનો ખુલાસો કર્યો છે.

# અંબાજી મંદિરમાં નિયમ બદલાયો : હવે ચોકમાં મહિલા - પુરૂષો સાથે ગરબા રમશે

**અંબાજી**

અંબાજીમાં મહિલાઓ અને પુરૂષો માટે અલગ ગરબાના આયોજન મુદ્દે વિવાદ થતા મંદિર પ્રશાસનને નિયમ બદલવાની ફરજ પડી છે. હવે માઈભક્તો તેમના પરિવાર સાથે ચાચરચોકમાં ગરબા રમી શકશે.

અગાઉ ટ્રસ્ટ દ્વારા જે નિયમ લેવાયો હતો તેમાં મહિલાઓ અને પુરૂષો માટે ગરબા રમવાની અલગ વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. જેમાં ચાચરચોકમાં ફક્ત મહિલાઓને જ ગરબા રમવાની મંજૂરી હતી જ્યારે પુરૂષો માટે શક્તિદ્વારથી પિત્તળ ગેટ સુધીના વિસ્તારમાં ગરબા રમવાની વ્યવસ્થા ઉભી થઈ હતી. મહિલાઓની ગરિમા જળવાઈ રહે તે માટે આ વર્ષે આ પ્રકારે અલાયદી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. નવરાત્રિ દરમિયાન હૃદયપીઠમાં મોટી સંખ્યામાં માઈભક્તો દર્શનાર્થે ઉમટે છે અને ગરબે ઘૂમે છે. જો કે આ નિયમને પગલે માઈભક્તો રોષે ભરાયા હતા અને નિયમ બદલવાની માગ કરવામાં આવી હતી. આથી હવે ચાચર ચોકમાં જ બે અલગ અલગ લાઈનો કરીને મહિલાઓ અને પુરૂષો સાથે ગરબા રમી શકશે. જો કે ગરબા રમવા માટે કે જોવા માટે આવનારા તમામ વ્યક્તિઓએ ફરજિયાત આઈડી કાર્ડ બતાવવું પડશે. જ્યારે ચાચર ચોકમાં આધારકાર્ડ, લાયસન્સ કોપી જેવા ફોટો આઈડી કાર્ડથી જ પ્રવેશ આપવામાં આવશે.

# વડોદરામાં જન્મજાત હૃદય રોગથી પીડાતાં 75 બાળકોની સર્જરી કરાઈ

**ભંડારિયા**

વડોદરા જિલ્લાની ધીરજ હોસ્પિટલ ખાતે આયુષ્યમાન કાર્ડ ના લાભ મેળવી જન્મથી જ હૃદયની બીમારી વાળા 75 બાળકો ની સફળતાપૂર્વક સર્જરી કરવામાં આવી હતી. ધીરજ હોસ્પિટલ એ મધ્ય ગુજરાતની સૌથી મોટી ૧૫૦૦ થી વધારે પથારી ની સુવિધા વાળી મલ્ટિ સુપર સ્પેશિયાલિટી સેવાભાવી હોસ્પિટલ છે. હાલ મા ધીરજ હોસ્પિટલ વિનામૂલ્યએ દર્દીઓની સેવા કરી રહી છે. ધીરજ હોસ્પિટલની કાર્ડિયોલોજી વિભાગની ટીમ જેમાં ડૉ. માનવેન્દ્ર (સી.ટી.વી.એસ સર્જન), ડૉ. ચિંતન ભટ્ટ (પેડિયાટ્રિક કાર્ડિયોલોજિસ્ટ), ડૉ. કલ્પેશ પાટીલ (કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ), ડૉ. સિનોશ મેથ્યુ (કાર્ડિયોલોજિસ્ટ) અને સહાયક ટીમ દ્વારા જન્મજાત હૃદયના રોગોથી પીડિત 75 બાળકોની સફળ સર્જરી કરવામાં આવી હતી.

# ખેડા મારપીટ કેસમાં પોલીસકર્મીઓ દોષિત ઠર્યા, 14 દિવસની સજા કરાઈ

**ખેડા**

ગત વર્ષે નવરાત્રિ દરમિયાન ખેડા જીલ્લાના ઊંઢેના ગામમાં ગરબાના એક કાર્યક્રમ પર પથ્થરમારો કરનારા આરોપીઓને પોલીસ અધિકારીઓ દ્વારા જાહેરમાં માર મારવાના કેસમાં ગુજરાત હાઈ કોર્ટે પોતાનો ચુકાદો સંભળાવ્યો છે. હાઈ કોર્ટે ચારેય આરોપી પોલીસકર્મીઓને દોષિત ઠેરવ્યા હતા અને કોર્ટે તમામને 14 દિવસની જેલની સજા ફટકારી છે.

હાઈકોર્ટે કહ્યું કે, જો તેમને માફ કરવામાં આવશે તો આગામી દિવસોમાં તમામ પોલીસકર્મીઓ ચોક પર આવી રીતે જાહેરમાં આરોપીઓને સજા આપવાનું શરૂ કરશે, જે કોર્ટ ઓફ લો અપમાન છે. ચારેય આરોપીઓને કોર્ટની અવમાનના બદલ સજા ફટકારવામાં આવી હતી. આ ઉપરાંત 2000 રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. કોર્ટે કહ્યું કે અમે આ નિર્ણય આપતા દુઃખ અનુભવીએ છીએ પરંતુ અમે કાયદાથી બંધાયેલા છીએ. ન્યાયમૂર્તિ એએસ સુપેહિયા અને ગીતા ગોપીની બેન્ચે પોલીસ દ્વારા જાહેરમાં માર મારવાના કૃત્યને “અમાનવીય” અને “માનવતા વિરુદ્ધનું કૃત્ય” ગણાવ્યું હતું. કોર્ટે એ પણ નોંધ્યું છે કે ધરપકડ કરાયેલ વ્યક્તિ પસે જીવનનો અધિકાર છે જેમાં ગૌરવ સાથે જીવવાનો અધિકાર પણ સામેલ છે.

# વડોદરામાં ગરબા ગ્રાઉન્ડના વીજ ટાવર ઉપર ચડી શ્રમજીવીએ ફાંસો ખાધો

**વડોદરા**

વડોદરામાં નવલખી મેદાનના ગરબા ગ્રાઉન્ડ માં બનાવેલા વીજ ટાવર પર એક શ્રમજીવી વ્યક્તિ એ ઉપર ચડી જઈ વાયર વડે ગળેફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવી દીધું હતું. મૃતદેહ વીજ ટાવર પર લટકતો જોઈ સવારે મોર્નિંગ વોક માં આવનારા વ્યક્તિઓએ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. અંદાજીત 22 ફૂટ ઉપર આવેલા લાઈટ ના ટાવર પર લટકી ને જીવન દોરી ટૂંકાવનાર શ્રમજીવી ના મૃતદેહ ને નીચે ઉતર્યો હતો, ઘટનાં વહેલી સવાર ની છે. મોડી રાત્રે ગરબા પૂરા થયા બાદ સિક્યુરિટી કે અન્ય મંડપ વાળા મેદાનમાં રોકાતા હોતા નથી. જેથી શ્રમજીવીએ વીજ ટાવર પર ચડી જઈ પોતાનું જીવન ટૂંકાવ્યું હતું. ટાવર પર ચડતા કોઈ રાહદારી કે મોર્નિંગ વોકરની નજર પડી નહતી.

# થાનગઢ હત્યા કેસ: 11 વર્ષે પણ રિપોર્ટનો ઈંતજાર, હાઈકોર્ટે સરકારને ખખડાવી

**સુરેન્દ્રનગર**

11 વર્ષ પહેલા સુરેન્દ્રનગર જીલ્લાના થાનગઢમાં પોલીસ ગોળીબારમાં ત્રણ દલિત યુવાનોના મોતની ઘટના અંગે તપાસ અહેવાલ જાહેર કરવાનો રાજ્ય સરકાર દ્વારા ઈન્કાર કરવામાં આવતા ગુજરાત હાઈકોર્ટે કડક વલણ દાખવ્યું હતું. કોર્ટે રાજ્ય સરકારને કહ્યું કે 'જવાબ આપવાની હિંમત રાખો.' સરકારે તપાસ અહેવાલની નકલ માંગતી અરજીનો વિરોધ કર્યો હતો. હાઈ કોર્ટે કહ્યું કે અમે જાણવા માંગીએ છીએ કે તપાસ રીપોર્ટમાં એવું તો શું છે કે રાજ્ય સરકાર કંઈ જવાબ આપવા સક્ષમ નથી.

આ હત્યાકાંડનો મામલો સપ્ટેમ્બર 2012નો છે, જ્યારે મેળામાં ઝઘડા દરમિયાન પોલીસે ગોળીબાર કર્યો હતો, જેના પરિણામે પંકજ સુમરા, મેહુલ રાઠોડ અને પ્રકાશ પરમાર નામના ત્રણ દલિત યુવકોનું મોત નીપજ્યું હતું. જનઆક્રોશ બાદ, રાજ્ય સરકારે આ ઘટનાની તપાસ માટે સમાજ કલ્યાણ વિભાગના તત્કાલીન સચિવ સંજય પ્રસાદની નિમણૂક કરી. તેમણે મુખ્ય સચિવને રિપોર્ટ સોંપ્યો. જો કે આ તપાસના તારણો જાહેર કરવામાં આવ્યા નથી.

મૃતક યુવક મેહુલ રાઠોડના પિતા વાલજીભાઈ રાઠોડે પહેલા માહિતી અધિકાર અધિનિયમ (RTI) હેઠળ રિપોર્ટ મેળવવા અરજી કરી હતી જે નકારવામાં આવતાં તેમણે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. તેઓ તપાસ રિપોર્ટ મેળવવા વારંવાર માગણી કરી રહ્યા છે.

તાજેતરની સુનાવણી દરમિયાન, અરજદારના વકીલે દલીલ કરી હતી કે રાજ્ય સરકાર RTI હેઠળ અહેવાલ આપવાનો સતત ઈનકાર કરી રહી છે અને કહેવામાં આવે છે કે અરજી વિચારણા હેઠળ છે. સરકારે અહેવાલ રાજ્યની વિધાનસભા સમક્ષ મૂકવાની માંગ કરતી અરજીનો પણ વિરોધ કર્યો છે. સરકાર કહી રહી છે કે સત્તાવાર ગુપ્ત દસ્તાવેજ જાહેર કરી શકાય નહિ. એક પિતા તેના યુવાન પુત્રને ગુમાવ્યા પછી 11 વર્ષથી રિપોર્ટની રાહ જોઈ રહ્યા છે.

# ખાંભાના સમઢિયાળામાં ત્રણના ડૂબી જતાં મોત, પરિવારનો માળો વીંખાયો

**અમરેલી**

અમરેલીના ખાંભાના મોટા સમઢીયાળા ગામ નજીક આવેલ તળાવમાં અચાનક પિતા, પુત્ર અને પુત્રીની તળાવમાંથી લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. એક જ પરિવારના 3 લોકોના ડૂબી જવાથી મોત થતાં એક પરિવારનો માળો વીખાઈ ગયો છે. પિતા, પુત્ર અને પુત્રીના મૃતદેહને તળાવમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. પિતા, પુત્ર તેમજ પુત્રીએ આત્મહત્યા કરી કે કેમ આ પ્રકારની ચર્ચા આસપાસના પંથકમાં જામી હતી અને લોકોએ આ ઘટનાને ટોક ઓફ ધ ટાઉન બનાવી દીધી હતી એકીસાથે તળાવમાંથી 3 લોકોના મૃતદેહો મળવાની જાણકારી મળતા પોલીસ સ્ટાફ પણ ચોંકી ઉઠ્યો હતો અને તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળે આવતા જ કામગીરી સંભાળી લીધી હતી. અને તમામ મૃતદેહોને તળાવમાંથી બહાર કાઢવાની તજવીજ હાથ ધરી હતી. આ પછી ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા.

# સૌરાષ્ટ્રમાં 24 કલાકમાં 6 યુવકના હાર્ટ એટેકથી મોત થતાં ચકચાર

## અમરેલીમાં 2, જામનગરમાં 2 અને દ્વારકા જિલ્લામાં 2 લોકોએ હાર્ટ એટેકના કારણે જીવ ગુમાવ્યો હતો

**જામનગર**



ગુજરાતમાં અમરેલી, જામનગર, દ્વારકા આ ત્રણેય જિલ્લાઓમાં એક જ દિવસમાં સામે આવેલી હાર્ટ એટેકની ઘટનાઓમાં 6 લોકોના મોત નીપજ્યા છે. અમરેલીમાં 2, જામનગરમાં 2 અને દ્વારકા જિલ્લામાં 2 લોકોએ હાર્ટ એટેકના કારણે જીવ ગુમાવ્યો છે. જેને પગલે પરિવારમાં માતમ છવાયો છે.

જામનગરમાં ગુરુવારે એક રિક્ષાચાલકને ચાલુ ડ્રાઈવિંગએ હાર્ટ એટેક આવી જતા તેઓ રસ્તા પર પટકાયા હતા અને મોત નીપજ્યું હતું. આજની ઘટનામાં 23 વર્ષીય યુવાને રામાપીરના આખ્યાન દરમિયાન હાર્ટ એટેક આવ્યો હતો અને મૃત્યુ પામ્યો હતો. જામનગર નજીક આવેલા પીપળી પાટિયા પાસે એક ટ્રકચાલકનું હાર્ટ એટેકથી મોત થયું હતું.

દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં હાર્ટ એટેકથી 2 ખેડૂતોના મોત નીપજ્યા છે. ખેતીકામ કરતા સમયે જ કાર્ડિયાક એરેસ્ટને કારણે તેઓ મૃત્યુ પામ્યા હતા. અમરેલીના રાજુલામાં એક ખેલૈયાને હાર્ટ એટેક આવતા તેનું મૃત્યુ થયું હતું.

યુવાનોમાં હાર્ટ એટેકનું વધતું પ્રમાણ ચિંતાનો વિષય છે. સામાન્ય દિનચર્યા સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓ કરતા કરતા યુવાનો હાર્ટ એટેકના કારણે મોતને ભેટે છે જે આશ્ચર્યની વાત છે. કેટલાક કિસ્સાઓમાં તો ગરબાની પ્રેકટિસ કરતા યુવાનો, કસરત કરતા કે ક્રિકેટ રમતા યુવાનોમાં હાર્ટ એટેક આવી જતા મૃત્યુ પામતા હોવાની ઘટનાઓ બની છે.










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# વિરપુરમાં ભાજપ અગ્રણી દ્વારા પુત્રીના પ્રેમીનું અપહરણ કરી હત્યા

## જેતપુર તાલુકા પંચાયતના ઉપપ્રમુખનાં પતિ સહિત નવ શખ્સોનું કૃત્ય, યુવાનને વાડીમાં ગોંધી રાખીને ધોકા-પાઈપથી માર મરાયો

**જેતપુર**

જેતપુર પંથકમાં ઓનર કિલીંગનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વિરપુર ખાતે રહેતા મોબાઈલના ધંધાર્થી યુવાનને જેતપુર તાલુકા પંચાયતનાં મહિલા ઉપપ્રમુખ અને ભાજપ આગેવાનની પુત્રી સાથે પ્રેમસંબંધ હોવાની તેણીનાં પરિવારજનોને જાણ થઈ જતાં ગઈકાલે પોતાના આઠ સાગ્રીતોની મદદથી યુવાનનું કારમાં અપહરણ કરીને વાડીમાં લઈ જઈ અમાનુષી માર મારીને મોતને ઘાટ ઉતારી દેતાં સનસનાટી મચી જવા પામી છે. આ બનાવ અંગે પોલીસે પૂર્વાયોજીત કાવતરું રચી યુવાનનું અપહરણ કરી હત્યા કરવા અંગેનો મહિલા ઉપપ્રમુખનાં પતિ એવા ભાજપ આગેવાન સહિત નવ શખ્સો સામે ગુનો નોંધી સાતની ધરપકડ કરી લીધી છે.

વિગતો મુજબ, વિરપુર બસ સ્ટેશન પાસે રહેતા અને મેઈન બજારમાં કૈલાસ પાન નામની દુકાન ધરાવતાં ઉમેશ નટુભાઈ બારૈયા (ઉ. 49)એ વિરપુર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જેતપુર તાલુકા પંચાયતના ઉપપ્રમુખનાં પતિ રાજેશ નારણભાઈ બારૈયા તેમજ તેના સાગ્રીતો નિતીન રમેશભાઈ મકવાણા, ઉમેશ ખોડાભાઈ ગોહિલ, ચંદ્રેશ લલિતભાઈ કંડોલીયા, ગજાનન ખોડાભાઈ ગોહેલ, મયુર પરષોતમભાઈ મેર, અલ્ફેજખાન




સુજાતખાન પઠાણ, વિક્રમ વિરજીભાઈ મેર અને લલિત દિનેશભાઈ રૂદ્રાત્રાનું નામ આપ્યા છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ગઈકાલે સાંજના ફરિયાદીનો નાનો ભાઈ હિતેશ ઉર્ફે હિતેન નટુભાઈ બારૈયા જલારામનગર રોડ ઉપર આવેલ સરકારક કવાર્ટર પાસે બેઠો હતો ત્યારે ભાજપના આગેવાન રાજેશ નારણભાઈ બારૈયા સહિતના શખ્સો ફોર વ્હીલ કાર અને બાઈકમાં ધસી આવી હિતેશનું બળજબરીથી અપહરણ કરી ગયા હતાં. આ બનાવની મોટાબાપુ કેશવભાઈ બારૈયાને જાણ થતાં પરિવારજનો દ્વારા હિતેશની શોધખોળ શરૂ કરી હતી, પરંતુ તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો. જ્યારે ફોન કરતાં હિતેશનો કોઈ ફોન ઉપાડતું ન હતું. જ્યારે ઘટના સ્થળે પુછપરછ કરતાં કારમાં આવેલા રાજેશ બારૈયા સહિતના નવ શખ્સો દ્વારા હિતેશનું અપહરણ કરી ગયાની માહિતી મળી હતી.

બાદમાં રાત્રીના હિતેશનો ફોન રિસીવ થયો હતો અને રાજુ બારૈયા એ વાતચીત કરતાં જણાવ્યું હતું કે, 'હિતેશ બે કલાકમાં મળી જશે. ઉપાધી કરતાં નહીં. આજે મારી માનતા પુરી થઈ જશે', તેમ કહી ફોન કાપી નાખ્યો હતો. બાદમાં મોડીરાત્રીનાં હિતેશના મોબાઈલમાંથી મોટાબાપુ કેશવભાઈ બારૈયાના મોબાઈલમાં વોટસએપ્પ કોલ આવ્યો હતો અને રાજુ બારૈયાએ વોટસએપ કોલમાં વાતચીત કરતાં જણાવ્યું હતું કે 'હિતેન ઉર્ફે હિતેશને મારી પાળ વાડીએ આવી ને લઈ જાવ' તેમ કહેતા ફરિયાદી અને તેના પરિવારજનો રાજુ બારૈયાની વાડીએ દોડી ગયા હતાં.

# ભાવનગરમાં અપહરણ, 1 કરોડની ખંડણીના કેસમાં ચારને 3 વર્ષની કેદ

**ભાવનગર**

રસાલા કેમ્પ વિસ્તારમાં રહેતા સિંધી વેપારીનો પુત્ર ગત તા.૫-૪-૨૦૧૯ના રોજ રાત્રિના સમયે તેના મિત્રનું એક્ટીવા લઈ અન્ય મિત્રને સિંધુનગર મુકવા જઈ રહ્યો હતો. ત્યારે જવાહર મેદાનમાં એક ગ્રે કલરની ઈકો કાર લઈને આવેલા જયેશ મુળચંદભાઈ ચેતવાણી, કિશન અશોકભાઈ રોહીડા, મોહિત મનોજભાઈ ગેહિજા, પ્રશાંત રસિકભાઈ પાઠક અને એક સગીરે છરીની અણીએ તેનું અપહરણ કરી મોબાઈલ આંચકી તેના પિતા પાસેથી એક કલાકમાં એક કરોડ આપી પુત્રને છોડાવી જવા ધમકી આપી હતી.

દરમિયાનમાં આ અંગેનો કેસ આજે ભાવનગરના પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ એલ.એસ. પીરઝાદાની અદાલતમાં ચાલી જતાં જયેશ ચેતવાણી, મોહિત ગેહિજા, પ્રશાંત પાઠક નામના શખ્સોને કસુરવાન ઠેરવી ત્રણ વર્ષની કેદની સજા, રોકડ રૂા.૫,૦૦૦નો દંડ, દંડ ન ભરે તો વધુ ૬ માસની કેદ, આઈપીસી ૧૨૦ (બી) મુજબ તમામ આરોપીઓને બે વર્ષની કેદની સજા, ત્રણ હજારનો દંડ તેમજ પ્રશાંત પાઠકને જીપીએ ૧૩૫ મુજબ ત્રણ માસ કેદની સજા અને રોકડ રૂા.૧૦૦નો દંડ ફટકાર્યો હતો.

# જામનગરમાં અંધશ્રધ્ધામાં ડૂબેલા ભાઈ અને બહેને 15 વર્ષની બહેનને મોતને ઘાટ ઉતારી

## બહેનને સુવડાવી બન્નેએ લાકડી-છરીનાં ઘા ઝીંકી લાશ પાસે 24 કલાક ધૂણતા રહ્યા

**જામનગર**

મૂળ દાહોદના વતની અને હાલ ધ્રોલ તાલુકાના હજામચોરા ગામમાં રહેતા ખેડૂત બીપીનભાઈ ગોપાલભાઈ બારૈયા ની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા રાકેશ છગનભાઈ તડવી તેની બહેન સવિતાબેન છગનભાઈ તડવી જે બંનેએ પોતાની જ સગી નાની બહેન શારદાબેન (ઉ.વ. 15) ને પોતાની ઓરડીમાં માતાજીના પાઠ રાખ્યા હતા, અને ઓરડીમાં નિર્વસ્ત્ર કરી સુવડાવી દઈ મોટા ભાઈ-બહેને લાકડી અને છરીના ઘા મારીને હત્યા નીપજાવી હતી. અને ત્યારબાદ બંને ભાઈ-બહેન ધુણવા લાગ્યા હતા. બનાવ બુધવારે સવારે બન્યો હતો, ત્યારબાદ ૨૪ કલાક સુધી હત્યા કરાયેલો મૃતદેહ ઓરડીમાં મૂકી રાખ્યો હતો, અને બંને ભાઈ-બહેન ઘરમાં ધૂણતા રહયા હતા. વાડીમાલિકને સમગ્ર ઘટનાની જાણ થતાં તેમણે તુરંત જ ધ્રોલ પોલીસને જાણ કરી હતી. જેથી ધ્રોલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. પી.જી. પનારા અને તેમની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને હત્યારા બંને ભાઈ-બહેનોને અટકાયતમાં લઈ લીધા પછી શારદાબેનના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યુ છે, જ્યારે હત્યા માટે ઉપયોગમાં લેવાયેલી લાકડી અને છરી સહિતના હથીયાર કબ્જે કરી લેવાયા છે. મોટો ભાઈ રાકેશ છગનભાઈ અને સવિતા છગનભાઈ બંને સામે ધ્રોલ પોલીસે આઈપીસી કલમ ૩૦૨,૧૧૪ તથા જીપીએકટ કલમ ૧૩૫-૧ મુજબ ગુન્હો નોંધ્યો છે, અને વાડી માલિક બીપીનભાઈ ગોપાલભાઈ બારૈયા ને ફરિયાદી બનાવ્યા છે.

# મુંદ્રા સોપારી કાંડમાં ગાંધીધામના પંકીલ મહોતાની ધરપકડ, 3 દિવસના રિમાન્ડ

**ભુજ**

મુંદરાના ચકચારી સોપારી કાંડમાં વચેટિયાનો રોલ ભજવનારા ગાંધીધામના પંકીલ સુનિલભાઇ મોહતાની ધરપકડ કર્યા બાદ પોલીસે ૧૪ દિવસના રિમાન્ડ માટે કોર્ટમાં રજુ કર્યો હતો. અદાલતે આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

ગત ૧૩ એપ્રિલના બોર્ડર રેન્જ સાયબર ક્રાઈમ ભુજની ટીમે મુંદરા વિસ્તારમાં એક ગોડાઉનમાં બાતમી પરથી દરોડો પાડયો હતો. દરોડા દરમિયાન સોપારીથી ભરેલી બે ટ્રકો પકડાઇ હતી. તેમજ એક ટ્રક સામખીયાળી પોલીસે ઝડપી પાડી હતી. આ કેસમાં મુંબઈ રહેતા ગોડાઉન માલિક અનિલ પંડીતને ધમકી આપી ફરિયાદથી બચવા ચાર પોલીસ કર્મી સહિતનાઓએ ૩.૭૫ કરોડની તોડનો કારસો રચ્યો હતો. બાદમાં ગોડાઉનના મેનેજરનું કારમાં અપહરણ કરી ગયા હતા. બાદમાં ફરિયાદીએ રેન્જ આઈજી સમક્ષ લેખિત ફરિયાદ આપી હતી. આ સમગ્ર પ્રકરણમાં આઈજીએ સાયબર ક્રાઈમના કિરીટસિંહ બળદેવસિંહ ઝાલા, રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ઝાલા, રણવીરસિંહ જગદીશસિંહ ઝાલા, ત્રણ એએસઆઇ અને એક હેડ કોસ્ટેબલ ભરત આશરીયા સહિત ચાર પોલીસ કર્મીને સસ્પેન્ડ કરી દેવાયા હતા.

# જામ ખંભાળિયાઃ ભેંસો ચરાવવા બાબતે બે જૂથ વચ્ચે સશસ્ત્ર અથડામણઃ પાંચ ઘાયલ

**જામ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના વાડીનાર ગામ નજીક આવેલા આંબલા વિસ્તારમાં બે પરિવાર વચ્ચે બઘડાટી બોલી જવા પામી હતી. જેમાં લાકડી, દાતરડા વિગેરે જેવા હથિયારોનો ઉપયોગ થયો હતો. આ પ્રકરણમાં બંને પક્ષે સામ-સામે કુલ સાત શખ્સો સામે વાડીનાર મરીન પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

આ સમગ્ર પ્રકરણની પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ ખંભાળિયા તાલુકાના નાના આંબલા ગામે રહેતા હારુનભાઈ હાજીભાઈ સંઘાર નામના ૩૦ વર્ષના યુવાનની વાડીના શેઢે આરોપી તારમામદ ઈશાભાઈ ગજણ ભેંસો લઈને ચરાવવા માટે ગયો હતો. ત્યારે ફરિયાદી હારુનભાઈએ તારમામદને વાડીના છેડે ભેંસો ચરાવવાની ના પાડતા આ બાબતથી ઉશ્કેરાયેલા તારમામદ ઈશાભાઈ ગજણ, સાજીદ હુસેન ભટ્ટી અને ઈસ્માઈલ હુસેન ભટ્ટી નામના ત્રણ શખ્સોએ બિભત્સ ગાળો કાઢી, લાકડી તથા દાતરડા વાળે હુમલો કરીને ફરિયાદી હારુનભાઈ તથા તેમના પિતા, નાનાભાઈ ફારૂક તેમજ સાહેદ અબ્બાસને બેફામ માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે. જે અંગે પોલીસે ગુનો નોંધ્યો છે.

# કચ્છમાં યોજાનાર રણોત્સવમાં હવે હેલિકોપ્ટર જોયરાઈડની મજા પણ માણી શકાશે

**કચ્છ**

કચ્છમાં આયોજિત રણોત્સવની મુલાકાતે આવતા પ્રવાસીઓ હવે હેલિકોપ્ટર જોયરાઈડની માજા માણી શકશે. મળતી માહિતી ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ સર્વિસ પ્રોવાઈડર સાથે વાતચીત કરી રહી છે અને આ સર્વિસ માટે ટૂંક સમયમાં ટેન્ડર બહાર પાડવામાં આવશે. ઉલ્લેખનીય છે કે 1લી નવેમ્બર, 2023 થી 15 ફેબ્રુઆરી, 2024 સુધી કચ્છમાં રણોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. હેલિકોપ્ટર જોયરાઈડના નવા રૂટ પર દરિયાની સપાટીથી 462 મીટરની ઊંચાઈએ આવેલા કચ્છના સૌથી ઊંચા ડુંગર 'કાળો ડુંગર', સફેદ રણ (ધોરડો) અને ધોળાવીરાની યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ જેવા સ્થળો હશે. આ સર્વિસ અઠવાડિયામાં પાંચ દિવસ કાર્યરત રહેશે.

# ગળપાદર જેલમાં કેદીનો આપઘાત સ્યુસાઇડ નોટમાં 2 પોલીસના નામ

**ગાંધીધામ**

પૂર્વ કચ્છની ગળપાદર જેલમાં કાચા કામના કેદીએ બેરેકના શૌચાલયમાં લુંગી વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૃતકે આપઘાત કર્યા પહેલા સ્યુસાઈડ નોટમાં રાપર પોલીસ માથકના બે પોલીસ કર્મીઓના ત્રાસાથી આપઘાત કર્યો હોવાનું લખી અંતિમ પગલું ભર્યું હતું.

અરજણ કુંભાભાઈ મકવાણાને તા. ૨૫-૬-૨૦૨૨ના રોજ લોકલ ક્રાઈમ બ્રાન્ચે રાપર તાલુકાના નીલપર ગામના વાડી વિસ્તાર માંથી રૂ. ૧૨.૧૩ લાખના ચરસ, ગાંજા અને પોસડેડા સાથે ઝડપી પાડયો હતો. જોથી રાપર પોલીસ માથકે તેની સામે ગુનો નોંધાવવામાં આવ્યો હતો અને તા. ૪-૭-૨૦૨૨ના રોજ તેને ગળપાદર જેલ મોકલી દીધો હતો. બાદમાં જેલ માંથી પેરોલ પર છૂટીને તે ૧૩૮ દિવસ સુધી નાસતો રહ્યો હતો. દરમિયાન તા. ૫-૧૦-૨૦૨૩ના રોજ રાપર પોલીસે તેને ફરી ઝડપી ગળપાદર જેલ હવાલે કર્યો હતો. દરમિયાન રવિવારે મોડી રાત્રે શૌચાલયમાં તેણે લુંગી વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

મૃતકે લખેલી સ્યુસાઈડ નોટમાં તેણે રાપરના બે પોલીસકર્મી નામ લખ્યાં હોવાનું અને તેમના ત્રાસથી આપઘાત કરતો હોવાનું લખ્યું હતું.

# જયસુખ પટેલના વચગાળાના જામીન પર ત્વરિત સુનાવણીની માગ કરતી અરજી કોર્ટે ફગાવી

**મોરબી**

ગત વર્ષે ગુજરાતના મોરબીમાં ઝૂલતો પુલ તૂટી પડવાની દુર્ઘટનામાં 135 લોકોના મોત થયા હતા. આ કેસના મુખ્ય આરોપી ઓરેવા ગૃપના મેનેજિંગ ડિરેક્ટર જયસુખ પટેલે દાખલ કરેલી વચગાળાના જામીન અરજી પર ત્વરિત સુનાવણીની માગ કરતી અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી છે. ન્યાયાધીશ દિવ્યેશ જોશીની અદાલતમાં જયસુખ પટેલના વકીલ નિરુપમ નાણાવટી દ્વારા તેમના અસીલની નિયમિત જામીન અરજી પેન્ડિંગ રખાતા વચગાળાના જામીન મેળવવાની અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજી પર ત્વરિત સુનાવણીની માગ કરતી અરજી કોર્ટે ફગાવી દીધી છે આથી હવે 27 ઑક્ટોબરના રોજ જ્યારે નિયમિત જામીન અરજી પર સુનાવણી હાથ ધરાશે ત્યારે આ અરજી પર આગળની કાર્યવાહીની કોર્ટે મુદત આપી છે.



## અક્ષય કુમાર ફરી પ્રિયદર્શનની કોમેડી ફિલ્મમાં ચમકશે

મુંબઈ : તાજેતરમાં ‘ મિશન રાણીગંજ ‘ ફિલ્મ પણ ફલોપ જતાં અક્ષય કુમારે હવે સિરિયસ રોલની સાથે સાથે ફરી કોમેડીની પોતાની હથોટી પર ફરી હાથ અજમાવવાનું નક્કી કર્યું છે. આ માટે તેણે અગાઉ તેને હિટ ફિલ્મો આપી ચૂકેલા દિગ્દર્શક પ્રિયદર્શનનો સંપર્ક કર્યો છે. પ્રિયદર્શને બનાવી હોય અને અક્ષય કુમારે જેમાં કામ કર્યું હોય તેવી ‘હેરાફેરી’, ‘ભાગમભાગ’ , ‘ખટ્ટામીઠા’ , ‘ગરમ મસાલા’ જેવી કોમેડી ફિલ્મો અગાઉ હિટ થઈ ચૂકી છે. અક્ષય કુમારને હવે એક સો ટકા હિટ જવાની ખાતરી હોય તેવી સ્ક્રિપ્ટની જરુર છે.

સ્વદેશ



## બીજા બાળકના જન્મ બાદ અનુષ્કા શર્મા છોડી દેશે એક્ટિંગ?



મુંબઈ: બોલીવુડ એક્ટ્રેસ અનુષ્કા શર્મા અત્યારે ચર્ચામાં છે. રિપોર્ટ્સ અનુસાર એક્ટ્રેસ ટૂંક સમયમાં જ બીજી વખત માતા બનવાની છે. અનુષ્કા અને વિરાટે અત્યાર સુધી બીજી પ્રેગ્નેન્સીને લઈને મૌન સાધ્યુ છે તેમણે આ મુદ્દે હા કે ના કહ્યુ નથી. અનુષ્કાની પ્રેગ્નેન્સીની ચર્ચા વચ્ચે તેમનો જૂનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં તે એ કહેતા નજર આવી રહી છે કે બાળકો બાદ તે કામ કરશે નહીં. અનુષ્કાનો આ વીડિયો જોયા બાદ તેમના ચાહકો ચિંતિત થઈ ગયા છે કે તેમની ફેવરેટ એક્ટ્રેસ હવે એક્ટિંગની દુનિયામાં વાપસી કરશે નહીં. અનુષ્કાએ કહ્યુ કે હું લગ્ન કરવા માગુ છુ. હું બાળકો ઈચ્છુ છુ. જ્યારે મારા લગ્ન અને બાળકો થઈ જશે તો હું કામ નહીં કરુ. અનુષ્કાની આ વાત સાંભળ્યા બાદ ચાહકો પરેશાન થઈ ગયા છે. એક યુઝરે લખ્યુ- શું તેમણે અત્યારથી જ ફિલ્મો છોડી દીધી છે. સૂઈ ધાગા બાદ મને તેમની કોઈ ફિલ્મ યાદ નથી. અન્યએ લખ્યુ- ઈન્ડસ્ટ્રીથી દૂર રહીને તે અત્યારથી જ પોતાની લાઈફ એન્જોય કરી રહી છે.

# અલ્લૂ અર્જૂન, પંકજ ત્રિપાઠી, આલિયા-કૃતિ સેનન સહિતના કલાકારો નેશનલ એવોર્ડથી સન્માનિત



નવી દિલ્હી: આજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે 69માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અલ્લૂ અર્જૂન, પંકજ ત્રિપાઠી, આલિયા-કૃતિ સેનન સહિત વિનર્સને ભારતના રાષ્ટ્રપતિ, દ્રૌપદી મુર્મુ દ્વારા પુરસ્કારોથી સન્માનિત કરાયા છે. મહત્વનું છે કે, આ તમામ વિનર્સના નામ સપ્ટેમ્બરમાં જ જાહેર કરવામાં આવ્યા હતા.

રોકેટ્રી: ધ નામ્બી ઈફેક્ટે બેસ્ટ ફીચર ફિલ્મનો એવોર્ડ જીત્યો છે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર વિજેતાઓને અભિનંદન પાઠવતા કહ્યું કે, વહીદા રહેમાનને દાદા સાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરીને હું ખૂબ જ ખુશીની લાગણી અનુભવુ છું.

ફિલ્મ પુષ્પા માટે અલ્લુ અર્જુનને શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ અપાયો હતો. જ્યારે શ્રેષ્ઠ અભિનેત્રી તરીકે આલિયા ભટ્ટને ગંગુબાઈ કાઢિયાવાડી માટે અને કૃતિ સેનનને (મિમી) માટે એવોર્ડ મળ્યો હતો. શ્રેષ્ઠ દિગ્દર્શન માટે નિખિલ મહાજન (ગોદાવરી ધ હોલી વોટર), બેસ્ટ કોસ્ચ્યુમ ડિઝાઈનર - સરદાર ઉધમસિંહ, બેસ્ટ હિન્દી ફિલ્મ - સરદાર ઉધમસિંહ, બેસ્ટ સપોર્ટિંગ એક્ટર તરીકે પંકજ ત્રિપાઠી (મિમી) ને એવોર્ડ અપાયો હતો. જ્યારે શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મ - છેલ્લો શો, શ્રેષ્ઠ મલયાલમ મૂવી - હોમ, શ્રેષ્ઠ તમિલ ફિલ્મ - **Kadaisi Vivasayi**, શ્રેષ્ઠ મૈથિલી ફિલ્મ - સમાંતર, શ્રેષ્ઠ તેલુગુ ફિલ્મ ઉપેના, શ્રેષ્ઠ મરાઠી ફિલ્મ - એકડા કાય ઝાલા તથા બેસ્ટ ચિલ્ડ્રન આર્ટિસ્ટ - ભાવિન રબારી (છેલ્લો) શો માટે એવોર્ડ અપાયો હતો. અભિનેત્રી વહીદા રહેમાનને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમારોહમાં વહીદા રહેમાનની અત્યાર સુધીની કારકિર્દીની સફર બતાવવામાં આવી હતી.

### દાદા સાહેબ ફાળકે એવોર્ડ લેતા સમયે ઈમોશનલ થયા વહીદા રહેમાન



દિગ્ગજ એક્ટ્રેસ વહીદા રહેમાન એવોર્ડ લેતા સમયે ભાવુક થયા હતા. તેમના નામનું એનાઉન્સમેન્ટ થતા જ હોલમાં હાજર તમામ લોકોએ સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું અને તાળીઓથી તેમનું સ્વાગત કર્યું. આ જોઈને વહીદા રહેમાનની આંખોમાં આંસુ આવી ગયા હતા.

## જેક્લિન ફર્નાન્ડીઝ પૂજા કરવા માટે કેદારનાથ મંદિરે પહોંચી



મુંબઈ : જેકલિન ફર્નાન્ડિસ હાલ પોતાની કારકિર્દી કરતાં અંગત જીવનને કારણે ચર્ચામાં છે. તેનો પ્રેમી ઠગ સુકેશ તેને જેલમાંથી પ્રેમપત્રો લખ્યા કરે છે. જેની ચર્ચા સોશયલ મીડિયા પર થતી હોય છે. હવે હાલમાં અભનેત્રી કેદારનાથના મંદિરમાં પૂજા-અર્ચના કરવા પહોંચી હતી જેની તસવીરો સોશયલ મીડિયા પર વાયરલ થઈ છે. જેકલિન હેલીકોપ્ટર દ્વારા કેદારનાથ પહોંચી હતી.મંદિરમાં તેણે શ્રદ્ધાથી દર્શન કરી કેદાર બાબાના આશીર્વાદ લીધા હતા.વાયરલ થયેલી તસવીરમાં તે માથે ઓઢેલી અને કપાળે ચંદન લગાડેલી જોવા મળે છે.મંદિરની સમિતી તરફતી અભિનેત્રીને પ્રસાદ પણ આપવામાં આવ્યો હતો. તેની સાથે મંદિર સમિતીના લોકો જોવા મળ્યા હતા. હાલમાં જ જેક્લિન પોતાની પ્રેયસી હોવાનો દાવો કરતા ઠગ સુકેશ ચન્દ્રશેખરે જેક્લિનને તિહાર જેલમાંથી વધુ એક પ્રેમપત્ર પાઠવ્યો હતો. તેમાં તેણે લખ્યું હતું કે પોતે પોતાના તથા જેક્લિનની આસપાસ ઊભા થયેલા નકારાત્મક વાતાવરણને દૂર કરવા માટે નવરાત્રિમાં ઉપવાસ રાખશે.

# કૃતિ સેનન દિવાળી સુધીમાં નવાં ઘરમાં શિફ્ટ થઈ જશે




મુંબઈ : કૃતિ સેનન આજકાલ સાતમા આસમાન પર છે. તેને ‘મીમી’ ફિલ્મ માટે નેશનલ એવોર્ડ પ્રાપ્ત થઈ ચૂક્યો છે અને હવે આ દિવાળીએ તે નવાં ઘરમાં જ શિફ્ટ થઈ જશે. કૃતિ બહુ લાંબા સમયથી પોતાના માટે સારું ઘર શોધતી હતી. આખરે તેણે મુંબઈના બાન્દ્રાના પાલી હિલમાં આવેલો એક ફ્લેટ પોતાના માટે પસંદ કર્યો છે. કૃતિને આ ઘર માટે પઝેશન પણ મળી ચૂક્યું છે. તેણે હવે ઈન્ટીરિયરનું કામ પણ શરુ કરાવી દીધું છે. કૃતિએ ગત મંગળવારે જ દિલ્હીમાં યોજાયેલાં ફંકશનમાં રાષ્ટ્રપતિના હસ્તે શ્રેષ્ઠ અભિનેત્રીનો નેશનલ એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. નવાં ઘરના ઈન્ટિરયરમાં આ નેશનલ એવોર્ડને એકદમ ધ્યાનાકર્ષક રીતે મૂકવામાં આવશે. કૃતિ સેનન સાથે તેનો સમગ્ર પરિવાર નવાં ઘરમાં શિફ્ટ થઈ જશે.

કૃતિની બહેન નૂપુર પણ હવે હિરોઈન બની ચૂકી છે અને તેની ફિલ્મ ‘ટાઈગર નાગેશ્વર રાવ’ટૂંક સમયમાં રીલીઝ થવાની છે. આથી, પરિવારમાં હાલ અનેકગણી ખુશીઓનો માહોલ છે.

# Leoએ તોડ્યો ‘પઠાણ’ અને ‘ગદર 2’નો રેકોર્ડ, બોક્સ ઑફિસ પર જવાનને પછાડશે !

થલાપતિ વિજય અને સંજય દત્તની ફિલ્મ ‘લિયો’ 19 ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. આમ તો આ ફિલ્મ તમિલ, તેલુગુ અને હિન્દી ભાષામાં રિલીઝ થઈ રહી છે. પરંતુ ફિલ્મનું એડવાન્સ બુકિંગ માત્ર સાઉથમાં શરુ થયુ છે. પરંતુ આ વચ્ચે નવાઈની વાત એ છે કે થલાપતિ વિજયનું સાઉથમાં આટલો ક્રેઝ છે કે તેમની ફિલ્મના એડવાન્સ બુકિંગમાં પઠાણ અને ગદર 2 બન્નેને પછાડી દીધા છે. તો એવુ પણ કહેવાઈ રહ્યુ છે કે ફિલ્મ પહેલા દિવસે ‘જવાન’ નો રેકોર્ડ પણ તોડી નાખશે. એડવાન્સ બુકિંગ દ્વારા ‘લિયો’ની સાઉથમાં 13,69,212 ટિકિટ વેચાઈ ચુકી છે. **Sacnilk**ના રિપોર્ટ પ્રમાણે શાહરુખ ખાનની ફિલ્મ ‘પઠાણ’ની 10,81,091 ટિકિટ વેચાઈ હતી. તો સની દેઓલની ફિલ્મ’ ગદર 2’ની 7,22,821 ટિકિટ વેચાઈ હતી. એટલે થલાપતિ વિજયના એડવાન્સ બુકિંગમાં પઠાણ અને ગદર 2 નો રેકોર્ડ તોડી આગળ નીકળી જશે. ‘લિયો’ નો સાઉથ માટે સવારે 4 વાગે શો રાખવાનો હતો. પરંતુ કોર્ટે તેની પરવાનગી ન આપી. એટલે પછી ફિલ્મનો પહેલો શો સવારે 7 વાગે રાખવામાં આવ્યો હતો. એવુ કહેવામા આવી રહ્યુ છે કે ‘લિયો’ પહેલા દિવસે વર્લ્ડવાઈડ 130 કરોડ રુપિયાથી વધારેનુ ઓપનિંગ કરી શકે છે. અને જો એવુ થયુ તો ‘લિયો’ શાહરુખ ખાનની ફિલ્મ ‘જવાન’ ને પણ માત આપશે. કારણ કે ‘જવાને’ પહેલા દિવસે 129.6 કરોડ રુપિયાની કમાણી કરી હતી. ‘લિયો’ વર્ષ 2023ની સૌથી મોટી ઓપનર ફિલ્મ બની જશે. પરંતુ એવુ થશે કે નહીં તે તો આગામી 19 ઓક્ટોબરના રોજ જ ખબર પડશે.









Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


### પેલેસ્ટાઈનીઓ પર થતાં કથિત અત્યાચારનો બદલો લઈ રહ્યાનો હમાસનો દાવો

# હમાસ : ઈઝરાયલ સામે જંગે ચઢેલું ઉગ્રવાદી જૂથ

**પ્રાસંગિક**
ધવલ શુક્લ

પખવાડિયાથી ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે 5000 લોકોના મોત થઈ ચૂક્યા છે. જેને કારણે સમગ્ર દુનિયામાં ચિંતાનો માહોલ છે. સૌપ્રથમ લેસ્ટિનિયન ઉગ્રવાદી જૂથ હમાસ દ્વારા થયેલા હુમલાને કારણે સેંકડો ઈઝરાયેલી નાગરિકોના મૃત્યુની પુષ્ટિ કરવામાં આવી હતી. સેંકડો રોકેટ ફાયરિંગને કારણે લગભગ હજારો લોકો ઘાયલ પણ થયા હતા. આ હુમલાને છેલ્લા દાયકાઓમાં પેલેસ્ટિનિયન ઉગ્રવાદીઓનો સૌથી મોટો હુમલો માનવામાં આવે છે. ગુપ્તચર સંસ્થા મૌસાદની મૌજુદગી છતાં ઈઝરાયલ પર થયેલા આ અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો છે. હમાસે કરેલા હુમલાથી મૌસાદનું નાક કપાઈ જવા સાથે ઈઝરાયલની આબરુંના પણ ધજાગરા ઉડી ગયા હતા. આથી ઉશ્કેરાયેલું ઈઝરાયેલ સંપૂર્ણ આક્રમકતા સાથે ગાઝા વિરુદ્ધ જંગ ખેલી રહ્યું છે. અત્યાર સુધી ઈઝરાયલે પણ ગાઝા પટ્ટી પર રોકેટ અને બોમ્બ મારો કરીને તબાહી સર્જી છે.

હવે સવાલ એ ઉભો થયો છે કે, હમાસે ઈઝરાયલ પર હુમલો શા માટે કર્યો, હમાસનું સંચાલન કોણ કરે છે અને તે કેવી રીતે અસ્તિત્વમાં આવ્યું. ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનનો સહિયારો ઈતિહાસ હિંસાથી ભરેલો છે. આ હિંસા ઈઝરાયેલની રચના પહેલાથી ચાલી રહી છે અને તેની રચના પછી વધુ તીવ્ર બની હતી.

બીજા વિશ્વયુદ્ધ પછી દુનિયાના મોટાભાગના દેશોએ સયુંક્ત રાષ્ટ્રની દેખરેખ હેઠળ બનાવેલા એક ડ્રાફ્ટ મુજબ પેલેસ્ટાઈનને બે ભાગમાં વહેંચવાની દરખાસ્ત કરાઈ હતી. જેમાં એક ભાગ યહુદીઓ અને બીજો પેલેસ્ટિયનોનો હતો. આ સાથે જેરુસલેમ પણ આંતર રાષ્ટ્રીય નિયંત્રણની વાત મુકાઈ હતી. ઈઝરાયલ આ ડ્રાફ્ટથી સમંત થયું પરંતુ આરબ દેશોએ તેનો વિરોધ કર્યો હતો. જે બાદ 1967માં ઈઝરાયલે ટેમ્પલ માઉન્ટ પર કબ્જો કરી લીધો હતો. પરંતુ તેણે તેના નિયંત્રણમાં કોઈ ફેરફાર કર્યા ન હતા. જે સમયે ઈઝરાયલના સુરક્ષા મંત્રી દયાને મુસ્લિમ નેતાઓ સાથે સમજૂતિ કરતા ટેમ્પલ માઉન્ટના સંચાલનની જવાબદારી જોર્ડનને સોંપાઈ હતી. જો કે, આ વખતે કરારમાં યહુદીઓને આ સંકુલમાં પ્રવેશની મંજૂરી આપી દેવાઈ હતી. પરંતુ તેઓને પૂજા કરવાનો કોઈ અધિકાર ન હતો. આ બાબતે યહુદીઓએ આક્રમકતા દાખવી ટેમ્પલ માઉન્ટમાં પ્રાર્થના માટે અધિકારી માંગ્યો હતો. ત્યારથી અત્યાર સુધી બંને પક્ષ વચ્ચે વારંવાર ઘર્ષણ થતું રહ્યું છે.

હાલમાં વિશ્વમાં સૌથી મજબૂત મિલિટરી ધરાવતા ઈઝરાયેલ પર અટેક કરવાની હિંમત



હમાસે કરી હતી. હુમલા બાદ તરત જ હમાસે પ્રથમ હુમલાની જવાબદારી લેતા કહ્યું હતુ કે, તે અલ-અક્સા મસ્જિદની ગરિમાને બચાવવા માટે લડી રહ્યા છે. આ 'તેના લોકો પર જુલમનો બદલો' છે, પશ્ચિમ કાંઠાના 'કબજા' માટે બદલો છે. ખરેખર, આજની ઈઝરાયેલની જમીન ગાઝા પટ્ટી અને પશ્ચિમ કાંઠાની વચ્ચે છે. બંને ઉપર પેલેસ્ટિનિયન ઓથોરિટીનું શાસન છે. સ્ટ્રીપ ઉપર હમાસનું નિયંત્રણ છે. હમાસ 2006માં યોજાયેલી ચૂંટણીમાં સત્તા ઉપર આવ્યું હતું.

હમાસને આતંકવાદી, કટ્ટરવાદી ઈસ્લામિક સંગઠન તરીકે ઓળખાય છે. ઈઝરાયેલ અને પશ્ચિમી દેશોએ તેને આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે. આખું નામ હરકત અલ- મુકાવામા અલ-ઈસ્લામિયા છે. તેનો અર્થ ઈસ્લામિક પ્રતિકાર ચળવળ એવો થાય છે.

## એપ્રિલ 2001માં હમાસે ઈઝરાયેલ ઉપર પ્રથમ રોકેટ હુમલો કર્યો ત્યારથી બંને વચ્ચે છાશવારે ઘર્ષણ થતું રહે છે, અનેક વખત સમાધાન થયા પરંતુ શરતોનું પાલન લાંબો સમય થયું નહીં

પશ્ચિમ કાંઠા, ગાઝા અને પૂર્વ જેરુસલેમને "ઈઝરાયેલના કબજામાંથી મુક્ત કરાવવા 1987થી ચાલતી ચળવળને પ્રથમ ઈન્તિફાદા કહેવામાં આવે છે. ગાઝા ચેકપોસ્ટ પરની એક ઘટના આ ચળવળનું કારણ બની હતી. પેલેસ્ટિનિયનોનું એક જૂથ ચેકપોસ્ટ પર વિરોધ કરી રહ્યું હતું. ત્યારે ઈઝરાયલી સૈનિકોએ તેમના પર ગોળીબાર કર્યો હતો, જેમાં 4 પેલેસ્ટિનિયન માર્યા ગયા હતા. તે બાદ સમગ્ર પેલેસ્ટાઈનમાં વિરોધ પ્રદર્શનો થતા સ્થિતિ તંગ બની હતી. શરુઆતમાં પેલેસ્ટિનિયનો શસ્ત્રો વિના લડતા હતા. તેમની વિરોધ કરવાની મુખ્ય પદ્ધતિ પથ્થરબાજી હતી. જો કે, સમય જતાં હમાસની રચના થઈ હતી.

1988માં સંગઠને રાજકીય અસ્થિરતા વચ્ચે તેનું ચાર્ટર બહાર પાડી તેણે તેનો ઉદ્દેશ્ય જાહેર કર્યો હતો. જેમાં તેણે ઈઝરાયેલનો વિનાશ અને પેલેસ્ટાઈનના એતિહાસિક પ્રદેશમાં ઈસ્લામિક સમાજની સ્થાપનાનું સપનું સેવ્યું છે. ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચેના વિવાદને ઉકેલવા માટે આંતરરાષ્ટ્રીય પક્ષે ઘણા પ્રયાસો થયા છે. ઘણી વાટાઘાટો બાદ 1993માં "ઓસ્લો એગ્રીમેન્ટ' થયા હતા. જેમાં પ્રથમ તો ઈઝરાયેલને પેલેસ્ટિનિયન નેતૃત્વ દ્વારા માન્યતા આપવામાં આવી હતી. આ ઉપરાંત ગાઝા અને પશ્ચિમ કાંઠે સ્વ-શાસન માટે પેલેસ્ટિનિયનોની વચગાળાની સરકાર અંગે કરાર કરાયા હતા. આ કરાર પર ઈઝરાયેલ વતી વડા પ્રધાન યિત્ઝાક રાબિને હસ્તાક્ષર કર્યા હતા અને પેલેસ્ટિનિયન પક્ષ વતી યાસર અરાફાતે હસ્તાક્ષર કર્યા હતા. અરાફાત પેલેસ્ટાઈન લિબરેશન ઓર્ગેનાઈઝેશન પીએલઓના નેતા હતા. પીએલઓ એ પેલેસ્ટાઈનની આઝાદી સાથે સંકળાયેલી સૌથી અગ્રણી સંસ્થા હતી. એક સમય એવો હતો, જ્યારે પીએલઓએ પેલેસ્ટાઈનના સમગ્ર એતિહાસિક પ્રદેશને મુક્ત કરવાની માંગ કરી હતી. પાર્ટીશનને નકારી કાઢ્યું હતું. જો કે 1988માં ઈઝરાયેલની રચનાના માત્ર 4 દાયકા પછી તેને સમજાયું કે, ઈઝરાયેલને સંપૂર્ણપણે અહીંથી હાંકી કાઢવું શક્ય નથી. તેથી પેલેસ્ટિનિયન અધિકારો માટે થોડી છૂટ આપવામાં આવે તે વધુ સારું રહેશે. તેથી વિભાજન અંગે સોદો થવો જોઈએ તેવો મત બહાર આવ્યો હતો. જો કે, આ 'કન્સેશન એગ્રીમેન્ટ'નો ઘણા લોકોએ વિરોધ કર્યો હતો. કારણ કે તેમના અધિકારો ઓછા થતાં હતા. જે બાદ પેલેસ્ટિનિયન અધિકારો માટે અવાજ ઉઠાવવા ઉભા થયેલા હમાસે ઓસ્લો સમજૂંતીનો પણ વિરોધ કર્યો હતો. એપ્રિલ 1993માં ઓસ્લો સમજૂતી પર હસ્તાક્ષર થયાના 5 મહિના પહેલાં હમાસે ઈઝરાયેલ સામે તેનો પ્રથમ આત્મઘાતી હુમલો કર્યો હતો. આ હુમલો પાછળથી હમાસની ઓળખ બની ગયો હતો. હુમલા બાદ હમાસ પેલેસ્ટાઈનની સુરક્ષાનો સૌથી મોટો ચહેરો બની ગયું હતું, જો કે પછી 1994માં ઓસ્લો સમજૂતી થઈ હતી. કરાર અનુસાર, 'પેલેસ્ટિનિયન ઓથોરિટી'ની રચના ગાઝા અને પશ્ચિમ કાંઠાના વહીવટ માટે કરવામાં આવી હતી. આ પછી પણ હમાસે આત્મઘાતી હુમલા ચાલુ રાખ્યા હતા. ક્યારેક બસમાં, ક્યારેક કારમાં તો ક્યારેક બજારોમાં આત્મઘાતી હુમલા કરાયા છે. આ હુમલા પાછળનો હમાસનો મુખ્ય ઉદ્દેશ્ય પેલેસ્ટિનિયન વસ્તીમાંથી સમર્થન મેળવવું અને શાંતિ પ્રક્રિયાને પાટા પરથી ઉતારવાનો હતો. હમાસની આ હરકતોને કારણે જ 1997માં અમેરિકાએ તેને આતંકવાદી સંગઠન જાહેર કર્યું હતું. ઈઝરાયેલે પણ હમાસને ખતમ કરવા માટે ભરપૂર પ્રયાસ કર્યા હતા. પરંતુ તેમ છતાં હમાસનો પ્રભાવ અને શક્તિ સતત વધતી રહી હતી. તેને ઈરાન જેવા ઈઝરાયલ વિરોધી દેશો પાસેથી ભંડોળ મળવા લાગ્યું હતું. 2000માં હમાસનું અસ્તિત્વ મજબૂત બન્યું હતું. ઓસ્લો સમજૂતીને 7 વર્ષ વીતી ગયાં હતાં. શાંતિ માટેની આશાઓ પૂરી થઈ ન હતી. આ પૃષ્ઠભૂમિમાં યુએસ પ્રમુખ બિલ ક્લિન્ટનના નેતૃત્વમાં જુલાઈ 2000માં કેમ્પ ડેવિડ કોન્ફરન્સ યોજાઈ હતી. આ મંત્રણા દરમિયાન ઈઝરાયેલે સમગ્ર ગાઝા અને પશ્ચિમ કાંઠાનો લગભગ 90% હિસ્સો પેલેસ્ટાઈનને પરત કરીને સમાધાનની ઓફર કરી હતી. આ ઉપરાંત, તેઓ જેરુસલેમ પર કેટલીક છૂટ આપવા માટે પણ સંમત થયા હતા. પરંતુ અરાફાતે તે ઓફર ફગાવી દેતાં મંત્રણા નિષ્ફળ ગઈ હતી.


# પરસેવાને કંટ્રોલ કરતો મેકઅપ

### બરફથી ચહેરા પર મસાજ

મેકઅપ લગાવતાં પહેલાં ચહેરા પર બરફથી મસાજ કરો. ઓઈલી સ્કિન હોય તો ચહેરાને સાફ કરીને ચહેરા પર કોટનની મદદથી એસ્ટ્રિજન્ટ લોશનનો ઉપયોગ કરો.

### પ્રાઇમરનો ઉપયોગ

ગરબા રમવા માટે તૈયાર થતાં હો તો મેકઅપ લગાવતાં પહેલાં ચહેરા પર પ્રાઈમરનો ઉપયોગ જરૂર કરો. પ્રાઈમર મેકઅપનો પાયો છે. જેથી તમારો મેકઅપ લાંબા સમય સુધી ચહેરા પર ટકી રહેશે અને પરસેવાથી ચહેરો ખરાબ પણ નહીં થાય.



### ફાઉન્ડેશનનો ઉપયોગ

પ્રાઈમર લગાવ્યા બાદ ચહેરા પર ફાઉન્ડેશન લગાવો. ફાઉન્ડેશનનો શેડ તમારી સ્કિન સાથે મેચ થાય એવો હોવો બહુ જરૂરી છે નહીંતર ચહેરો સુંદર લાગવાને બદલે ખરાબ લાગશે. ફાઉન્ડેશન ફક્ત ચહેરા ઉપર એપ્લાય ન કરતાં ગરદન ઉપર પણ એપ્લાય કરો.

### લાઇટ બ્લશર

મેકઅપ માટે જો તમે બ્લશરનો ઉપયોગ કરી રહ્યાં હો તો લાઈટ બ્લશરનો જ ઉપયોગ કરો. વધારે ડાર્ક અને ભડકીલા બ્લશરનો ઉપયોગ કરવાથી તમારા ચહેરા પર પરસેવો થશે ત્યારે સારું નહીં લાગે. ગરબામાં રમવા માટે લાઈટ બ્લશરનો ઉપયોગ બેસ્ટ છે.

### ફેસ પાઉડર

તમારી સ્કિન ઓઈલી છે તો તમે ચહેરા પર ફેસ પાઉડરનો ઉપયોગ કરો. એનાથી તમારી સ્કિનનું ઓઈલ કંટ્રોલમાં રહેશે. જો સ્કિન ડ્રાય હોય તો ફેસ પાઉડરનો ઉપયોગ કરવાની જરૂર નથી. નોર્મલ સ્કિન પર સ્કિન ટોનને ધ્યાનમાં રાખીને ફેસ પાઉડરનો ઉપયોગ કરી શકો છો.

### લિપસ્ટિક

તમારો મેકઅપ ડાર્ક હોય તો લિપસ્ટિકનો રંગ લાઈટ રાખો. આંખના મેકઅપમાં લાઈટ કલરનો ઉપયોગ કરી રહ્યાં હો તો ડાર્ક લિપસ્ટિક પસંદ કરો. આ રીતે તમારા ચહેરા પર મેકઅપનું કોમ્બિનેશન જળવાઈ રહેશે.

### વોટરપ્રૂફ આઈ મેકઅપ

ગરબા રમતી વખતે પરસેવો થવો એ સ્વાભાવિક છે. પરસેવાને કારણે ચહેરાનું કાજલ ફેલાઈ જાય છે તેથી વોટરપ્રૂફ કાજલનો ઉપયોગ કરો. જેમને વધુ પડતો પરસેવો થતો હોય તેમણે મસ્કારા અને આઈલાઈનર પણ વોટરપ્રૂફ હોય એવાં જ લગાવવાં જોઈએ. નહીંતર પરસેવાને કારણે બધું સ્પ્રેડ થઈને ચહેરા પર આવશે અને ચહેરો કાળો લાગશે.

### ટ્રાન્સલૂયન્ટ પાઉડર

મેકઅપ કર્યા બાદ તેને ફિનિશિંગ ટચ આપવો જરૂરી છે. એ માટે ટ્રાન્સલૂયન્ટ પાઉડર લગાવો. આ પાઉડર ચહેરા પર પરસેવો થતો અટકાવશે, બીજું, ચહેરો સુંદર પણ લાગશે. ટ્રાન્સલૂયન્ટ પાઉડર ઉપરાંત મેકઅપ સ્પ્રેડ ન થાય અને જળવાઈ રહે એ માટે સ્પ્રે આવે છે. મેકઅપ પૂર્ણ થઈ ગયા બાદ આંખ બંધ કરીને ચહેરા પર સ્પ્રે કરી દો.

## મનનો મણકો



પ્રસ્તુતિ : સ્મિતા પટેલ
(Guelph On.)

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - આ ચાર માનવીના જીવનનાં અભિન્ન અંગ ગણાય છે. માનવ જીવનની સફળતાના જુદા જુદા પર્યાયો છે. પરંતુ આપણે સૌ જાણીએ, સમજીએ અને અનુભવીએ છે કે આજના યુગમાં મોટાભાગનો સમય અર્થ ઉપાર્જનમાં વ્યતિત થાય છે. અને મહત્ત્વનું અને જરૂરી પણ છે. કારણ કે તેનાં વિના જીવન શક્ય નથી. જીંદગી જીવવા માટે, સાદગીપૂર્ણ કે મોજશોખથી ગમે તેમ પણ ઉધમ કરીને કંઈક તો રળવું જ પડે છે.

ગુજરાતીમાં તો કહેવાયું છે ને કે "નાણાં વગરનો નાથિયો, અને નાંણે નાથાલાલ."

આજીવિકા, રળવા માટે બધાં જ ઉધમ કરતાં હોય છે, જે ગમે તે સ્વરૂપે હોઈ શકે. જેમ કે નોકરી ધંધો કે વ્યવસાય દરેક જણ પોતાના ક્ષેત્રમાં કે વ્યવસાયમાં નિષ્ઠાપૂર્વક કાર્ય કરીને રિદ્ધિ, સિદ્ધિ અને પ્રસિધ્ધિ પ્રાપ્ત કરવા ઝખતું હોય છે. જીવનમાં સફળ થવા ઈચ્છતી વ્યક્તિ પોતાના ધ્યેય કે લક્ષ્યને પ્રાપ્ત કરવા સતત પ્રયત્નશીલ રહે છે. આપણે જાણીએ છીએ તેમ પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગળું છે. અથાગ પરિશ્રમથી નસીબને પણ બદલી નાંખનારા આપણે જોયા છે.

કોઈકવાર આ પરિશ્રમનો કે કાર્યનો આપણને થાક લાગતો હોય છે કે કામનો કંટાળો આવતો હોય છે.

આવું શા માટે થાય છે ? એની પાછળ શું કારણ હોઈ શકે ?

મનોવિશલેષણ અને મનોમંથન કર્યા બાદ આપણને સમજાય છે કે ઘણાં બધાં પરિબળો અને કારણો પૈકીનું એક કારણ, કદાચ સૌથી મહત્ત્વનું કારણ છે - આપણી, વિશેષ રુચિ - ખૂબ વિચારવા યોગ્ય છે. દરેક વ્યક્તિનાં આંતરમનમાં સુષુપ્તપણે કોઈને કોઈ વિશેષ રુચિ અવશ્ય રહેલી હોય છે. પરંતુ રોજીંદા જીવનના ઘટમાળમાંથી પોતાની આ રુચિના ક્ષેત્ર વિશે વિચારવાનો આપણે સમય કાઢી શકતાં નથી.

થોડો સમય કાઢીને દરેક જણે પોતાના મનનું અવલોકન- વિશલેષણ કરવું જોઈએ. પોતાની રુચિને ઓલખીને એ દિશામાં જ પ્રયત્નો કરી પોતાના ધ્યયે કે હેતુને સારી રીતે સિધ્ધ કરી શકાય.

પોતાની રુચિ પ્રમાણે કામ કરતી વ્યક્તિ, જે તે કામ હોંશે હોંશે- ઉત્સાહ ઉમંગ અને ઉર્જાપૂર્વક કરે છે. આ કામ કરતાં તેને જરાપણ થાક કે કંટાળો આવતો નથી. રુચિ મુજબનું કામ પ્રાપ્ત થતાં વ્યક્તિ તેમાં એટલી હદ લીન-કે ઓતપ્રોત થઈ જાય છે કે આસપાસનું સઘળું ભૂલાઈ જાય છે. આવી વ્યક્તિને કોઈ દિવસ કામની વચ્ચે વિરામ Break લેવાની પણ જરૂર લાગતી નથી.

પોતાની રુચિ મુજબનું કાર્યક્ષેત્ર મળતાં વ્યક્તિને જીવન લક્ષ્ય પ્રાપ્ત થાય છે આથી તે જુદા જુદા કામ-ધંધા-વ્યવસાય કે પ્રવૃત્તિઓ અજમાવીને પોતાનો સમય અને શક્તિનો વ્યય નથી કરતો. રુચિમાંથી ઉદ્ભવતો ઉત્સાહ તેની કાર્યશક્તિમાં ગજબની એકાગ્રતા અને આત્મબળ જન્માવે છે. આ આત્મવિશ્વાસ જ આશ્ચર્યજનક પરિણામો અને સિધ્ધિઓનું કારણ બને છે. જે અશક્યને પણ શક્ય બનાવી શકે છે.

તો આજથી આપણે સૌ આપણાં મનને સમજવા-ઓળખવા કોસિશ કરીએ અને સ્વરુચિને શોધી કાઢીને એ જ ક્ષેત્રમાં આગળ વધીને સીમાચિન્હરૂપ કાર્ય કરીએ.






# સ્કારબોરો સાઉથવેસ્ટ પેટાચૂંટણીમાં 23 ઉમેદવારો વચ્ચે જંગના એંધાણ

## અગાઉથી મતદાન કરવા ઈચ્છતા નાગરિકો માટે 25-26 નવેમ્બરે પણ વ્યવસ્થા ગોઠવાશે

**ટોરોન્ટો**

સ્કારબોરો સાઉથવેસ્ટના આગામી સિટી કાઉન્સિલર બનવાની દોડમાં 23 ઉમેદવારો હવે સત્તાવાર રીતે મેદાને છે. સોમવારે ટોરોન્ટો સિટી ક્લાર્ક જ્હોન એલ્વિજએ જાહેરાત કરી હતી કે, તેઓ બધાને વોર્ડ 20 પેટાચૂંટણીમાં લડવા માટે પ્રમાણિત કરવામાં આવ્યા છે.

લાંબા સમય બાદ 26 જુલાઈના રોજ આ બેઠક ખાલી કરવામાં આવી હતી. ગેરી ક્રોફોર્ડે સ્કારબોરો-ગિલ્ડવુડમાં પીસી ઉમેદવાર તરીકે પ્રાંતીય રીતે ચૂંટણી લડવા માટે રાજીનામું આપ્યું હતું પણ તે જીત્યા ન હતા.

ઓગસ્ટની શરૂઆતમાં ટોરોન્ટો સિટી કાઉન્સિલે કાઉન્ટ દ્વારા પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું હતું. પોલ આઈન્સલી વોર્ડ 20 બેઠક ખાલી જાહેર કરશે અને તેને ભરવા માટે પેટાચૂંટણી યોજવામાં આવશે.

ઑગસ્ટની શરૂઆતમાં ટોરોન્ટો સિટી કાઉન્સિલે વોર્ડ 20ની સીટ ખાલી જાહેર કરવા અને તેને ભરવા માટે પેટાચૂંટણી યોજવા માટે પોલ આઈન્સલી દ્વારા પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું હતું.


જે બાદ 6 સપ્ટેમ્બરે, પેટાચૂંટણીની તરફેણ કરતો પેટા કાયદો પસાર કરવામાં આવ્યો હતો અને સાંજે 5 વાગ્યે અમલમાં આવ્યો હતો. બીજા દિવસે નોમિનેશન ખૂલ્યું હતું.

પ્રાંતીય કાયદા અનુસાર, જ્યારે કાઉન્સિલર રાજીનામું આપે, ત્યારે શહેર પરિષદે તેની આગામી બેઠકમાં બેઠક ખાલી જાહેર કરવી જોઈએ. તે પછી ખાલી જગ્યા ભરવા માટે લાયક વ્યક્તિની નિમણૂંક કરવા અથવા પેટાચૂંટણી માટે જરૂરી પેટા કાયદો પસાર કરવા માટે 60 દિવસનો સમય છે. સ્કારબોરો સાઉથવેસ્ટમાં મતદાનનો દિવસ 30 નવેમ્બર નક્કી કરવામાં આવ્યો છે. જો કે, મતદારો 25 અને 26 નવેમ્બરે અગાઉથી મતદાન કરી શકે છે. વોર્ડ 20ની પેટાચૂંટણી વિશે વધુ માહિતી ઓનલાઈન મળી શકે છે.

હાલમાં સ્કારબોરો વિસ્તારમાં પેટા ચૂંટણીને કારણે રાજકીય માહોલ ગરમાઈ ગયો છે.

# હુમલા દરમિયાન ફિયાન્સીને બચાવવા ગયેલા યુવાનનું મોત

## સાસુની તપાસ માટે ફિયાન્સીના ઘરની બહાર નીકળવા સમયે જ ગ્રેનેડ હુમલો થયો



**ટોરોન્ટો**

હમાસના આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલા દરમિયાન ઇઝરાયેલી-કેનેડિયને તેની ફિયાન્સીને બચાવવા માટે તેના જીવનનું બલિદાન આપી દીધું હોવાની વાતને, તેના પરિવારે મીડિયા સમક્ષ પુષ્ટિ આપી હતી. કેનેડિયન નાગરિકતા ધરાવનાર 21 વર્ષીય ઇઝરાયલી નેટ્ટા એપસ્ટેઇન શનિવાર 7 ઓક્ટોબરે દક્ષિણ ઇઝરાયેલમાં ગ્રેનેડ પડતાં મૃત્યુ પામ્યો હતો. તેના પરિવારેને જણાવ્યું હતું કે એપસ્ટેઇન અને તેની ફિયાન્સી, ઈરેન શવિત, તેના એપાર્ટમેન્ટનાં ઘરમાં શરણું લઈ રહ્યાં હતાં. એપસ્ટેઇનની માતાએ કહ્યું કે, તેને તેના પુત્ર તરફથી શું થઈ રહ્યું છે તે વિશે એક ટેક્સ્ટ મેસેજ મળ્યો હતો કે, મને અરબીમાં ચીસો સંભળાય છે. આસપાસ ઘણો ઘોંઘાટ છે. ત્યાં શૂટિંગ થાય છે. તેના પુત્રએ તેને પત્ર લખ્યો હતો. તેમાં તેણે આગળ જણાવ્યું હતું કે, તેઓ અહીં છે, મમ્મી.' 7 ઑક્ટોબરના રોજ સવારે 6:30 વાગ્યે હુમલાઓની હારમાળા શરૂ થઈ ગઈ હતી. સાયરન દ્વારા સમગ્ર દેશમાં ઇઝરાયલીઓને હમાસ દ્વારા ગાઝામાંથી લોન્ચ કરવામાં આવતા રોકેટ વિશે ચેતવણી આપવામાં આવી હતી. શચર-એપસ્ટાઈને તેની સાસુની તપાસ કરવા માટે ફિયાન્સીના ઘરમાંથી બહાર નીકળ્યો હતો, જે પોતાના ઘરના પ્રવેશદ્વાર પર મૃત હાલતમાં મળી આવ્યો હતો.

# યુદ્ધ અંગેની પોસ્ટ પછી ઓન્ટેરિયો રિયલ એસ્ટેટ એજન્ટ સસ્પેન્ડ થયો

## સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર લખાણ લખી બે હસતા ફોટો મુકાયા હતા

**ઓન્ટેરિયો**

એક રિયલ એસ્ટેટ બ્રોકરેજે વોન-આધારિત રિયલ્ટરને સસ્પેન્ડ કરી દીધો છે, જેણે કથિત રીતે સોશિયલ મીડિયા ઉપર ઇઝરાયેલ-હમાસ યુદ્ધ અંગે એક પોસ્ટ મૂકી હતી. આ પોસ્ટ સપ્તાહના અંતે ફેસબુક, એક્સ અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ ઉપર કરવામાં આવી હતી. જે રેકોર્ડના બ્રોકર અને રિયલટ્રોન વાદિમ વિલેન્સકી રિયલ્ટીના સીઈઓ છે. તેનું શીર્ષક "કમિંગ સૂન ટુ ધ માર્કેટ" હતું અને ત્યારબાદ બે હસતાં ઈમોજીસ હતા અને તેમાં ગાઝાની કેટલીક ઈમારતોનો ફોટો સામેલ હતો. જે બોમ્બથી નાશ પામી હતી. તે ઈમેજમાં કંઈક આવું લખાણ હતું: "બજારની બહાર. 130 ચોરસ માઈલ. સામે મહાસાગર છે. પણ કોઈ ઉપયોગિતા નથી. પાવર/પાણી નથી."

આ પોસ્ટ દૂર કરવામાં આવી છે અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર વિલેન્સકીના એકાઉન્ટ્સ કાઢી નાંખવામાં આવ્યા છે અથવા ડિસેબલ કરવામાં આવ્યા છે. જો કે, મીડિયાએ પ્રારંભિક પોસ્ટ્સના બહુવિધ સ્ક્રીનગ્રેબ્સની સમીક્ષા કરી છે. ઑક્ટોબર 7ના રોજ ઇઝરાયેલ-હમાસ યુદ્ધની શરૂઆતથી સંઘર્ષની બંને બાજુના 4,000થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે અને સંયુક્ત રાષ્ટ્રએ ગાઝામાં વધતી જતી માનવતાવાદી કટોકટી અંગે ચેતવણી આપી છે. "RE/MAX કેનેડા વિલેન્સકીની ક્રિયાઓ અને લાગણીઓ સાથે અસંમત છે. તેણે લખ્યું હતુ કે, અમારો વ્યવસાય એ સેંકડો સ્વતંત્ર માલિકીની અને સંચાલિત રીઅલ એસ્ટેટ ઓફિસોથી બનેલી ફ્રેન્ચાઈઝી સંસ્થા છે, અને વિલેન્સકી સહિત દરેક RE/MAX બ્રોકર અને એજન્ટ સ્વતંત્ર કોન્ટ્રાક્ટર છે,"

# મકાન ખરીદવા ઈચ્છૂકો માટે હોમ સેવિંગ્સ એકાઉન્ટ ઉપયોગી બનશે



**ઓન્ટેરિયો**

પ્રથમ હોમ સેવિંગ્સ એકાઉન્ટ એપ્રિલમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. વધતા વ્યાજ દરો, ઘરની કિંમતો અને ફુગાવા સાથે તાજેતરના સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે, મોટાભાગના કેનેડિયન મિલેનિયલ્સે ઘર ખરીદવામાં વિલંબ કરી રહ્યા છે. રિયલ એસ્ટેટ બ્રોકરેજ ઝૂકાસા દ્વારા કરવામાં આવેલા સંશોધનમાં જાણવા મળ્યું છે કે, સર્વેક્ષણ કરાયેલા 1,600માંથી 67 ટકા લોકોએ વર્તમાન આર્થિક વાતાવરણમાં પોતાનું ઘર ખરીદવાનો વિચાર છોડી દીધો હતો, પરંતુ એપ્રિલમાં ઓટ્ટાવા દ્વારા રજૂ કરવામાં આવેલા ફર્સ્ટ હોમ સેવિંગ્સ પ્લાન (FHSA), જેઓ ડાઉન પેમેન્ટ માટે બચત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, તેમના માટે ફાયદાકારક બની શકે છે.

150,000 કેનેડિયનોએ પહેલેથી જ એમાં સાઈન અપ કર્યું છે. 55 ટેક્સ બુકના લેખક અને વિનીપેગ સ્થિત નોલેજ બ્યુરોના પ્રમુખ એવલિન જેક્સે જણાવ્યું હતું કે, FHSA કેટલાક કેનેડિયનોને ઘરની માલિકી વિશે વિચારવામાં મદદ કરી શકે છે અને તેઓ વર્ષના અંત સુધીમાં ખાતું ખોલવાનું વિચારી શકે છે. તે ટ્રિપલ જીત છે. તમને કર કપાત મળે છે. કરમુક્ત રકમ વધે છે અને પછી જો તમે તમારા માટે યોગ્ય હોય એવું ઘર ખરીદો તો તમને કરમુક્ત ઉપાડ પણ મળશે. FHSA ખોલવા માટે, તમારી ઉંમર 18 થી 71 વર્ષની વચ્ચે હોવી જોઈએ અને કેનેડિયન નાગરિક હોવા જોઈએ. તમે $ 8,000નું વાર્ષિક યોગદાન આપી શકો છો. જે કર કપાતપાત્ર છે અને $ 40,000ની આજીવન મર્યાદા છે. આ ખાતું 15 વર્ષ સુધી ખૂલ્લું રહી શકે છે અને તમે તમારું પ્રથમ ઘર ખરીદવા માટે કરમુક્ત ભંડોળ ઉપાડી શકો છો અને મોટાભાગની બેંકો અને નાણાકીય સંસ્થાઓ હવે તેની ઓફર કરે છે.

# દર 3માંથી 1 કેનેડિયન હાર્ટએટેક- કાર્ડિયાક અરેસ્ટ વચ્ચેના તફાવતથી અજાણ: સરવે

## કોઈપણ ઉંમરના વ્યક્તિને મગજમાં લોહીના પ્રવાહમાં અવરોધને કારણે સ્ટ્રોક આવી શકે

**ક્યૂબેક**

હાર્ટ એન્ડ સ્ટ્રોક ફાઉન્ડેશન અનુસાર 50 ટકા કેનેડિયનો અમુક ક્ષમતામાં હૃદયરોગ અને સ્ટ્રોકથી પ્રભાવિત થયા હોવા છતાં ઘણાં ઓછા પ્રમાણમાં સ્વાસ્થ્ય સમસ્યા સંબંધિત આ જટિલ માહિતી વિશે જાણકારી ધરાવે છે.



નવા હાર્ટ એન્ડ સ્ટ્રોક પોલમાં જાણવા મળ્યું છે કે, ત્રણમાંથી એક કેનેડિયન કાર્ડિયાક અરેસ્ટ અને હાર્ટએટેક વચ્ચેનો તફાવત સમજી શકતો નથી અને તે જાણતો નથી કે, જ્યારે હાર્ટ એટેક આવે ત્યારે પુરુષો અને સ્ત્રીઓ અલગ-અલગ પ્રતિક્રિયા આપે છે. લેસ્લી જેમ્સ (હાર્ટ એન્ડ સ્ટ્રોકના પ્રવક્તા અને ડિરેક્ટર આરોગ્ય નીતિ અને સિસ્ટમ)એ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, મારા પરિપ્રેક્ષ્યમાં સૌથી વધુ મુશ્કેલીએ હશે કે કેનેડિયનોમાંથી ત્રીજા ભાગના લોકો વિચારે છે કે જો તમે પ્રશિક્ષિત હેલ્થકેર પ્રોફેશનલ ન હોવ તો સ્ટ્રોકના ચિહ્નોને ઓળખવાં મુશ્કેલ છે. સ્ટ્રોકના ચિહ્નો ઓળખવા સરળ છે અને દરેકે તે જાણવાની જરૂર છે. તે ખૂબ જ મહત્વનું છે. કારણ કે સ્ટ્રોક કોઈપણ ઉંમરે કોઈપણ વ્યક્તિને આવી શકે છે. એન્વાયરોનિક્સ રિસર્ચ ગ્રુપ દ્વારા હાથ ધરવામાં આવેલા ઓનલાઈન મતદાનમાં 18 અને તેથી વધુ વયના 2,003 કેનેડિયન રહેવાસીઓને હૃદયની સ્થિતિ વિશે તેમની સમજ વિશે પૂછવામાં આવ્યું હતું. ડેટા 29 મે અને 9 જૂન, 2023ની વચ્ચે એકત્રિત કરવામાં આવ્યો હતો. જ્યારે કેટલાકને લાગે છે કે કાર્ડિયાક અરેસ્ટ અને હાર્ટ એટેક શબ્દો એકબીજાના બદલે વાપરી શકાય છે, પણ હકીકતમાં બે અલગ અલગ સ્વાસ્થ્ય સ્થિતિઓ છે. જેમ્સે કહ્યું કે, બંને વચ્ચેના તફાવતો વિશે પૂરતું શિક્ષણ અને જાગૃતિ નથી. તેથી જ અમે જાગૃતિ લાવવા અને લોકોની સમજણ વધારવાની આશા રાખીએ છીએ. બંને તબીબી કટોકટી છે અને તાત્કાલિક તબીબી સારવારની જરૂર છે. બીજી તરફ સ્ટ્રોક મગજમાં લોહીના પ્રવાહમાં અવરોધને કારણે થાય છે.

# કેનેડાનો ફુગાવાનો દર 3.8% જીવન ખર્ચમાં 0.1 ટકાનો ઘટાડો

## મહિના દરમિયાન ગેસોલિનના ભાવમાં 1.3 ટકાનો ઘટાડો થયો હતો

**ટોરોન્ટો**

સપ્ટેમ્બરમાં કેનેડાનો ફુગાવાનો દર ઘટીને 3.8 ટકા થયો હતો, જે ઓગસ્ટમાં ચાર ટકા હતો. સ્ટેટિસ્ટિક્સ કેનેડા દ્વારા મંગળવારે રજુ કરાયેલા અહેવાલમાં આ આંકડો અર્થશાસ્ત્રીઓની અપેક્ષા કરતા ઓછો હતો. ડેટા એજન્સીએ જણાવ્યું હતું કે જીવન ખર્ચમાં ઘટાડો બ્રોડ બેઝ્ડ હતો અને મુસાફરી, ટકાઉ માલસામાન અને કેટલીક કરિયાણાની વસ્તુઓ સહિત વિવિધ માલસામાન અને સેવાઓની નીચી કિંમતોને કારણે ઉદભવ્યો હતો. માસિક ધોરણે, સપ્ટેમ્બરમાં જીવન ખર્ચમાં ખરેખર 0.1 ટકાનો ઘટાડો થયો હતો. ગયા વર્ષના નવેમ્બર પછી આવું પહેલીવાર બન્યું છે. મહિના દરમિયાન ગેસોલિનના ભાવમાં 1.3 ટકાનો ઘટાડો થયો હતો, પરંતુ તે હજુ પણ છેલ્લાં 12 મહિનામાં 7.5 ટકા વધ્યો છે, તેથી જ ઈંધણનો ખર્ચ વાર્ષિક દરમાં વધારો કરવા માટેનું સૌથી મોટું પરિબળ હતું. જો ગેસોલિનને ફુગાવાના આંકડામાંથી બહાર કાઢવામાં આવે તો દર 3.7 ટકા હોત. જે અગાઉના મહિનાના 4.1 ટકાથી નીચે છે. કરિયાણાના ભાવમાં વધારો થતો રહ્યો, પરંતુ ખૂબ ધીમા દરે. વર્ષ દર વર્ષે, કરિયાણાનો ખર્ચ 5.8 ટકા વધ્યો છે. તે ગયા વર્ષના આ વખતે 11 ટકાથી વધુ નીચે છે. કારણ કે, ઘણી ખાદ્ય ચીજોના ભાવમાં વધારો ધીમો પડી રહ્યો છે અને ખરેખર બેકન, કેળા, દ્રાક્ષ અને અમુક પ્રકારની ચીઝ જેવી વસ્તુઓના ભાવમાં ઘટાડો થઈ રહ્યો છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ જણાવ્યું હતું કે, સપ્ટેમ્બર 2022માં મોટા માસિક લાભો, જ્યારે કરિયાણાની કિંમતો 41 વર્ષમાં સૌથી ઝડપી ગતિએ વધી હતી, તે 12-મહિનાની ગતિવિધિઓમાંથી નીચે આવી ગઈ હતી અને ઈન્ડેક્સ ઉપર નીચેનું દબાણ હતું.

# ગુજરાતમાં 5 વર્ષમાં પોલીસ કસ્ટડીમાં 80 આરોપીના મોત થયા: કોંગ્રેસનો દાવો

### સુપ્રીમ કોર્ટના 2015ના ચુકાદા બાદ પણ રાજ્યના 130 પોલીસ સ્ટેશનમાં CCTV લગાવવામાં આવ્યા નથી

**અમદાવાદ**

ગુજરાતમાં સતત વધી રહેલા કસ્ટોડીયલ ડેથ અંગે ગુજરાત લૉ-કમીશનનો અહેવાલ પોલીસ તંત્રની અમાનવીય કામગીરીને ઉજાગર કરે છે. ત્યારે ગૃહ વિભાગ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસે જણાવ્યું હતું કે ગુજરાતમાં સતત વધી રહેલાકસ્ટોડીયલ ડેથના કિસ્સાઓ ચિંતાનો વિષય છે. સભ્ય સમાજએ કાયદાના શાસનથી ચાલે છે. ગુજરાત લૉ-કમીશનના અહેવાલમાં સ્પષ્ટ પણે જણાવવામાં આવ્યું છે કે, પોલીસ તંત્રની કામગીરી પર વારંવાર પ્રશ્નાર્થ ઉભો થાય છે કારણ કે પોલીસ કર્મચારીઓ બેફામ રીતે સત્તાનો દુરુપયોગ કરી રહ્યાં છે અને રક્ષકને બદલે ભક્ષકની કામગીરી કરી રહ્યાં છે. કોંગ્રેસના પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ન્યાયતંત્રમાં વિશ્વાસ ટકી રહે તે માટે પણ તટસ્થ અને પારદર્શક તપાસ થવી જોઈએ. માનવ અધિકારનું સન્માન અને માનવ અધિકારના ઉલ્લંઘનને રોકવા માટે માનવ અધિકાર કાયદાનો કડક અમલ થવો જરૂરી છે. માનવ અધિકારનું સન્માન એ સુશાસનના કેન્દ્ર સ્થાને હોવું જોઈએ. લોકતંત્રમાં રાજ્ય સરકારની જવાબદારી બને છે કે માનવ અધિકારનું સંરક્ષણ અને માનવ અધિકારને પ્રોત્સાહિત કરવાનું કામ રાજ્ય સરકારની જવાબદારી છે. રાજ્ય સરકારે કસ્ટોડીયલ ડેથ રોકવા માટે પોલીસ તંત્રમાં સતત સુધારા પણ કરવા જોઈએ.

# ત્રણ મહાનગરોમાં સડક સહિતના વિકાસ કામો માટે 1646 કરોડ મંજૂર

**અમદાવાદ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરત, વડોદરા, અને જામનગરને મુખ્યમંત્રી શહેરી સડક યોજના સહિત ભૌતિક સુવિધાના 414 કામો માટે કુલ 1646 કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. વડોદરા મહાનગરપાલિકાએ 2023-24નાં વર્ષ માટે મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાં રસ્તાનાં 47 કામો માટે 184.09 કરોડની દરખાસ્ત રજૂ કરી હતી તેને મુખ્યમંત્રીએ મંજુર કરી છે. એવી જ રીતે સુરત મહાનગરપાલિકા દ્વારા 2023-24નાં વર્ષ માટે ભૌતિક આંતર માળખાકીય સુવિધાના 101, સામાજિક આંતર માળખાકીય સુવિધાના 78, અર્બન મોબિલિટીના 21 અને આગવી ઓળખના બે એમ 202 કામો માટે રૂપિયા 1029.55 કરોડ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ફાળવવા માટે શહેરી વિકાસ વિભાગ મારફતે કરેલી દરખાસ્ત મુખ્યમંત્રીએ મંજૂર કરી છે. જામનગર મહાનગરપાલિકાએ પણ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના મુખ્યમંત્રી શહેરી સડક યોજના ઘટક માંથી 70.31 કરોડ રૂપિયા જામનગર શહેરમાં સડક માર્ગોના 25 કામો માટે ફાળવવા અંગે કરી હતી.

# અમદવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટના ઈમિગ્રેશન એરિયાનું વિસ્તરણ કરાયું

**અમદાવાદ**

વિદેશ જતા મુસાફરો માટે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ(SVPI) પર સુવિધામાં વધારો કરવામાં આવ્યો છે. બુધવારે ઈન્ટરનેશનલ ટર્મિનલ-2 ખાતે વધુ વિશાળ ઈમિગ્રેશન એરિયા શરૂ કરવામાં આવ્યો હતો. હવે પીક અવર્સમાં દરમિયાન પણ મુસાફરો માટે ડિપાર્ચર સરળ બનશે. એરપોર્ટ મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર, પીક અવર્સ દરમિયાન મુસાફરોના પ્રવાહમાં વધારો થવા છતાં, વિદેશ જતા પ્રવાસીઓ માટે સરળ ડિપાર્ચરની સુવિધાનો અનુભવ સુનિશ્ચિત થશે. એરપોર્ટ મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર ટર્મિનલ 2 પર નવો ડિપાર્ચર, ઈમિગ્રેશન એરિયા અત્યાધુનિક સુવિધાઓ અને આધુનિક તકનીકોથી સજ્જ છે જેનો હેતુ ઈમિગ્રેશન પ્રક્રિયાને ઝડપી બનાવવા વેઈટિંગ સમય ઘટાડવાનો છે.

તાજેતરમાં ઈન્ટરનેશનલ ટર્મિનલ પર નવા અરાઈવલ હોલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, જેને કારણે ઈન્ટરનેશનલ-ટુ-ઈન્ટરનેશનલ (1-ટુ-1) ટ્રાન્સફર, પેસેન્જર બેસવાની ક્ષમતામાં વધારો અને અન્ય ઘણી સુવિધાઓમાં વધારો થયો હતો.

# કચ્છ ખાતે માતાના મઢમાં થતી પતરી વિધિનો વિવાદ હાઈકોર્ટ સુધી પહોંચ્યો

### રાજવી પરિવારના બંને પક્ષોએ વિધી માટે તૈયારી શરૂ કરી

**કચ્છ**

કચ્છમાં પતરી વિધીનો વિવાદ હાઈકોર્ટ પહોંચ્યો છે. તેમાં માતાના મઢ ખાતે બે વખત પતરીવિધી કરાશે. માતાના મઢ ખાતે થતી પતરી વિધીનું અનેરૂ મહત્વ છે. તેમાં રાજવી પરિવારના બંને પક્ષોએ વિધી માટે તૈયારી શરૂ કરી છે. પતરી વિધિ મુદ્દેનો વિવાદ વર્ષ 2009 માં નવરાત્રીની આઠમના રાબેતા મુજબ પતરી વિધી કરવા ગયેલા પ્રાગમલજી ત્રીજાએ શારિરીક અસ્વસ્થતા અનુભવતા તેમની બાજુમાં હાજર જુવાનસિંહ હમીરજી જાડેજાને પરંપરા મુજબ વિધી કરવાનું કહ્યું હતુ. તે ઉપરાંત પ્રાગમલજીએ તેમને પાથરીને પતરી ઝીલવાનું કહ્યું હતુ.

જેનો ત્યાં ઉભેલા રાજબાવા યોગેન્દ્રસિંહ કરમશીએ વિરોધ કર્યો હતો. ત્યારબાદ પ્રાગમલજી ત્રીજાએ 2010 ની સાલમાં દયાપર કોર્ટમાં અરજી કરી હતી. તો કોર્ટે હુકમ આપતા કહ્યું કે ભુવા પુજારી દ્વારા કરાવવામાં આવતી આ વિધીને રોકવાનો કે તોડવાનો કોઈ પણ હક્ક કે અધિકાર રાજબાવા યોગેંદ્રસિંહને પ્રાપ્ત થયો નથી. પતરી વિધિની ઐતિહાસિક ઘટનામાં અગાઉ નવરાત્રી પહેલા રાજપરિવારના મોભી પ્રાગમલજી ત્રીજાના અવસાન થતાં પતરી વિધિ મુદ્દે કચ્છ જિલ્લા કોર્ટમાં ચાલતા કેસમાં ભુજના અધિક ડિસ્ટ્રિક્ટ કોર્ટ જજ આર.વી. મંડાણીએ હુકમ કર્યો હતો કે આ વિધિ એ રાજપરિવારની વિધિ છે. અને આ ફક્ત રાજવી કુળના વંશાનુક્રમે આવતા નજીકના વ્યક્તિ રાજપરિવારની મુખ્ય વ્યક્તિ સાથે રહીને જ કરી શકે.

# સ્પામાં ચાલતી અનૈતિક પ્રવૃત્તિઓ રોકવા 851 સેન્ટરો ઉપર દરોડા

**અમદાવાદ**

પોલીસ દ્વારા અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, સુરેન્દ્રનગર સહિતના શહેરોમાં ચાલી રહેલા સ્પા પર દરોડા પાડવામાં આવ્યાં છે. ગુજરાતમાં છેલ્લા 24 કલાકમાં પોલીસે 851 સ્પા સેન્ટર પર દરોડા પાડીને 105 લોકોને ઝડપ્યા છે. તે ઉપરાંત સમગ્ર રાજ્યના વિવિધ પોલીસ સ્ટેશનોમાં 103 ગુના નોંધાયા છે. અમદાવાદમાં 24 કલાકમાં 350 જેટલા સ્પા સેન્ટરમાં તપાસ કરાઇ છે. આ સાથે 9 ફરિયાદ નોંધી 8 લોકોની ધરપકડ પણ કરાઈ છે. સુરતમાં 50, રાજકોટમાં 50, વડોદરામાં 20, ભાવનગરમાં 5 સ્પામાં દરોડા પાડવામાં આવ્યા હતા. સેન્ટરોમાં પોલીસ, ક્રાઇમ બ્રાંચ, માહિલા સેલ, AHTU, IUCAWની ટીમો દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા.

# કલોલ ખાતે ચડ્ડી બનીયાનધારી ગેંગ ત્રાટકી: 100 કિલોની તિજોરી ચોરાઈ

**કલોલ**

કલોલમાં ચડ્ડી બનીયાન ધારી ટોળકી ત્રાટકી હતી. હાઇવે ઉપર નંદા ઓટોમાં ચડ્ડી બનીયાન ધારી ટોળકી ત્રાટકી હતી. તેમાં ટોળકીએ ચોકીદારને બંધક બનાવી લૂંટ ચલાવી હતી. જેમાં લૂંટારોઓ 100 કિલોની તિજોરી ઊંચકીને લઈ ગયા હતા. તેમજ તિજોરી તોડી અંદરથી લાખોની રોકડ રકમ લઈ ફરાર થયા છે.

ચોકીદારને માર મારી તેનો મોબાઇલ અને રોકડ રકમ પણ લૂંટી ગયા હતા. જેમાં કલોલના હાઇવે ઉપર નંદા ઓટોમાં મોડી રાત્રે પાંચથી વધુ ચડ્ડી બનીયાન ધારી લૂંટારોએ કહેર મચાવ્યો હતો. ચડ્ડી બનિયાન ધારી ટોળકીયે ચોકીદારને બંધક બનાવી લૂંટ ચલાવી હતી. ચોકીદારને બંધક બનાવી લૂંટારોઓ 100 કિલો ઉપરાંત વજનની તિજોરી ઊંચકીને લઈ ગયા હતા. 100 કિલો ઉપરાંત વજનની તિજોરી શોરૂમની પાછળ ઝાડિયોમાં લઈ ગયા હતા. જેમાં લૂંટારો તિજોરી તોડી અંદરથી લાખોની રોકડ રકમ લઈ ફરાર થયા હતા.

લૂંટારોઓએ ચોકીદારને માર મારી તેનો મોબાઇલ અને રોકડ રકમ પણ લૂંટી લીધી હતી. જેમાં કલોલમાં ચડ્ડી બનિયાન ધારી ટોળકી ત્રાટકતા ચકચાર મચી છે. પોલીસના નાઈટ પેટ્રોલિંગના દાવાની હવા કાઢતી ચડ્ડી બનિયાન ધારી ટોળકી સામે આવી છે. કલોલમાં એક દિવસ અગાઉ જ હાઈવે ઉપર દુકાનના તાળા તૂટી સવા લાખના ઘીની ચોરી થઈ હતી.

# કચ્છના રાપરમાં ૨.૯ ની તીવ્રતાના ભૂકંપ આવ્યો

**કચ્છ**

ગુજરાતમાં અવારનવાર ભૂકંપના આંચકા અનુભવાય છે. ફરી એક વાર કચ્છ જિલ્લામાં ધરા ધ્રૂજી છે. કચ્છના રાપર પાસે ભૂકંપના આંચકા અનુભવાયા છે. બપોરે ૩:૦૫ કલાકે ૨.૯ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપર કચ્છથી ૧૮ કિમી દૂર હોવાની માહિતી છે. આ પહેલા ૧૪ ઓક્ટોબરના રોજ પણ કચ્છમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. કચ્છના ખાવડાથી ૧૭ કિમી દૂર ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ૧૪ ઓક્ટોબરના રોજ મોડી રાત્રે ૨.૬ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. તે પહેલા પણ ૧ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ મોડી રાત્રે ભૂકંપના આંચકાનો અનુભવ થયો હતો. જેમા રાત્રિના ૮ વાગ્યા અને ૫૪ મિનિટે ૪.૫ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેનુ કેન્દ્રબિંદુ દૂધઈથી ૧૫ કિલોમીટર દૂર હતુ. આ અગાઉ પણ દૂધઈમાં જ ૩.૩ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો.

# 18,485 કરોડના MOU, રોજગારીની વધુ 65 હજાર તક સર્જાવાની આશા

**અમદાવાદ**

10મી વાઈબ્રન્ટ સમિટના પગલે અત્યાર સુધીમાં ગુજરાતમાં 18,485 કરોડના એમઓયુ સંપન્ન થયા છે, જેમાં 65,032 જેટલી રોજગારીનું સર્જન થવાનું છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે બુધવારે બપોરે ગાંધીનગર ખાતે આ દાવો કર્યો હતો.

પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતના 27 જિલ્લાઓમાં વાઈબ્રન્ટ ગુજરાત-વાઈબ્રન્ટ ડિસ્ટ્રિક્ટ કાર્યક્રમને સારો એવો પ્રતિસાદ મળ્યો છે, જેમાં 22 હજાર લોકો સહભાગી થયા છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રોકાણકારોને આવકારવા વિવિધ રાજ્યો અને દેશોમાં રાજ્ય સરકારના મંત્રીઓની ઉપસ્થિતિમાં રોડ શો યોજાશે. આ વખતની વાઈબ્રન્ટમાં એમઓયુ પ્લસ પદ્ધતિ અનુસરવામાં આવી છે, જેના પરિણામે સફળતાનો રેશિયો વધીને 90 ટકા જેટલો રહેવાનું અનુમાન છે, જેમાં જમીનની ઉપલબ્ધતા, ફાયનાન્શિયલ ક્લોઝર, ટેક્નો કોમર્શિયલ અને ફિઝિબિલિટી જેવા પરિબળોના પૂર્ણતઃ અભ્યાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. આ વખતની વાઈબ્રન્ટ સમિટમાં એમઓયુને રાજ્ય કક્ષા સુધી જ સીમિત નહિ રાખીને, જિલ્લા સ્તરે પણ રોકાણકારોને સ્મોલ એન્ડ મીડિયમ ઈન્ડસ્ટ્રીઝ, નાના રોકાણકારોને સહભાગી બનાવવા અને તેમની સ્કીલને પ્રોત્સાહન આપવા આ કાર્યક્રમ હાથ ધરાઈ રહ્યા છે.

શિવશ્રધ્ધા જ્યોતિષ
UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
૨૦ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ - રજી. કાર્યાલય
મહામોહીની વશીકરણ, શત્રુ પર વિજય, ધારેલી વ્યક્તિનું મિલન,
ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુક્તિ, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ
Love Problem • One Side Love • Divorce • Business
Family & Children Problem • Marriage Problem
પતિ-પત્ની-છોકરાઓ કહેવામાં ના હોય તો ચંદ્રમોહની વશીકરણ કરવામાં આવશે
On the Spot Result - Black Magic Specialist
NRI ભાઈઓ બહેનો માટે ફોન ઉપર માગદર્શન
84/A, શ્રીકુંજ રો હાઉસ, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ, India.
: +91-99246 34078
www.shivshraddhaastro.com

# 9 મંદિરમાં પહેલા નોરતે 12 લાખ ભક્તોએ દર્શન કર્યા, પાવાગઢમાં ભાવિકોનું ઘોડાપુર

## પાવાગઢમાં રવિવારે સાંજ સુધીમાં અંદાજે 3 લાખ ભાવિક ભક્તો પહોંચ્યા હતાં

**અમદાવાદ**

નવરાત્રિ શરૂ થતાં જ યાત્રાધામોમાં ભક્તોનું ઘોડાપુર જોવા મળી રહ્યું છે. પહેલા જ નોરતે રાજ્યના 9 માતાજીના મંદિરોમાં અંદાજે 12 લાખ ભક્તોએ દર્શન કર્યાં હતાં. પહેલા નોરતે જ પાવાગઢમાં રવિવારે સાંજ સુધીમાં અંદાજે 3 લાખ, અંબાજીમાં 2.16 લાખ, ચોટીલામાં એક લાખ, બહુચરાજી અને માતાના મઢમાં પણ 1.50 લાખ ભક્તો ઊમટ્યા હતા.

આ મંદિરમાં સાંજની આરતીનો ઘંટારવ થતાં જ મંદિર અંબાના જયઘોષથી ગૂંજી ઊઠ્યું હતું.અંબાજી મંદિરમાં પ્રથમ નોરતે સાંજ સુધીમાં 2.16 લાખથી વધુ ભક્તોએ દર્શન કર્યાં હતાં. મંદિરના યજ્ઞમંડપમાં રોજ 14 કુંડી હવન કરવામાં આવે છે પરંતુ પ્રથમ નોરતે વધુ 8 સાથે કુલ 22 યજ્ઞકુંડીમાં 150થી વધુ માઈભક્તોએ આહુતિ આપી માતાજીની વિશેષ આરાધના કરી હતી. પાવાગઢમાં ડુંગર ઉપર બિરાજેલાં મહાકાળી માતાજીનાં મળસકે 4 વાગ્યે દર્શન શરૂ કરી દેવાયાં હતાં. આથી મોટી સંખ્યામાં ભક્તો શનિવાર રાતથી જ પાવાગઢ મંદિર પર પહોંચી ગયા હતા.

બહુચરાજીમાં પ્રથમ દિવસે 1 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ દર્શનનો લાભ લીધો હોવાનો અંદાજ છે. ચોટીલા ચામુંડા માતાના મંદિરે નોરતાના પહેલા જ દિવસે 1 લાખથી વધુ ભક્તો દર્શન કરવા આવ્યા હતા. માતાના મઢમાં રવિવારે પ્રથમ નોરતે અંદાજિત 1.50 લાખ જેટલો માનવ મહેરામણ ઊમટ્યો હતો.

# ગુજરાતમાં ખુદાબક્ષોની વધતી સંખ્યા રેલવે દ્વારા 13 કરોડ દંડ પેટે વસૂલાયા

**અમદાવાદ**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં કાયદેસરના તમામ યાત્રીઓને આરામદાયક યાત્રા અને વધુ સારી સેવાઓ સુનિશ્ચિત કરવા અને રેલ ટ્રાફિકમાં અનધિકૃત વ્યક્તિઓને રોકવા અને મેલ,એક્સપ્રેસ તેમજ પેસેન્જર ટ્રેનો અને હોલિડે સ્પેશિયલ ટ્રેનોમાં ટિકિટ વગરના કે અનિયમિત યાત્રીઓ પર નિયંત્રણ માટે ચેકિંગ અભિયાન ઝુંબેશ સતત હાથ ધરવામાં આવે છે.

આ વર્ષે, ઓક્ટોબર 2023 ના બીજા સપ્તાહમાં, અમદાવાદ મંડળ દ્વારા ટિકિટ ચેકિંગ સ્કવોડ સહિત આરપીએફ, જીઆરપી ની મદદથી મણિનગર નડિયાદ, અસારવા, દહેગામ, મહેસાણા, પાલનપુર, ગાંધીધામ સેક્શન અને અમદાવાદ સ્ટેશન પર વિવિધ પ્રકારે ટિકિટ ચેકીંગ અભિયાન હાથ ધરવામાં આવેલ. મોટા પાયે કરવામાં આવેલ આ તપાસ દરમિયાન 7460 કેસ નોંધાયા હતા અને રૂ. 50.20 લાખથી વધુની આવક પ્રાપ્ત થઈ હતી. આ વર્ષે મંડળ દ્વારા એપ્રિલ 2023 થી સપ્ટેમ્બર 2023 સુધીમાં ટિકિટ વિનાના, અનિયમિત ટિકિટ, બુક ન કરાવેલા માલના કુલ 1.86 લાખ કેસ દ્વારા રુ.13.29 કરોડની આવક પ્રાપ્ત થઈ છે.

# ગુજરાત શિક્ષણ બોર્ડના ચૅરમૅનનું રાજીનામું

**અમદાવાદ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન તરીકે ફરજ બજાવતા નિવૃત આઈએએસ અધિકારી એ.જે. શાહે અચાનક જ રાજીનામું આપી દીધું હતું. શિક્ષણ બોર્ડના ચૅરમૅન તરીકે સતત પાંચ વખત એક્સટેન્શન મળ્યા બાદ તેમણે ટર્મ પૂર્ણ થાય તે પહેલા જ રાજીનામું ધરી દેતા અનેક તર્ક વિતર્ક શરૂ થયા છે.ગુજરાત સરકારે તાજેતરમાં જ ગુજરાત શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં મહત્ત્વના ફેરફાર કર્યા છે અને બે વાર પરીક્ષાની પેટર્ન તેમજ નવી પરીક્ષા પદ્ધતિ લાગુ કરી છે. ત્યારે આ મહત્ત્વના ફેરફારો સમયે જ ગુજરાત બોર્ડના ચૅરમૅને રાજીનામું ધરી દીધું હતું.

## માથાના દુખાવાના કેસમાં 56 ટકાનો વધારો નોંધાયો

# પ્રથમ નોરતે માર્ગ અકસ્માતથી 485ને ઈજા થઈ, મોટાભાગના કેસ ઓવર સ્પિડના હતા

**અમદાવાદ**

ગુજરાતમાં સામાન્ય દિવસોમાં વાહન અકસ્માતથી ઈજાના સરેરાશ 414 કેસ નોંધાતા હોય છે. જેની સરખામણીએ રવિવારે પ્રથમ નોરતાંના વાહન અકસ્માતથી ઈજાના 485 કેસ નોંધાયા હતા. આમ, સામાન્ય દિવસો કરતાં 17.05 ટકાનો વધારો થયો છે. વાહન અકસ્માતથી ઈજાના મોટાભાગના કેસ ઓવર સ્પિડિંગને લીધે હતા. (108 emergency)હજુ આગામી દિવસોમાં વાહન અકસ્માતથી ઈજાના કેસમાં વધારો થાય તેવી પૂરી સંભાવના છે. બીજી તરફ છેલ્લા કેટલાક સમયથી ગરબા કરતી વખતે હાર્ટ એટેકના કેસમાં વધારો થયો છે. જેના પગલે અમદાવાદ મેડિકલ એસોસિયેશન દ્વારા ગાઈડલાઈન પણ જાહેર કરાઈ હતી.

પ્રથમ નોરતાંમાં હૃદયને લગતી ઈમરજન્સીના 207 કોલ્સ આવ્યા હતા. સામાન્ય દિવસોમાં હૃદયને લગતી ઈમરજન્સીના સરેરાશ ૨૧૮ જેટલા કોલ્સ આવતા હોય છે. આમ, સામાન્ય દિવસોની સરખામણીએ હૃદયને લગતી ઈમરજન્સીના કોલ્સમાં ૫ ટકાનો ઘટાડો થયો છે.

# લાઉડ સ્પીકરના ઉપયોગ માટે લાયસન્સ ફરજિયાત

**અમદાવાદ**

રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણ વિવાદ મુદ્દે થયેલી અરજીમાં અમદાવાદ પોલીસનું સોગંદનામુ રજૂ કર્યુ છે. લાઉડ સ્પીકર વેચનારે તેમાં સાઉન્ડ લિમિટર ઈન્સ્ટોલ કરવું ફરજિયાત છે. લાઉડ સ્પીકર ખરીદનારે જાહેરમાં ઉપ યોગ પહેલા લાઈસન્સ લેવું ફરજિયાત છે. રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણ વિવાદ મુદ્દે થયેલી અરજીમાં અમદાવાદ પોલીસનું સોગંદનામુ રજૂ કર્યુ છે. જેમાં જણાવવામાં આવ્યુ છે કે લાઉડ સ્પીકર વેચનારે તેમાં સાઉન્ડ લિમિટર ઈન્સ્ટોલ કરવું ફરજિયાત છે. લાઉડ સ્પીકર ખરીદનારે જાહેરમાં ઉપયોગ પહેલા લાઈસન્સ લેવું ફરજિયાત છે. તો પ ોલીસની પરવાનગી વગર જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે. પોલીસ શરતોને આધીન લાઉડ સ્પીકર વગાડવા મંજૂરી આપી શકશે.

# નવ શક્તિઓના વિજયનો ઉત્સવ એટલે વિજયાદશમી

## અનાદી કાળથી વિજયાદશમીના તહેવાર સાથે અનેક દંતકથા સકંળાયેલી છે પરંતુ રામે રાવણનો વધ કર્યો તેથી તે દિવસની મહત્તાથી જ જનસામાન્ય વાકેફ છે હકીકતમાં પાંડવો અને રાજા વિરાટ સાથેની કથાઓ પણ તેની સાથે સંકળાયેલી છે

વિજ્યાદશમીના પૌરાણિક મહત્વ મુજબ શત્રુ ઉપર વિજય મેળવવા માટે આ દિવસે પ્રસ્થાન કરવુ જોઈએ. એવી માન્યતા છે કે ભગવાન શ્રી રામે દશમીના દિવસે અધર્મી રાવણને હણ્યો હતો. કહેવાય છે કે ભગવાન શ્રી રામે પણ માતા દુર્ગાની પૂજા કરીને શક્તિનું આહ્વાન કર્યું હતું. ભગવાન શ્રી રામની પરીક્ષા લેતા પૂજામાં રાખવામાં આવેલા કમળના ફૂલોમાંથી એક ફૂલ ગાયબ કરી દેવાયું હતું. જેથી રામને રાજીવનયન એટલે કે કમળના નેત્રોવાળા કહેવાતા હતાં. આથી તેમણે પોતાનું એક નેત્ર માતાને અર્પણ કરવાનો નિર્ણય લીધો. જેવા તેઓ પોતાના નેત્ર કાઢવા લાગ્યાં કે દેવી પ્રસન્ન થઈને તેમની સમક્ષ પ્રગટ થયા અને વિજયી ભવના આશીર્વાદ આપ્યાં. એટલું જ નહીં આ જ દિવસે માતા દુર્ગાએ મહિષાસુર નામના દાનવનો વધ કરીને તેના આતંકથી દેવોને મુક્ત કર્યા હતાં. નવરાત્રિના નવ દિવસ બાદ 10મો દિવસ નવ શક્તિઓના વિજયના ઉત્સવ તરીકે વિજયા દશમી રૂપે ઉજવાય છે. ભગવાન રામે નવ દિવસ સુધી રાવણ સાથે યુધ્ધ કર્યુ હતું. દશેરાના દિવસે ભગવાન રામે રાવણને બપોરે અ પ ર ા હ ન કાળના વિજય મુ હૂ ર્ત મ ાં મ ા ર ્ય ો હતો. આ સંદર્ભે પણ આ દિવસ વિજયા-દશમી રૂપે મનાવાય છે.

બીજી પૌરાણિક કથા અનુસાર દશેરા એ મૂળ સંસ્કૃત શબ્દ છે જે દશા અને હાર પરથી બનેલો છે. જેનો અર્થ થાય છે સુર્યની હાર. કહેવાય છે કે, જો ભગવાન શ્રી રામે રાવણનો વધ ના કર્યો હોત તો સુર્ય હંમેશને માટે અસ્ત થઈ જાત અને જગતમાં અંધારપટ છવાઇ ગયો હોત.

એવી માન્યતા છે કે મા દુર્ગા નવરાત્રિના સમય દરમ્યાન પોતાના પિયરમાં આવે છે અને દસમા દિવસે તેમની વિદાય હોય છે.

અન્ય પૌરાણિક માન્યતા અનુસાર પાંડવો દુર્યોધન સામે ધૃત ક્રીડા (જુગાર)માં રાજ્ય હારી જતાં તેઓ સમક્ષ ૧૨ વર્ષના વનવાસ સાથે ૧૩ મા વર્ષે અજ્ઞાત વાસની શરત મૂકી હતી. જો તેઓ આ સમય દરમિયાન ઓળખાઈ જાય તો ફરી ૧૨ વર્ષનો વનવાસ તેમજ ૧ વર્ષનો અજ્ઞાતવાસ ભોગવવો પડશે. સમગ્ર વનવાસ દરમિયાન તેમના ધનુષ્ય બાણને શમીના (ખીજડા)વૃક્ષની બખોલમાં છુપાવ્યા હતા. રાજા વિરાટના દરબારમાં બ્રુહનલ્લલા વેશે રહેલા અર્જુને દશેરાના દિવસે ગોરક્ષાર્થે શમી (ખીજડા) ના વૃક્ષની બખોલમાં છુપાવેલા ગાંડીવ લઈને દશેરાના દિવસે વિજય ટંકાર કર્યો હતો. આથી દશેરાના દિવસે શમી એટલે કે ખીજડાનું પૂજન કરવામાં આવે છે. આ ઉપરાંત એક શ્લોકનું પઠન કરવું જોઈએ. જે આ પ્રમાણે છે.

મમ કુટુંબસ્ય ક્ષેમ સિદ્ધયર્થમ્
પરાજિતા પૂજનમ કરિસ્યે.

આ ઉપરાંત મંત્રોનું ગાન કરીને ૧૬ ઉપચારો સાથે અપરાજિતા, જયા અને વિજયાદેવીની પૂજા ભાવપૂર્વક કરીને અપરાજીતાયૈ નમઃ જયાયૈ નમઃવિજયાયૈ નમઃ નો જાપ કરવો જોઈએ.

**- ડો.જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક (સંગીતકાર)**

### વિજ્યાદશમીએ શમીના પાનની પૂજાનું મહત્વઃ-

શમી વૃક્ષની પૂજા અવશ્ય કરવી જોઈએ. અન્ય ધાર્મિક એક પૌરાણિક કથા મુજબ એક રાજાએ પોતાના રાજ્યમાં એક મંદિર ભગવાનની પ્રાણ-પ્રતિષ્ઠા કરવા માટે એક બ્રાહ્મણને બોલાવ્યો. પ્રાણ પ્રતિષ્ઠા પૂર્ણ થઈ ગયા બાદ રાજા એ બ્રાહ્મણને દક્ષિણામાં શું જોઈએ ? એમ પૂછતાં તેણે કહ્યું કે, મને લાખ સુવર્ણ મુદ્રા જોઈએ. બ્રાહ્મણની વાત સાંભળી રાજાને ઘણી ચિંતા થઈ. કારણ કે રાજા પાસે આપવા માટે આટલી સુવર્ણ મુદ્રા ન્હોતી. પરંતુ બ્રાહ્મણને તેની દક્ષિણા આપવી જરૂરી હતી. રાજાએ બ્રાહ્મણને કહ્યું કે રાત્રિ વિશ્રામ કરો. તમને પ્રાતઃ કાળે દક્ષિણા આપીશું. તે ચિંતામાં તેને ઊંઘ આવી નહીં. તેના સ્વપ્નમાં ભગવાન પ્રગટ થઈ બોલ્યા “અત્યારે જ ઉઠ અને બને તેટલા શમીના પાન ઘરે લઈ આવ. તારી સમસ્યાનું સમાધાન થઈ જશે.” પરંતુ તો પણ તેણે વિચાર્યુ કે, શમીના પાન લાવવામાં શું ખોટુ છે.? તે રાત્રિ દરમિયાન ઘણા બધા શમીના પાન લઈ આવ્યો. રાજા સવારમાં ઉઠ્યો અને તેણે જોયુ કે, શમીના બધા જ પાન સોનાના પાન બની ગયા છે. તે જ દિવસે વિજ્યા-દશમી હતી. ત્યારથી જ એવી માન્યતા છે કે વિજ્યા-દશમીની રાત્રે શમીના પાન ઘરે લાવવાથી ઘરમાં સોનાનું આગમન થાય છે. આ ઉપરાંત ધાર્મિક માન્યતા અનુસાર આ દિવસે ભારતમાં થતાં અપરાજિતા (વિષ્ણુકાંતા) પુષ્પ કે જે ભગવાન વિષ્ણુ અતિ પ્રિય એવા અપરાજિતા (વિષ્ણુપ્રિયા) નામના નીલા રંગના છોડની પૂજા તુલસીના છોડની જેમ જ કરવી જોઈએ. કારણ કે, આ છોડ આપણી દરેક પરિસ્થતિમાં આપણો સહાયક બનીને વિજય પ્રદાન કરનારો છે. લોકપ્રણાલિકા અનુસાર વાહન, શાસ્ત્રો અને વાદ્યોની પૂજા કરવામાં આવે છે. રાજાઓ દ્વારા ઘણા રાજ્યોમાં ઘોડા, હાથીઓ, સૈનિકો સાથે પરિભ્રમણ કરવામાં આવે છે. આ દિવસે પોતાના રાજ્યની સીમા ઓળંગીને પુનઃ પોતાના રાજ્યમાં પ્રવેશ કરવામાં આવે છે.

### જલેબી ફાફડા ખાવાનું ધાર્મિક અને વૈજ્ઞાનિક મહત્વ

પ્રાચીન માન્યતા અનુસાર ભગવાન રામને જલેબી અત્યંત પ્રિય હતી. એ સમયે જલેબીને શશકૌલી તરીકે ઓળખવામાં આવતી. તેથી દશેરાના દિવસે જલેબી ખાવામાં આવે છે. વળી હિન્દુ ધર્મની માન્યતા અનુસાર બીજા દિવસે ઉપવાસ માત્ર ચણાના લોટની વાનગી ખાઈને તોડવો જોઈએ. તેથી ફાફડા ખાવાની પરંપરા શરૂ થઈ. વળી આ માસમાં બે ઋતુઓ ભેગી થવાથી માઇગ્રેઈનની સમસ્યાને દુર કરવા જલેબી ખાવાથી સેરોટોનિન નામનું તત્વ અંકુશમાં આવે છે.

# સિક્કિમમાં ગ્લેશિયલ લેક તૂટતાં સર્જાયેલી તબાહીમાં અત્યાર સુધી 40 નાગરિકના મોત

**સિક્કિમ**

સિક્કિમમાં ગ્લેશિયલ લેક તૂટવાથી સર્જાયેલી તબાહીમાં અત્યાર સુધીમાં 40 લોકોના મોત થયા છે. 4 ઓક્ટોબરે દુર્ઘટનાના બે અઠવાડિયા પછી પણ 76 લોકો હજુ પણ ગુમ છે. 4 ઓક્ટોબરે સિક્કિમમાં વાદળ ફાટવાના કારણે તિસ્તા નદીમાં પૂર આવ્યું હતું. જેમાં 88 હજાર લોકો પ્રભાવિત થયા હતા. 2011ની વસ્તી ગણતરી મુજબ, સિક્કિમની વસ્તી 6.10 લાખ છે. આ ભારતના કોઈપણ રાજ્યમાં સૌથી ઓછું છે. સિક્કિમ ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર, પાક્યોંગ જિલ્લામાં અત્યાર સુધીમાં સૌથી વધુ મૃતદેહો મળી આવ્યા છે.અહીંથી 26 મૃતદેહો મળી આવ્યા છે, જેમાંથી 11 આર્મીના જવાન હતા જ્યારે 15 નાગરિક હતા.

આ સિવાય મંગનમાં 4, ગંગટોકમાં 8 અને નામચીમાં 2 મૃતદેહ મળી આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે



પડોશી રાજ્ય પશ્ચિમ બંગાળમાં પણ તિસ્તા નદીના નીચેના વિસ્તારોમાંથી ઘણા મૃતદેહો તણાઇ ગયા હતા. ગુમ થયેલા 76 લોકોમાંથી 28 પાક્યોંગ, 23 ગંગટોક, 20 મંગન અને પાંચ નામચીના હતા. સિક્કિમ ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર, હાલમાં રાજ્યમાં 20 રાહત શિબિરો ચાલી રહી છે, જેમાં લગભગ 2,080 લોકો રહે છે.

# તેલંગણામાં રાજા અને પ્રજા વચ્ચેની લડાઈઃ રાહુલ ગાંધીના આકરા પ્રહાર

**નવી દિલ્હી**

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ચૂંટણી પ્રચાર માટે આજે તેલંગાણા પહોંચ્યા હતા. તેલંગાણાના ભૂપાલપલ્લીથી પન્નૂર ગામ સુધી કોંગ્રેસની એક ચૂંટણી રેલીમાં લોકોને સંબોધિત કરતા રાહુલે બીજેપી, બીઆરએસ અને એઆઈએમઆએમ પર નિશાન સાધ્યુ હતું. તેમણે કહ્યું કે, કેસીઆર ચૂંટણીમાં હારી જશે. આ લડાઈ રાજા અને પ્રજાના વચ્ચેની છે. તમે ઈચ્છતા હતા કે, તેલંગાણામાં જનતાનું રાજ આવે પરંતુ અહીં માત્ર એક પરિવારનું રાજ બની ગયુ છે. રાહુલે રેલીને સંબોધિત કરતા કહ્યું કે, તેલંગાણામાં માત્ર એક પરિવારનું રાજ છે. સીએમનો જનતા સાથે કોઈ મતલબ નથી. દેશમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર તેલંગાણામાં જ છે. તેલંગાણાના મુખ્યમંત્રી પાછળ સીબીઆઈકે ઈડીકેમ નથી આવતી. દેશમાં હાલમાં ઈડીને લઈને ખૂબ જ રાજકારણ ચાલી રહ્યું છે. કોંગ્રેસ સહિત વિપક્ષી દળોનું કહેવું છે કે, ઈડીને જાણી જોઈને વિપક્ષી નેતાઓ પાછળ લગાવાઈ રહી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, જાતિગત વસતી ગણતરી દેશ માટે એક્સ-રેનું કામ કરશે. જ્યારે હું જાતિગત વસતી ગણતરીની વાત કરું છું ત્યારે ન તો વડા પ્રધાન નરેન્દ્ર મોદી કંઈ બોલે છે અને ન તો તેલંગાણાના મુખ્યમંત્રી કેસીઆર કંઈ બોલે છે.




અટારી-વાઘા બોર્ડર પર દેશનો સૌથી ઊંચો ત્રિરંગો લહેરાવાયો છે. ભારતના ત્રિરંગાની ઊંચાઇ 418 ફુટ છે, જે પાકિસ્તાની ધ્વજથી 18 ફુટ વધુ છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી (Nitin Gadkari)એ કહ્યું કે, સરહદ પર લહેરાવાયેલ ત્રિરંગો ખાસ સર્વેલન્સ ટેકનોલોજીથી સજ્જ છે. ત્રિરંગાના ટોચ પર એક સિસ્ટમ લગાવાયું છે, જે આપણા જવાનોને સરહદની દેખરેખ રાખવામાં મદદ કરશે. અગાઉ ભારતીય ત્રિરંગાની પોલની ઊંચાઇ 360 ફુટ હતી, જ્યારે પાકિસ્તાની ધ્વજની પોલની ઊંચાઇ 400 ફુટ છે. હવે ભારતના દ્વારે 418 ફુટ ઊંચા ત્રિરંગો લહેરાઈ રહ્યો છે.

# ફેક બર્થ સર્ટિફિકેટ કેસમાં સપા નેતા આઝમ ખાન, પત્ની અને પુત્રને 7 વર્ષનો કારાવાસ

**લખનઉ**

બુધવારે સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા આઝમ ખાનના પુત્ર સાથે જોડાયેલા નકલી જન્મ પ્રમાણપત્ર કેસમાં ખૂબ જ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રામપુરની MP-MLA કોર્ટે ત્રણેયને દોષિત જાહેર કર્યા છે. દરેકને 7-7 વર્ષની સજા ફટકારી છે. ત્રણેયને

કોર્ટમાંથી સીધા જેલમાં લઈ જવામાં આવશે. સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાન માટે એક માઠા વાવડ આવ્યા છે. ફેક બર્થ સર્ટિફિકેટ કેસમાં પત્ની તંજીન ફાતિમા, પુત્ર અબ્દુલ્લા આઝમને દોષિત જાહેર કર્યા છે. બન્ને વ્યક્તિઓને સાત વર્ષની સજા ફટકારી છે. ફેક બર્થ સર્ટિફિકેટ કેસ પર વર્ષ 2017ની વિધાનસભા ચૂંટણી તેમણે લડી હતી. એ સમયે અબ્દુલ્લા આઝમે રામપુરની સ્વાર વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડી હતી. આ ચૂંટણીમાં એમની જીત થઈ



હતી. પણ ચૂંટણીના પરિણામ બાદ એમની સામે હાઈકોર્ટમાં કેસ થયો હતો. એવો આરોપ હતો કે, અબ્દુલ્લા આઝમે ચૂંટણીના ફોર્મમાં જણાવેલી ઉંમર અસલી નથી. એજ્યુકેશન સર્ટિફિકેટમાં એમની જન્મતારીખ 1 જાન્યુઆરી 1993 હતી. જ્યારે જન્મના પ્રમાણપત્રમાં એમનો જન્મ તારીખ 30 સપ્ટેમ્બર 1990 સ્પષ્ટ કર્યો હતો. પછી સમગ્ર મામલો કોર્ટમાં ગયો અને તપાસ કરવામાં આવી હતી.

# રાષ્ટ્રપતિએ ગુજરાત સહિત 8 હાઈકોર્ટ માટે 17 જજોની નિમણૂક કરી, 16 જજોની બદલી

**નવી દિલ્હી**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે 8 હાઈકોર્ટ માટે 17 જજોની નિમણૂક પર મંજુરીની મહોર મારી છે, જ્યારે 16 જજોની બદલી પણ કરવામાં આવી છે. નોટિફિકેશન મુજબ આંધ્રપ્રદેશ હાઈકોર્ટમાં 4, બોમ્બે હાઈકોર્ટમાં અને કેરળ હાઈકોર્ટમાં 3-3, દિલ્હી હાઈકોર્ટ અને ત્રિપુરા હાઈકોર્ટમાં 2-2 તેમજ ગુજરાત, છત્તીસગઢ અને કર્ણાટક હાઈકોર્ટમાં 1-1 જજની નિમણૂક કરવામાં આવી છે. આ ઉપરાંત રાષ્ટ્રપતિએ હાઈકોર્ટના 16 જજોની બદલીની મંજૂરી પર પણ મહોર મારી છે.

**નિમણૂક કરાયેલા 17 જજોની યાદી**

| | |
|---|---|
| આંધ્રપ્રદેશ હાઈકોર્ટ | હરિનાથ નુનેપલ્લી, કિરણમયી મંડાવ ઉર્ફે કિરણમયી કનાપાર્થી, સુમતિ જગદમ, ન્યાપતિ વિજય |
| બોમ્બે હાઈકોર્ટ | અભય જૈનારાયંજી મંત્રી, શ્યામ છગનલાલ ચંડોક, નીરજ પ્રદીપ ધોટે |
| કેરળ હાઈકોર્ટ | જોનસન જોન, ગોપીનાથ યુ ગિરિસ, સી.પ્રદીપ કુમાર |
| દિલ્હી હાઈકોર્ટ | એડિશનલ જજ તરીકે શલિંદર કૌર, રવિન્દ્ર ડુડેજા |
| છત્તીસગઢ હાઈકોર્ટ | વકીલ રવિંદ્ર કુમાર અગ્રવાલ |
| કર્ણાટક હાઈકોર્ટ | વકીલ કે.વી.અરવિંદ |
| ત્રિપુરા હાઈકોર્ટ | ન્યાયિક અધિકારી બિસ્વજીત પાલિત, સબ્યસાચી દત્ત પુરકાયસ્થ |
| ગુજરાત હાઈકોર્ટ | ન્યાયિક અધિકારી વિમલ કનૈયાલાલ વ્યાસ |

# મિઝોરમ વિધાનસભા ચૂંટણીઃ BJPએ 9 ઉમેદવારોની બીજી યાદી બહાર પાડી

## આતંકીઓએ એરબેઝમાં ઘૂસી 7 જવાનોની હત્યા કરી હતી

**મિઝોરમ**

ભારતીય જનતા પાર્ટીએ 7 નવેમ્બરે યોજાનારી મિઝોરમ વિધાનસભા ચૂંટણી માટે 9 ઉમેદવારોની બીજી યાદી બહાર પાડી છે. મિઝોરમમાં 7 નવેમ્બરે વિધાનસભા ચૂંટણી યોજાશે અને મતગણતરી 3 ડિસેમ્બરે થશે. અગાઉ, ભગવા પાર્ટીએ બુધવારે સવારે મિઝોરમની 12 વિધાનસભા બેઠકો માટે તેના ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. દરમિયાન, એક અલગ સૂચનામાં, ભાજપે છત્તીસગઢની પંડારિયા વિધાનસભા બેઠક પરથી ભાવના બોહરાને તેના ઉમેદવાર બનાવ્યા છે, જ્યાં 7 અને 17 નવેમ્બરના રોજ બે તબક્કામાં મતદાન થશે.

મિઝોરમ વિધાનસભા ચૂંટણી માટે BJPની યાદી અનુસાર, આર લાલબિયાક્તલુઆંગી લુંગલેઈ પશ્ચિમ બેઠક પરથી, શાંતિ વિકાસ ચકમા થોરાંગ બેઠક પરથી, માલસાવમતલુઆંગા હાચેક બેઠક પરથી અને વનલાલહુમુઆકા દંપા બેઠક પરથી ચૂંટણી લડશે.

# ભારતમાં ટેસ્લા જેવી મોટી ઈવી કંપનીઓ માટે ઈમ્પોર્ટ ડ્યૂટી ઘટાડવા માટે વિચારણા

**નવી દિલ્હી**

ટેસ્લા જેવી કંપનીઓ આવનારા સમયમાં લોકલ મેન્યુફેક્ચરિંગ અને લોકલ સોર્સિંગ અંગે આશ્વાસન આપે તો ભારત સરકાર આ કંપનીઓના ઈલેક્ટ્રિક વ્હિકલ્સ (ઈવી) માટે ઓછી ઈમ્પોર્ટ ડ્યૂટીને મંજૂરી આપી શકે છે. હાલ 40 હજાર ડોલરથી વધુ કિંમતની ઈલેક્ટ્રિક કાર પર 100 ટકા ઈમ્પોર્ટ ડ્યૂટીનો અર્થ એવો થાય કે આ કાર ભારતમાં લવાય તો તેની બજારકિંમત અન્ય દેશોની સરખામણીમાં ઘણી વધી જાય. કેન્દ્ર સરકાર ઈવી ઉત્પાદક કંપનીઓને વારંવાર કહી ચૂકી છે કે તેઓ તેમના વાહનો ભારતમાં ઈમ્પોર્ટ કરીને વેચવાના બદલે લોકલ મેન્યુફેક્ચરિંગ કરે.

# દિલ્હીમાં હવાના પ્રદૂષણમાં આંશિક ઘટાડો, સરકાર અને તંત્રને હાશકારો

**નવી દિલ્હી**

દિલ્હીમાં પ્રદૂષણનું પ્રમાણ વરસાદ બાદ થોડુ ઘટયુ છે. તો બીજી તરફ પહાડોમાં હિમવર્ષા થતા ઉત્તરભારતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જો કે દિલ્હીમાં હવામાન હાલ કેવુ છે અને આગામી સમયમાં ઠંડી વધશે કે ઘટશે ?

દિલ્હીમાં પ્રદૂષણનું પ્રમાણ સૌથી વધુ છે. પરંતુ હવે વરસાદ બાદ પ્રદૂષણમાંથી થોડી રાહત મળી છે. જો કે હજી પણ AQIમાં ઘણા સુધારાની જરૂર છે. ત્યારે આજે રાજધાનીમાં AQI મધ્યમ શ્રેણીમાં નોંધવામાં આવ્યો હતો.એવું કહી શકાય કે દિલ્હીની હવાની ગુણવત્તામાં થોડો સુધારો થયો છે. મળતી માહિતી અનુસાર દિલ્હીની એકંદરે હવાની ગુણવત્તા આજે 'મધ્યમ' શ્રેણીમાં નોંધાઈ હતી. દિલ્હીના અક્ષરધામ વિસ્તારમાં આછું ધુમ્મસ જોવા મળ્યું હતું. જ્યારે લોધી રોડ વિસ્તારમાં AQI 116 નોંધવામાં આવ્યો છે. દિલ્હીમાં પ્રદૂષણ ઘટાડવા માટે સરકાર સતત તૈયારીઓ કરી રહી છે. પુણેમાં બુધવારની સરખામણીએ ગુરુવારે AQI માં 150 નો ઘટાડો નોંધાયો હતો, જે 170 હતો. ચેન્નાઈ અને અમદાવાદમાં ઉછાળો નોંધાયો હતો.

# દેશમાં સજાતીય લગ્નોને કાયદાકીય મંજૂરી આપવા સુપ્રીમ કોર્ટે ઈન્કાર કર્યો

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે બે મહિના સુધી સુનાવણી કર્યા પછી અંતે દેશમાં સજાતીય લગ્નોને કાયદાકીય મંજૂરી આપવાનો ઈન્કાર કર્યો છે. સજાતીય લગ્નો મુદ્દે સુપ્રીમ કોર્ટની પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચનો ચૂકાદો ૩-૨થી વિભાજિત રહ્યો હતો. સુપ્રીમે કહ્યું કે, કાયદો બનાવવાનું કામ સંસદનું છે. તેમાં ન્યાયતંત્ર દખલ કરી શકે નહીં. જોકે, સુપ્રીમ કોર્ટે સજાતીય યુગલોના જીવનસાથી પસંદ કરવા અને સંબંધો બનાવવાના અધિકારોને માન્યતા આપી હતી તેમજ તેમને બેન્કમાં સંયુક્ત ખાતું ખોલાવવા સહિત અન્ય કેટલાક કાયદાકીય અધિકારો અપાવવા માટે સમિતિ બનાવવાની કેન્દ્ર સરકારનું સૂચન સ્વીકારી લીધું હતું.

# 2030માં ભારતીય અર્થતંત્રનું કદ વધીને સાત ટ્રિલિયન અમેરિકન ડોલર થશે : જેપી મોર્ગન

## ભારતીય જીડીપીનું કદ વધારવામાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો સૌથી મોટો ફાળો

**નવી દિલ્હી**

ભારતને વિશ્વના ત્રીજા સૌથી મોટા અર્થતંત્ર બનવામાં હવે વધારે સમય નહીં લાગે. જો જેપી મોર્ગનના એમડી જેમ્સ સુલિવાનના અનુમાનને માનીએ તો ભારત 2027 સુધીમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બની જશે. જેમ્સ સુલિવાન જેપી મોર્ગનમાં એશિયા પેસેફિક

ઈક્વિટી રિસર્ચના મેનેજિંગ ડિરેક્ટર છે. તેમણે આગાહી કરી છે કે 2030માં ભારતીય અર્થતંત્રનું કદ વધીને સાત ટ્રિલિયન અમેરિકન ડોલરનું થઈ જશે. એક મુલાકાતમાં સુલિવાને ભારતીય નિકાસમાં તીવ્ર વધારો થવાનું અનુમાન પણ મૂક્યું છે. તેમણે જણાવ્યું હતું કે

હાલમાં ભારતીય નિકાસ 500 અબજ ડોલરથી પણ નીચી છે. આ નિકાસ વધીને એક લાખ કરોડ ડોલર સુધી પહોંચી જવાની સંભાવના છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે



ભારતની જીડીપીનું કદ વધારવામાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો સૌથી મોટો હાથ રહેશે.

હાલમાં ભારતીય જીડીપીમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો હિસ્સો 17 ટકા છે તે વધીને 25 ટકા સુધી પહોંચી જવાનું અનુમાન છે. આ સંજોગોમાં ભારતીય નિકાસો ઉછળીને એક લાખ કરોડ ડોલર પર પહોંચી જશે.

# વાયુસેનાનું અદ્યતન હથિયાર બ્રહ્મોસ એર લોન્ચ મિસાઇલનું સફળ પરીક્ષણ

**બેંગ્લોર**



આત્મનિર્ભર ભારત તરફ સફળતા પૂર્વક ભારત આગળ વધી રહ્યું છે. ત્યારે રક્ષાક્ષેત્રે પણ ભારતે આત્મનિર્ભરતા હાંસલ કરી લીધી છે. ભારતીય વાયુ સેનાએ બંગાળની ખાડીમાં બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનું એર લોન્ચ વર્ઝનનું સફળ પરિક્ષણ કર્યું છે.

બ્રહ્મોસ એર-લોન્ચ વર્ઝન મિસાઈલનું પરીક્ષણ સુખોઈ-30MKI ફાઈટર જેટથી કરવામાં આવ્યું હતું. આ ફાઈટર જેટમાં બ્રહ્મોસ ક્રુઝ મિસાઈલ છોડવાની ક્ષમતા છે, જે લાંબા અંતર સુધી દુશ્મનના નિશાન પર હુમલો કરી શકે છે. સંરક્ષણ અધિકારીઓએ સમાચાર એજન્સી એએનઆઈને જણાવ્યું હતું કે, "છેલ્લા કેટલાક દિવસોમાં, બ્રહ્મોસ હવાથી પ્રક્ષેપિત મિસાઈલને સુખોઈ 30MKI ફાઈટર જેટથી લોન્ચ કરવામાં આવી હતી. જેટે દક્ષિણી દ્વીપકલ્પના એક એરબેઝ પરથી મિસાઈલ સાથે ઉડાન ભરી હતી અને સફળતાપૂર્વક એક લક્ષ્ય પર સફળતા પૂર્વક નિશાનો સાધીને હુમલો કરતી વખતે મિસાઈલ 1,500 કિમીથી વધુ દૂર સુધી ગઈ હતી."

# એમપીમાં મહિલાએ બે વર્ષની ભત્રીજીની હત્યા કરીને લાશ સોફામાં છુપાવી દીધી

**ભોપાલ**

મધ્યપ્રદેશના ભોપાલમાંના હનુમંતાબ વિસ્તારમાં એક મહિલાએ તેની બે વર્ષની ભત્રીજીની હત્યા કરી હતી. આ અંગે માહિતી આપતા સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ પ્રિયંકા શુક્લએ જણાવ્યું હતું કે, શકીબ મનસુરી નામની એક વ્યક્તિની બે વર્ષની પુત્રી સોમવાર બપોરથી ગુમ થઈ હતી તેથી તેની શોધ શરૂ કરવામાં આવી.

તે પછી સૌથી પહેલા તો તે બાળકીના કુટુંબીજનોની પૂછપરછ શરૂ કરાઈ હતી તેમના નિવેદનોમાં અસંબદ્ધતા જણાતા પોલીસે ઘરમાં તપાસ શરૂ કરી અને ઘરના ડ્રોઈંગરૂમમાં રહેલા સોફામાંથી તે બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતા.

આ પછી પોલીસે કુટુંબીજનોની પૂછપરછ ફરી શરૂ કરી તેમાં તે બાળકીની કાકી અફસાનાએ કબુલ્યું કે, તેણે બાળકીની હત્યા કરી છે. અફસાનાએ વધુમાં કહ્યું કે, તે ડ્રોઈંગરૂમના સોફા ઉપર સૂતી હતી ત્યાં આ બાળકી આવી પહોંચી મેં તેને બહાર જવા કહ્યું રૂમ છોડી દેવા કહ્યું છતાં ન જતાં મેં તેને તમાચા માર્યા તેથી તે જોરથી રોવા લાગી તેથી મેં તેનું મોઢું દબાવી દીધું સાથે નાક પણ દબાઈ ગયું તેનો શ્વાસ બંધ થતા હું સમજી ગઈ કે મૃત્યુ પામી છે તેથી મેં તેના મૃતદેહને સોફામાં છુપાવી દીધો હતો.

# સ્કૂલમાં ગુલ્લી મારીને ઝારખંડના લોટવા ડેમમાં નાહવા ગયેલા 6 મિત્રોના મોત, 3ની લાશ મળી

## CMએ શોક વ્યક્ત કર્યો, બાળકો ડેમમાં નાવા બાઈક અને સ્કુટી પર નિકળ્યા હતા

**રાંચી**

ઝારખંડના હજારીબાગ સ્થિત સ્કુલના 6 મિત્રોના ડુબી જવાથી મોત નિપજવાની ઘટના સામે આવી હતી. રાજ્યના હઝારીબાગ સ્થિત સ્કુલના 6 મિત્રો ઈચાક પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ લોટવા ડેમમાં ડુબી જવાથી મોત નિપજ્યા હતા, જેમાંથી 3 મૃતદેહો મળી આવ્યા હતા, જ્યારે 3ની શોધખોળ ચાલી રહી છે. ઘટનાની જાણ થતાં જ મુખ્યમંત્રી હેમંત સોરેને શોક વ્યક્ત કર્યો છે અને જિલ્લા વહિવટીતંત્રને પણ પુરજોશમાં રાહત-બચાવ કાર્ય કરવા આદેશ આપી દીધો હતો. મળતા અહેવાલો મુજબ આ તમામ વિદ્યાર્થીઓ હજારીબાગના માઉન્ટ એગ્મોંટ સ્કુલમાં પ્લસ-ટુમાં ભણતા હતા. સ્કુલના 6 મિત્રો આજે સવારે લગભગ 10 વાગે



હજારીબાગથી બાઈક અને સ્કુટી પર નિકળ્યા હતા અને ત્યાંથી તેઓ હજારીબાગ નેશનલ પાર્ક પાસે આવેલ ડેમમાં નહાવા ગયા હતા. અહીં તમામે કિનારા પર સ્કુલ ડ્રેસ ઉતારી દીધો અને નહાવા માટે ડેમમાં ઉતરી ગયા.

# બેંગ્લોરમાં બિલ્ડિંગમાં લાગી ભયંકર આગ જીવ બચાવવા માટે યુવક ચોથા માળેથી કૂદ્યો

**બેંગલુરુ**

બેંગલુરુના કોરમંગલા વિસ્તારમાં બુધવારે એક બિલ્ડિંગમાં આગ લાગી ગઈ હતી. પ્રાથમિક જાણકારી પ્રમાણે બિલ્ડિંગના ચોથા માળે સ્થિત પબમાં આગ લાગી ગઈ હતી. આ આગમાં પોતાનો જીવ બચાવવા માટે એક યુવકે ચોથા માળેથી કૂદકો માર્યો હતો. ઘટના સમયે નજીકમાં હાજર લોકોએ વિસ્ફોટનો જોરદાર અવાજ પણ સાંભળ્યો હતો. બિલ્ડિંગમાંથી ધુમાડો નીકળતો દેખાયો હતો. વીડિયો ફૂટેજમાં એક વ્યક્તિ બિલ્ડિંગની છત પરથી કૂદતો નજર આવી રહ્યો છે. પોલીસ અધિકારીએ જણાવ્યું કે ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. જોકે, આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી નથી શકાયું.

ઘટનાસ્થળે હાજર લોકોએ બિલ્ડીંગમાંથી ધુમાડો નીકળતો જોયો અને પોલીસ તથા ફાયર વિભાગને જાણ કરી હતી. ફાયર



વિભાગના સૂત્રોએ જણાવ્યું કે, લોકોએ બિલ્ડિંગમાં ફસાયેલા લોકોને બચાવવાનો પ્રયત્ન હાથ ધર્યો હતો. બિલ્ડિંગમાં આગ લાગવાની કેટલીક તસવીરો મીડિયા સામે આવી છે. આ આગની ઘટનાનો વીડિયો પણ વાયરલ થય છે તેમાં જોઈ શકાય છે કે, ઘટનાસ્થળે લોકો હાજર છે અને બિલ્ડિંગમાંથી ગાઢ કાળો ધુમાડો નીકળી રહ્યો છે.

# પત્રકાર સૌમ્યા વિશ્વનાથન મર્ડર કેસ કોર્ટે ચાર આરોપીઓને દોષિત ઠેરવ્યા

**નવી દિલ્હી**

પત્રકાર સૌમ્યા વિશ્વનાથનની હત્યા કેસમાં દિલ્હીની સાકેત કોર્ટે ચુકાદો સંભળાવ્યો છે. સૌમ્યા વિશ્વનાથનની 2008માં થયેલ હત્યામાં સામેલ પાંચ આરોપીઓને બુધવારે દિલ્હીની સાકેત કોર્ટે દોષિત ઠેરવ્યા છે. 30 સપ્ટેમ્બર 2008ના રોજ સવારે 3.30 વાગ્યે નેલ્સન મંડેલા રોડ પર ચાલતી કારમાં સૌમ્યાની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

આરોપીઓની સજાને લઈને 26 ઓક્ટોબરે કોર્ટમાં ચર્ચા થશે. કોર્ટે આરોપી રવિ કપૂર, બલજીત મલિક, અમિત મલિક અને અમિત શુક્લાને હત્યાના દોષી ઠેરવ્યા છે. અમિત સેઠી નામના આરોપીને 411 મકોકા હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યો છે. જે આરોપીઓને બુધવારે દોષી ઠેરવવામાં આવ્યા હતા તેમની સજા અંગે 26 ઓક્ટોબરે ચર્ચા થશે.

તે પછી, તેને આગામી તારીખે જ આ ગુના માટે સજા ફટકારવામાં આવશે. અગાઉ, સાકેત કોર્ટે બચાવ અને પ્રચાર પક્ષોની દલીલો પૂર્ણ કર્યા પછી 13 ઓક્ટોબરે આ કેસમાં પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો.

# મંદિર પર સરકારનું નિયંત્રણ સમાપ્ત કરવાની માંગ કરતી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે મંદિર પર સરકારનું નિયંત્રણ સમાપ્ત કરવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું કે, આ અરજી સુનાવણી માટે યોગ્ય નથી. કેન્દ્ર સરકાર તરફથી સોલિસીટર જનરલ તુષાર મહેતાએ પણ આ અરજીનો વિરોધ કર્યો છે. મુખ્ય ન્યાયાધીશ અશ્વિની ઉપાધ્યાયને એમ પણ કહ્યું છે કે, તમે આ માંગણી સંસદ અથવા સરકાર સમક્ષ મુકી શકો છો, કોર્ટ સમક્ષ નહીં. કોર્ટ આવી માંગણીને કેવી રીતે મંજુરી આપી શકે, તમે તમારી અરજી પરત ખેંચી લો. વરિષ્ઠ વકીલ અશ્વિની ઉપાધ્યાયે મંદિરો પર સરકારનું નિયંત્રણ સમાપ્ત કરવાની માંગ અંગેની સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી.

# દેશની કુલ ડિફેન્સ એક્સપોર્ટ 52000 કરોડ રૂપિયાના આંકડાને વટાવી ગઈ

**નવી દિલ્હી**

સંરક્ષણ ક્ષેત્રથી સારા અહેવાલ આવ્યા છે. ભારતે સંરક્ષણ ક્ષેત્રમાં નિકાસ સતત વધારી દીધી છે. ડિફેન્સ પ્રોડક્શન ડિપાર્ટમેન્ટ (DDP)ના આંકડા અનુસાર નાણાકીય વર્ષ 2023-24 માં અત્યાર સુધી ભારતે 6,052 કરોડ રૂપિયાના ડિફેન્સ ઉપકરણો, સબ સિસ્ટમ્સ, પાર્ટ્સ અને કમ્પોનેન્ટની નિકાસ કરી છે. પાંચ વર્ષોના આંકડાઓ પર નજર કરીએ તો દેશમાં કુલ ડિફેન્સ એક્સપોર્ટ 52000 કરોડ રૂપિયાના આંકડાને વટાવી ગઈ છે. ડિફેન્સ એક્સપોર્ટમાં ખાનગી સેક્ટરની ભાગીદારી




મહત્વપૂર્ણ રહી છે જેનાથી નિકાસમાં ભારે વધારો થયો છે. આ વર્ષે અત્યાર સુધી કુલ એક્સપોર્ટમાં ખાનગી સેક્ટરની ભાગીદારી બે તૃતીયાંશ થઈ ગઈ છે. છેલ્લા પાંચ વર્ષોમાં તે 45% થી 90% સુધી રહી હતી. લગભગ 80 દેશ ભારતથી ડિફેન્સ ઉપકરણોની આયાત કરે છે.

# એર ઈન્ડિયા એક્સપ્રેસ નવી પેઢીની એરલાઈન બનવા જઈ રહી છે: આલોક સિંહ

**નવી દિલ્હી**

ટાટા ગ્રુપની એર ઈન્ડિયા એક્સપ્રેસે તેની નવી બ્રાન્ડ લુક અને ડિઝાઈનનું અનાવરણ કર્યું છે. એર ઈન્ડિયા એક્સપ્રેસે નારંગી અને પીરોજ સહિત ચાર રંગોને પ્રાધાન્ય આપ્યું છે. એર ઈન્ડિયા એક્સપ્રેસે સોશિયલ મીડિયા પર વિમાનના નવા લુકની તસવીરો શેર કરી છે. ટાટા ગ્રુપની એર ઈન્ડિયા એક્સપ્રેસે તેની નવી બ્રાન્ડ લુક અને ડિઝાઈનનું અનાવરણ કર્યું છે. એર ઈન્ડિયા એક્સપ્રેસે સોશિયલ મીડિયા પર વિમાનના નવા લુકની તસવીરો શેર કરી છે. એર ઈન્ડિયા એક્સપ્રેસે પોસ્ટ કર્યું અને લખ્યું કે આજે રાત્રે અમે ફક્ત નવી બ્રાન્ડનું અનાવરણ નથી કરી રહ્યા.

# યહૂદીઓએ US ની સંસદને ઘેરી : ઈઝરાયલ-હમાસ વચ્ચે યુદ્ધ રોકવા અને ગાઝામાં નરસંહાર અટકાવવા માગણી

## પોલીસે અનેક યહૂદી કાર્યકરોની ધરપકડ કરી લીધી : યહૂદી વોઈસ ફોર પીસ અનુસાર યહુદીઓએ સંસદની બહાર દેખાવ કર્યા

**જેરૂસલેમ**

ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લાં 12 દિવસોથી યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે. હજારો લોકો આ યુદ્ધમાં જીવ ગુમાવી ચૂક્યા છે પણ અત્યાર સુધી યુદ્ધવિરામના કોઈ સંકેત જોવા મળી રહ્યા નથી. દરમિયાન ગાઝા પર હુમલા બંધ કરવા અને યુદ્ધવિરામની માગ સાથે પ્રગતિશીલ યહુદી-અમેરિકી કાર્યકરોએ વોશિંગ્ટનમાં યુએસ કેપિટલ (અમેરિકી સંસદ ભવન)માં ઘૂસીને ધરણાં કર્યા હતા.

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધની સ્થિતિ દરમિયાન અમેરિકી સંસદ પાસે આ લોકોએ યુદ્ધવિરામ કરાવવાની માગ કરી હતી. યહૂદી સંગઠનોએ વ્હાઈટ હાઉસની નજીક કલાકો સુધી આ જ રીતે દેખાવો કર્યા હતા. સેંકડો દેખાવકારો બુધવારે વોશિંગ્ટનમાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બાયડેનના નિવાસની



બહાર એકઠાં થયા હતા અને યુદ્ધને રોકવા આગ્રહ કર્યો હતો. દરમિયાન યુએસ કેપિટલ હિલ પોલીસે જણાવ્યું કે દેખાવકારોના એક સમૂહે સંસદ ભવનની અંદર કબજો કરી લીધો છે. ગાઝામાં યુદ્ધ વિરામની માગ કરી રહેલા આ દેખાવકારોની ધરપકડ કરી લેવામાં આવી હતી. દેખાવકારોએ કોંગ્રેસમાં ગાઝામાં યુદ્ધવિરામ કરાવવા આહ્વાન કરવાની માગ કરી હતી. યહૂદી વોઈસ ફોર પીસ અનુસાર હજારો અમેરિકી યહુદીઓએ સંસદની બહાર દેખાવ કર્યા હતા.

જોકે 350થી વધુ અંદર પ્રવેશી ગયા હતા. યહૂદી સંગઠને એક્સ પર પોસ્ટમાં કહ્યું કે અમારી ધરપકડ કરાઈ રહી છે પણ અમે અહીંથી ત્યાં સુધી નહીં હટીએ જ્યાં સુધી અમને યુદ્ધવિરામ મામલે આશ્વાસન નહીં મળે અને ગાઝામાં પેલેસ્ટિની નાગરિકોનું નરસંહાર બંધ નહીં થાય. સંગઠને કહ્યું કે છેલ્લાં 75 વર્ષોથી ઈઝરાયલી સરકાર પેલેસ્ટિની જમીન પર ગેરકાયદે રીતે કબજો કરી રહી છે અને પેલેસ્ટિની સમુદાયનો સફાયો કરવામાં આવી રહ્યો છે. હવે ગાઝામાં અમેરિકાના પૂર્ણ સમર્થન સાથે નરસંહાર કરવામાં આવી રહ્યો છે.

## પાડોશી દેશ ઈજિપ્તનો ગાઝાના લોકોને શરણ આપવાનો ઈનકાર


કેરિયો : ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા જંગમાં પાડોશી દેશ ઈજિપ્તે ગાઝાના લોકોને પોતાના દેશમાં શરણ આપવાનો ઈનકાર કર્યો છે. ગાઝા સાથે ઈજિપ્તની બોર્ડર જોડાયેલી છે અને ગાઝાના હજારો લોકો ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુધ્ધમાં બચવા માટે ઈજિપ્તમાં શરણ લેવા માંગે છે પણ ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દુલ ફતેહ અલ સિસીએ કહ્યુ છે કે, બોર્ડર ખોલવાથી અને ગાઝાના લોકોને શરણ આપવાથી આ વિવાદનુ કોઈ સમાધાન થવાનુ નથી. દુનિયાના બીજા દેશો અમને બોર્ડર ખોલવાની સલાહ આપવાની જગ્યાએ આ મામલાનો ઉકેલ લાવવા પર વિચાર કરે.



તેમણે કહ્યુ હતુ કે, મોટી સંખ્યામાં ગાઝાના લોકો ઈજિપ્તમાં આવશે તો તેના કારણે નવા પ્રકારની સમસ્યાઓ ઉભી થશે. ખાસ કરીને અહીં વસેલા લોકો ઈજિપ્તની ધરતીનો ઉપયોગ ઈઝરાયેલ સામે હુમલો કરવા માટે પણ કરી શકે છે. અમે પેલેસ્ટાઈનની સમસ્યાનો ઉકેલ લશ્કરી તાકાત પર લાવવા માટેના પ્રયત્નોમાં નથી માનતા, અમે લશ્કરી કાર્યવાહી પર પણ ભરોસો નથી કરી રહ્યા અને પેલેસ્ટાઈનના લોકોના વિસ્થાપનના હકમાં પણ નથી. ઈજિપ્ત નથી ઈચ્છતુ કે આ વિસ્તારમાં લોકોને મોટી સંખ્યામાં હિજરત કરવી પડે. જો આવુ થયુ તો વેસ્ટ બેન્ક-જોર્ડન જેવી સમસ્યા ઉભી થશે.

## અમેરિકાનું ઇઝરાયેલને સમર્થન મદદ માટે એરક્રાફ્ટ કેરિયર મોકલ્યું

વોશિંગ્ટન : એક રીતે અમેરિકા ઈઝરાયેલના સમર્થનમાં ઉભું છે. બીજી તરફ તે દરિયાઈ સરહદ પર રશિયાને પણ સીધું નિશાન બનાવી રહ્યું છે. તેનો અર્થ એ છે કે, એક રીતે, બંને દેશ કશું બોલ્યા વિના એકબીજાની સામ-સામે આવી ગયા છે. જો આપણે તેની દરિયાઈ ભૌગોલિક સ્થિતિ પર નજર કરીએ, તો તે બોસ્પોરસ સ્ટ્રેટ દ્વારા મરમારાના સમુદ્ર સાથે અને ડાર્ડેનેલ્સ સ્ટ્રેટ દ્વારા એજિયન સમુદ્ર સાથે જોડાયેલ છે. બ્લેક સી પ્રદેશ પર પ્રભુત્વ એ રશિયા માટે ભૂમધ્ય સમુદ્રમાં રશિયન શક્તિને જાળવવા માટે ભૌગોલિક વ્યૂહાત્મક જરૂરિયાત છે. ઈઝરાયેલને સમર્થન આપવા માટે બાયડેન સરકારે બીજા એરક્રાફ્ટ કેરિયર યુએસએસ ડ્વાઈટ ડી. આઈઝનહોવર કેરિયર સ્ટ્રાઈક ગ્રુપને પૂર્વી ભૂમધ્ય સમુદ્રમાં મોકલ્યું છે. અમેરિકાના ડિફેન્સ સેક્રેટરી લોયડ ઓસ્ટિને કહ્યું



કે તેને ઈઝરાયેલ વિરુદ્ધ ઉઠાવવામાં આવી રહેલા પગલા અને આ યુદ્ધને વ્યાપક બનાવવાના કોઈપણ પ્રયાસને રોકવા માટે મોકલવામાં આવ્યો છે. આઈઝનહોવર યુએસએસ ગેરાલ્ડ આર. ફોર્ડ કેરિયર સ્ટ્રાઈક ગ્રુપમાં જોડાશે, જે ઈઝરાયેલ પહેલાથી જ ધરાવે છે. ફાઈટર એરક્રાફ્ટ અને ક્રૂઝર સાથે ત્યાં અમેરિકાની હાજરી વધારવા માટે પણ આ પગલું લેવાયાની ચર્ચા છે.

### ગાઝામાં વીજળી, અનાજ અને પાણીનું સંકટ

ગાઝાના લોકો ચારેકોરથી ફસાઈ ગયા છે, ત્યાંથી નિકળવા તેમના માટે કોઈપણ રસ્તો બચ્યો નથી. છેલ્લા 12 દિવસથી આકાશમાં મિસાઈલ મારો થતાં ઘણા વિસ્તારોમાં આગ લાગી છે, તો ઘણી ઈમારતો ધરાશાઈ થઈ છે. ગાઝામાં એવી સ્થિતિ સર્જાઈ છે કે, ઈઝરાયેલના બોંબમારામાં ધરાશાઈ થયેલી ઈમારતોના કાટમાળ હેઠળ દબાયેલા અસંખ્ય લોકોને ઘણા દિવસોથી બહાર કાઢી શકાયા નથી. એટલું જ નહીં હવે ગાઝામાં પાણી, વીજળી, અનાજનું સંકટ પણ ઘેરાયું છે.

### યુએસએ ઈરાન સામે નવા પ્રતિબંધોની કરી જાહેરાત

અમેરિકાએ ઈરાનના બેલેસ્ટિક મિસાઈલ અને ડ્રોન કાર્યક્રમોનો સામનો કરવા માટે નવા પ્રતિબંધોની જાહેરાત કરી છે. અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકને આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે ઈરાનની બેલેસ્ટિક મિસાઈલ અને UAV કાર્યક્રમોનો સામનો કરવા માટે અમેરિકા આજે નવા પ્રતિબંધો લાદી રહ્યું છે. બેલેસ્ટિક મિસાઈલ અને ડ્રોન પ્રોગ્રામ પર 2015માં સુરક્ષા પરિષદ દ્વારા લગાવવામાં આવેલ પ્રતિબંધ ખતમ થવા જઈ રહ્યો છે.

### ગાઝા પટ્ટીની હોસ્પિટલ પર એટેક, 500ના મોત

મંગળવારે મોડી રાતે ગાઝા પટ્ટીમાં અલ અહલી અરબ હોસ્પિટલ ખાતે ઈઝરાયલી સૈન્યના કથિત રૂપે બોમ્બમારામાં ઓછામાં ઓછા 500 લોકોના મોતના અહેવાલ છે. ગાઝામાં સત્તારુઢ હમાસના સ્વાસ્થ્ય મંત્રાલયના પ્રવક્તાએ આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે હોસ્પિટલની ધ્વસ્ત ઈમારતોના કાટમાળ હેઠળ હજુ ઘણાં લોકો દટાયેલા હોવાની આશંકા છે. જોકે ઈઝરાયલી ડિફેન્સ ફોર્સ આ હુમલો તેણે કર્યા હોવાના અહેવાલને નકારી રહી છે.

### રશિયા હજુ પણ અસમંજસની સ્થિતિમાં

ઈઝરાયેલે પુરાવારૂપે એક વીડિયો જારી કર્યો છે, જેમાં દર્શાવાયું છે કે, હમાસના આતંકવાદીઓ કેવી રીતે હોસ્પિટલની અંદર હથિયારો અને દારુગોળો લઈ ગયા. અમેરિકાએ ઈઝરાયેલના પુરાવા પર મહોર મારી દીધી છે, જોકે રશિયા હજુ પણ અસમંજસની સ્થિતિમાં હોય તેવું જોવા મળી રહ્યું છે. રશિયાએ ઈઝરાયલે પાસે સેટેલાઈટ ઈમેજની માંગ કરી છે. રશિયાના વિદેશ મંત્રાલયે કહ્યું કે, જો ઈઝરાયેલ આ હુમલામાં સામેલ નથી તો તેણે સેટેલાઈટ ઈમેજ જાહેર કરવી જોઈએ.

### બ્રિટિશ PM સુનક પહોંચ્યા તેલ અવીવ

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેનની મુલાકાત બાદ બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક ઈઝરાયેલ પહોંચી ગયા છે. પ્રવાસ દ્વારા તેઓ વિશ્વને સંદેશ આપી રહ્યા છે કે યુદ્ધની વચ્ચે ઈઝરાયેલની સાથે બ્રિટન ઊભું છે. બુધવારે જો બાઈડેન ઇઝરાયેલમાં વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. બેઠક બાદ તેમણે કહ્યું હતું કે અમેરિકા ઈઝરાયેલ સાથે ખભે ખભા મિલાવીને ઊભું છે. તે જ સમયે, આતંકવાદી સંગઠન હમાસ પેલેસ્ટાઈનનું પ્રતિનિધિત્વ કરતું નથી.

## એક અઠવાડિયામાં ભારતીય સૈન્યને દેશમાંથી કાઢી મૂકીશ: માલદીવના પ્રમુખનું એલાન

**માલદિવ**

હવે તેણે ભારતીય વિરોધી એલાન કરતા કહ્યું છે કે એક એઠવાડિયામાં જ ભારતીય સૈન્યને દેશમાંથી કાઢી મૂકીશ. માલદીવના નવા રાષ્ટ્રપતિ બન્યા બાદ મોહમ્મદ મુઈઝે ભારત વિરુદ્ધ ચીનની ભાષા બોલવાનું શરુ કરી દીધું છે. તેમણે કહ્યું છે કે તેઓ રાષ્ટ્રપતિ તરીકે કાર્યભાર સંભાળ્યાના પહેલા જ દિવસે માલદીવમાંથી ભારતીય સેનાને હટાવવાનું કામ કરશે. માલદીવના નવા રાષ્ટ્રપતિ ચીનને ખુલ્લેઆમ સમર્થન આપવા માટે જાણીતા છે. તેમણે ખાનગી ન્યુઝ એજન્સીને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ તરીકેનો કાર્યભાર સંભાળતાની સાથે જ તેઓ ભારતીય સૈનિકોને માલદીવમાંથી પાછા હટી જવાની વિનંતી કરશે કારણ કે તે તેમની ટોચની પ્રાથમિકતાઓમાંની એક છે.

## પાક.માં મુશ્કેલી ઊભી થઈ: ઈંધણ ખતમ થવાના લીધે 48 ફ્લાઇટ રદ

**ઇસ્લામબાદ**

અત્યંત વિપરીત નાણાકીય સ્થિતિમાંથી પસાર થઈ રહેલા પાકિસ્તાનની સામે નવી કટોકટી આવી છે. દેશની ખાડે ગયેલી એરલાઈન્સ કંપની પાકિસ્તાન ઈન્ટર એરલાઈન્સે ઈંધણ ન હોવાના કારણે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય રુટ પર ૪૮ ફ્લાઈટ રદ કરી છે. બાકી નીકળતી રકમ અને સંચાલનના મુદ્દાને લઈને ઈંધણ પૂરા પાડવા પર પ્રતિબંધના કારણે પીઆઈએના ઉડ્ડયન સંચાલન પર અસર પાડી છે.

પીઆઈએના એક પ્રવક્તાએ પાકિસ્તાની અખબાર ધ ડોનને જણાવ્યું હતું કે ડેઈલી ફ્લાઈટ માટે મર્યાદિત ઈંધણ પુરવઠા અને સંચાલન સંલગ્ન મુદ્દાઓના કારણે ઉડ્ડયન રદ કરી દેવામાં આવ્યા છે. કેટલીક ફ્લાઈટ્સને રિશેડયુલ કરવામાં આવી છે.

બાકી રકમની ચૂકવણીની ન કરવાની સાથે-સાથે સંચાલન સંલગ્ન મુદ્દાઓના લીધે ઈંધણનો પુરવઠા પર પ્રતિબંધે મંગળવારે પણ પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સના ઉડ્ડયન સંચાલનને પ્રભાવિત કર્યુ હતું. તેના લીધે ખોટમાં ચાલતા સરકારી માલિકીની એરલાઈન્સે કમસેકમ ૨૪ ડોમેસ્ટિક અને ૧૨ ઈન્ટરનેશનલ ફ્લાઈટ રદ કરવી પડી છે.

## લંડનની બોર્ડિંગ સ્કુલમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પ્રિન્સિપલની શરૂઆત કરાશે

**લંડન**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડેવલપર્સ સાથે મળીને સ્કુલમાં એઆઈપ્રિન્સિપલની શરૂઆત કરવામાં આવી છે. તેનું નામ એબીગેલ બેઈલી રાખવામાં આવ્યું છે. ચાલો જાણીએ કે શું તે સામાન્ય પ્રિન્સીપલની જેમ કાર્ય કરશે કે કેમ. બ્રિટેનના સૌથી જુના બોર્ડિંગ સ્કુલમાં જેની ગણતરી કરવામાં આવે છે તે કોટેસ્મોર સ્કૂલમાં આ પ્રિન્સિપલને કાર્યરત કરવામાં આવશે. ૧૮૯૪માં ઈસ્ટ સસેક્સના હોવમાં તેની સ્થાપના કરવામાં આવી હતી. અહી ૪ થી ૧૩ વર્ષ સુધીના બાળકોને શિક્ષા આપવામાં આવે છે. યુકેની એક બોર્ડિંગ સ્કૂલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(એઆઈ) ડેવલપરના સહયોગથી વિશ્વના પ્રથમ એઆઈપ્રિન્સિપલને લૉન્ચ કર્યા છે. તેનું નામ એબીગેઈલ બેઈલી રાખવામાં આવ્યું છે.



# આંતર રાષ્ટ્રીય ક્રિકેટમાં કોહલીના ફાસ્ટેસ્ટ ૨૬ હજાર રન પૂરા, ૪૮મી વન-ડે સદી ફટકારી

કોહલીએ બાંગ્લાદેશ સામે ૭૭મો રન બનાવવાની સાથે ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી ઓછી ઇનિંગ્સમાં ૨૬ હજાર રન પૂરા કરનાર બેટ્સમેન બનવાની સિદ્ધિ મેળવી હતી. આ ઇનિંગ દરમિયાન કોહલી ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સર્વાધિક રન નોંધાવનાર બેટ્સમેનોની યાદીમાં ચોથા ક્રમે પણ આવી ગયો છે અને તેણે શ્રીલંકાના મહેલા જયવર્દનેને પાછળ રાખી દીધો છે. કોહલીએ વન-ડે કારકિર્દીની ૪૮મી સદી પણ ફટકારી હતી. કોહલીએ ૫૬૭મી ઇનિંગમાં ફાસ્ટેસ્ટ ૨૬ હજાર રન પૂરા કર્યા છે. કોહલીએ સચિનનો રેકોર્ડ પણ તોડયો હતો જેણે ૬૦૦ ઇનિંગ્સમાં ૨૬ હજાર ઇન્ટરનેશનલ રનનો માઇલ સ્ટોન પાર કર્યો હતો. કોહલીએ વર્લ્ડ કપમાં રનચેઝ કરતી વખતે પ્રથમ સદી ફટકારી છે. બાંગ્લોદશ સામે આ તેની બીજી, વન-ડેમાં ૪૮મી તથા ઇન્ટરનેશનલ ક્રિકેટમાં કુલ ૭૮મી સદી નોંધાઇ છે.

## કોહલીએ સચિનને રેકોર્ડ તોડ્યો

વિરાટ કોહલીએ અત્યાર સુધી ઇન્ટરનેશનલ ક્રિકેટમાં 511 મેચની 567 ઇનિંગ્સમાં 26,026 રન બનાવ્યા છે. આ દરમિયાન કોહલીએ 78 સદી અને 134 ફિફ્ટી ફટકારી છે. આ સાથે કોહલીએ તેના કરિયરમાં 7 બેવડી સદી પણ ફટકારી છે. કોહલી 26,000 રનના આંકડાને આજે પાર કરી લીધો છે. સચિન તેંડુલકરે ઇન્ટરનેશનલ ક્રિકેટમાં 601 ઇનિંગ્સમાં 26,000 રન પૂરા કર્યા હતા.

# ભારતનો સતત ચોથો વિજય, બાંગ્લાદેશને 7 વિકેટે હરાવ્યું

## કોહલીએ સદી ફટકારી તોડ્યો સચીનનો રેકોર્ડ : બાંગ્લાદેશ 50 ઓવરમાં 256/8, ભારત : 41.3 ઓવરમાં 261/3

**પુણે**

વર્લ્ડકપ-2023માં ભારતે સતત ત્રીજો વિજય મેળવ્યો છે. પુણેના એમસીએ સ્ટેડિયમમાં રમાઈ રહેલી વર્લ્ડકપ-2023ની 17મી મેચમાં ભારતે બાંગ્લાદેશને 7 વિકેટે હરાવ્યું છે. બાંગ્લાદેશની ટીમે નિર્ધારીત 50 ઓવરમાં 8 વિકેટે 256 રન બનાવ્યા હતા, જેના જવાબમાં ભારતીય ટીમે 41.3 ઓવરમાં 3 વિકેટે 261 રન બનાવી બાંગ્લાદેશ સામે ભવ્ય વિજય મેળવ્યો છે. આજની મેચમાં વિરાટ કોહલીએ દમદાર પ્રદર્શન કરી સદી ફટકારી છે, તો ઓપનિંગમાં આવેલા શુભમન ગીલે ફિફ્ટી ફટકારી છે. આ અગાઉ બાંગ્લાદેશના કેપ્ટને ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. બંને ટીમોએ આજની મેચ સહિત અત્યાર સુધીમાં 4-4 મેચ રમી છે, જેમાં ભારતે ચારેય મેચમાં જીત મેળવી છે, જ્યારે બાંગ્લાદેશે માત્ર એક મેચ જીતી છે.

ભારત તરફથી વિરાટ કોહલીએ 97 બોલમાં 6 ફોર અને 4 સિક્સ સાથે અણનમ 103 રન કર્યા છે, જ્યારે કે.એલ.રાહુલે 34 બોલમાં 3 ફોર અને 1 સિક્સ સાથે અણનમ 34 રન ફટકાર્યા છે. રોહિત શર્માએ 48 રન, શુભમન ગીલે 53 રન, જ્યારે શ્રેયસ ઐય્યરે 19 રન કર્યા છે. બોલિંગની વાત કરીએ તો જસપ્રિત બુમરાહ, મોહમ્મ સિરાજ અને રવિન્દ્ર જાડેજાએ 2-2 વિકેટ લીધી છે, જ્યારે શાર્દુલ ઠાકુર અને કુલદીપ યાદવે 1-1 વિકેટ ખેરવી છે

ભારત સામે બાંગ્લાદેશે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. બાંગ્લાદેશના નિયમિત કેપ્ટન શાકિબ અલ હસન આજે અનફિટ હોવાથી મેચ રમી શક્યો ન હતો, જોકે તેની જગ્યાએ નઝમુલ હસન શાંતો ટીમની કેપ્ટનશીપ નિભાવી હતી. ભારતની ટીમમાં કોઈ ફેરફાર કર્યો નહતો. બાંગ્લાદેશ તરફથી લિટન દાસે 82 બોલમાં 7 ફોર સાથે 66 રન, જ્યારે તંજીદ તમીમે 43 બોલમાં 5 ફોર અને 3 સિક્સ સાથે 51 રન ફટકાર્યા છે. જ્યારે મહેંદી હસન મિર્જાએ 2 વિકેટ અને હસન મહમુદે 1 વિકેટ ખેરવી છે.

## વર્લ્ડકપ : અફઘાનિસ્તાને ઇંગ્લેન્ડને 69 રને હરાવી અપસેટ સર્જ્યો

નવી દિલ્હી । વનડે વર્લ્ડકપ ૨૦૨૩માં અફઘાનિસ્તાને રવિવારે પહેલો અપસેટ સર્જતા ઈંગ્લેન્ડને ૬૯ રને પરાજય આપ્યો હતો. અફઘાનિસ્તાનની વર્લ્ડકપમાં આ પહેલી જીત છે. ઈંગ્લેન્ડે ટોસ જીતીને પહેલા બોલિંગ લીધી હતી. અફઘાનિસ્તાને ૪૯.૫ ઓવરમાં ૨૮૪ રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડને જીત માટે ૨૮૫ રનનું લક્ષ્ય મળ્યું હતું જે ઈંગ્લેન્ડની બેટિંગ લાઇનને જોતા સરળતાથી પાર કરી લે તેમ લાગતુ હતું પરંતુ અફઘાનિસ્તાનના સ્પિનરો રાશિદ ખાન, મુજીબ ઉર રહેમાન અને મોહમ્મદ નબીની બોલિંગ સામે ઈંગ્લીશ બેટ્સમેનો ઘૂંટણીએ નમ્યા હતા. રાશિદ અને મુજીબે ૩-૩ જ્યારે નબીએ બે વિકેટ ખેરવી હતી.

## ન્યૂઝી. સતત ચોથા વિજય સાથે ટોચના ક્રમે

ચેન્નઇ । ન્યૂઝીલેન્ડની ટીમ સતત ચોથા વિજય સાથે આઇસીસી વર્લ્ડ કપમાં ટોચના ક્રમે પહોંચી ગયું છે. ટૂર્નામેન્ટની ૧૬મી મેચમાં ન્યૂઝીલેન્ડે અફઘાનિસ્તાનને ૧૪૯ રનથી હરાવી દીધું હતું. ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરનાર ન્યૂઝીલેન્ડની ટીમને છ વિકેટે ૨૮૮ રન નોંધાવ્યા હતા. મેન ઓફ ધ મેચ બનેલા કિવિ ટીમના ગ્લેન ફિલિપ્સે ૮૦ બોલમાં ૭૧ રનની ઇનિંગ રમી હતી. અફઘાનિસ્તાનની ટીમ ૩૪.૪ ઓવરમાં ૧૩૯ રનના સ્કોરે ઓલઆઉટ થઇ ગઇ હતી. ન્યૂઝીલેન્ડ માટે સાન્તેનરે ૩૯ રનમાં ત્રણ તથા લોકી ફર્ગ્યુસને ૧૯ રનમાં ત્રણ વિકેટ હાંસલ કરી હતી.

## વન-ડે રેન્કિંગ : રોહિત શર્માએ પ્રથમ વખત વિરાટ કોહલીને પાછળ રાખ્યો

દુબઇ । ભારતીય સુકાની તથા ઓપનર રોહિત શર્મા છેલ્લા કેટલાક સમયથી શાનદાર ફોર્મમાં છે. વર્તમાન વર્લ્ડ કપમાં રોહિતે સતત સારો સ્કોર નોંધાવ્યો છે અને તેણે વન-ડે રેન્કિંગમાં પોતાની સ્થિતિ વધારે સારી કરી લીધી છે. નવી વન-ડે રેન્કિંગમાં રોહિત છઠ્ઠા ક્રમે પહોંચી ગયો છે. ૫૦ ઓવરની ફોર્મેટમાં તે વિરાટ કોહલી કરતાં આગળ નીકળ્યો હોય તેવું પ્રથમ વખત બન્યું છે. કોહલી ઇંગ્લેન્ડના ડેવિડ મલાન સાથે ૭૧૧ પોઇન્ટ સાથે સંયુક્ત રીતે આઠમા ક્રમે છે.

## હાર્દિક ઈજાગ્રસ્ત, કોહલીએ છ વર્ષ બાદ આંતર રાષ્ટ્રીય મેચમાં બોલિંગ કરી



**પૂણે**

બાંગ્લાદેશ સામે રમાયેલી વર્લ્ડ કપની મેચમાં ભારતીય ઓલરાઉન્ડર હાર્દિક પંડયા ઈજાગ્રસ્ત થયો હતો અને વિરાટ કોહલીએ બોલિંગ સંભાળી હતી. હાર્દિક ત્રણ બોલ નાખ્યા બાદ ઈજાગ્રસ્ત થયો હતો અને કોહલીએ બાકીની ઓવર પૂરી કરી હતી. ક્રિકેટ સમર્થકોને માત્ર વર્લ્ડ કપ દરમિયાન કોહલીની બોલિંગ જોવા મળે છે. કોહલીએ ત્રણ બોલમાં માત્ર બે રન આપ્યા હતા.

### ICC વર્લ્ડ કપ પોઇન્ટ ટેબલ

| ટીમ | M | W | L | PT | NRR |
|---|---|---|---|---|---|
| ન્યૂઝીલેન્ડ | 4 | 4 | 0 | 8 | 1.923 |
| ભારત | 4 | 4 | 0 | 8 | 1.659 |
| સાઉથ આફ્રિકા | 3 | 2 | 1 | 4 | 1.385 |
| પાકિસ્તાન | 3 | 2 | 1 | 4 | 0.137 |
| ઇંગ્લેન્ડ | 3 | 1 | 2 | 2 | -0.084 |
| ઓસ્ટ્રેલિયા | 3 | 1 | 2 | 2 | -0.734 |
| બાંગ્લાદેશ | 4 | 1 | 3 | 2 | -0.784 |
| નેધરલેન્ડ્સ | 3 | 1 | 2 | 2 | -0.993 |
| અફઘાનિસ્તાન | 4 | 1 | 3 | 2 | -1.250 |
| શ્રીલંકા | 3 | 0 | 3 | 0 | -1.532 |

## વર્લ્ડકપનો બીજો અપસેટ : નેધરલેન્ડ સામે દક્ષિણ આફ્રિકાની શરણાગતિ

ધરમશાલા । નેધરલેન્ડની ટીમે વર્લ્ડ કપ ૨૦૨૩માં અફઘાનિસ્તાન બાદ બીજો અપસેટ સર્જતા ટોપ ફોર્મમાં રહેલી દક્ષિણ આફ્રિકાની ટીમને કારમો પરાજય આપ્યો હતો. વિજય માટે ૪૩ ઓવરમાં ૨૪૬ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી દક્ષિણ આફ્રિકન ટીમે નેધરલેન્ડની બોલિંગને હળવાશથી લીધી હોય તેમ જણાતી હતી પરંતુ નેધરલેન્ડના બોલર્સે એકદમ ચુસ્ત લાઇનલેન્થ સાથે બોલિંગ કરીને નિયત સમયાંતરે દક્ષિણ આફ્રિકાની વિકેટો ખેરવી અપસેટ સર્જવાની સાથે ટૂર્નામેન્ટમાં પોતાની પહેલી જીત મેળવી હતી. દક્ષિણ આફ્રિકાની ટીમ નિર્ધારિત ૪૨.૫ ઓવરમાં ૨૦૭ રને ઓલઆઉટ થઇ ગઇ હતી અને તેનો ૩૮ રને પરાજય થયો હતો.

## શ્રીલંકા : વર્લ્ડ કપમાં સૌથી વધુ મેચ હારનારી ટીમ

લખનઉ । વર્લ્ડ કપ ૨૦૨૩માં સોમવારે ઓસ્ટ્રેલિયાએ શ્રીલંકાને પાંચ વિકેટે પરાજય આપીને ટૂર્નામેન્ટમાં પોતાની પહેલી જીત મેળવી હતી. શ્રીલંકાની ટીમ આ વર્લ્ડકપમાં સતત ત્રણ મેચ હારી હતી અને તેની સાથે જ તેના નામ પર એક શરમજનક રેકોર્ડ પણ જોડાઇ ગયો છે. શ્રીલંકા વર્લ્ડકપમાં સંયુક્તરૂપે સૌથી વધારે મેચો હારનારી ટીમ બની ગઇ છે. વનડે વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયા ૧૯૯૬ની ફાઇનલ બાદથી શ્રીલંકા સામે ક્યારેય પરાજિત થઇ નથી. તે બાદ ઓસ્ટ્રેલિયાએ શ્રીલકા સામે સતત ૮ જીત મેળવી છે. ઓસ્ટ્રેલિયાએ વર્લ્ડકપમાં શ્રીલંકાને કુલ ૯ વાર પરાજય આપ્યો છે.

## WPL 2024 : વુમન્સ પ્રીમિયર લીગ માટે પાંચ ટીમોએ જાહેર કર્યું ખેલાડીઓનું લીસ્ટ

વુમન્સ પ્રીમિયર લીગ 2024ની તૈયારીઓ ધીમે-ધીમે શરૂ થઇ રહી છે. WPLની પાંચ ટીમોએ ખેલાડીઓની લીસ્ટ જાહેર કરી છે જેમાં 60 ખેલાડીઓએ રીટેન કરવામાં આવ્યા છે. જ્યારે 29 ખેલાડીઓને રિલીઝ કરી દેવાયા છે. રિલીઝ લીસ્ટમાં ઘણાં મોટા ખેલાડીઓનું નામ સામેલ છે. દિલ્હી કેપિટલ્સ, ગુજરાત જાયન્ટ્સ, મુંબઈ ઇન્ડિયન્સ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને યુપી વોરિયર્સે લીસ્ટ બહાર પડી છે.

## Ganesha Accounting & Shiv Financial Services Presents

# Garba Night-2023નું ધમાકેદાર આયોજન







**ટોરન્ટો**

ગત શનિરવાર તા. 7મી ઓક્ટોબર, 2023ના રોજ **Ganesha Accouting & Shiv Financial Services** દ્વારા બ્રામ્પટનના હિંદુ સભા મંદિર ખાતે રાત્રિ ગરબાનું આયોજન સચિન જોષી અને જેના ગ્રુપ સાથે થયું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં હિંદુ સભા મંદિરની સંધ્યા-આરતી પૂર્ણ થયા બાદ મુખ્ય આયોજકો જગદીશ સેવક, મનિષા સેવક, ઋત્વી સેવક, પ્રિન્સી સેવક, શિવ સેવક, પૌમિલ ભટ્ટ, પલક ભટ્ટ અને મિહીર સેવકે ખૈલેયાઓ, સ્પોન્સર્સ, વોલયન્ટર્સ અને સ્વાદીષ્ટ કુક માટેના આયોજકો નીતીન પટેલ અને નિશાબેન પટેલ, બ્રેમ્પ્ટન તથા અમિત પટેલ અને સુષ્માબેન પટેલે (ઈટોબીકોક) નું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. સચિન જોષી મ્યુઝિક ગ્રુપ દ્વારા સંગીતની સુરાવલી સાથે સુમધુર અને પ્રાચીન ગરબા રજૂ થતાં સૌ ગરબાના તાલે ઝુમી ઉઠયાં હતાં. સર્વે ખૈલેયાઓએ માતાજીના ગરબા મન મુકીને ગાયા હતા. ગણપતિજી અને માં અંબેની આરતી ઉતારવાનો સર્વેએ લાભ લીધો હતો. આરતી બાદ મુખ્ય આયોજક જગદીશ સેવકે દરેક સ્પોન્સર્સનું સ્વાગત કર્યું તથા સ્પેશ્યલ-ગેસ્ટ ડોન પટેલ, અશોક પટેલ, લલિત સોની (ગુજરાત ન્યૂઝલાઈન), મધુસુદન લામા (પ્રમુખશ્રી **Hindu Sabha Temple**) સર્વેને આવકાર્યા હતા. સ્વાદિષ્ટ દાબેલી, ખીચું, ચા, પાણી માટે નિતીન પટેલ અને નિશાબેન પટેલ અને વેરાઈટી પફ માટે અમીત પટેલ અને સુષ્માબેન પટેલનો આભાર વ્યક્ત કર્યા હતો. કાર્યક્રમને અંતે મુખ્ય આયોજક જગદીશ સેવકે સર્વે ખૈલેયા, સ્પોન્સર્સ, વોલ્યુનટર્સ, કેટરીંગ સર્વિસ, ફોટોગ્રાફી બદલ તમામ સહયોગીઓને બિરદાવ્યા હતા.





## સચીન જોષીના ગ્રુપ દ્વારા રેલાવાયેલા સંગીતના સૂરો વચ્ચે પ્રાચીન ગરબામાં ખૈલેયા મન મૂકીને ગરબે ઘૂમ્યા

OM INDIA
FOOD CENTRE

દરેક જાતની ગ્રોસરી, લીલા-તાજા શાકભાજી,
અનાજ, કઠોળ, મસાલા,
વિવિધ ફરસાણના પેકેટ, સ્વીટ આઈટમો,
ઓડીયો-વિડીયો કેસેટ્સ, ડીવીડી, પૂજા સામગ્રી...

OM INDIA FOOD CENTRE

6 LOCATION TO SERVE YOU

1729 Albion Rd,
Etobicoke, ON
416-743-1100

139 Charing Cross,
Brantford Ontario
519-758-9999

5 Manitou Drive # 102
Kitchner, ON. N2C 1L4
519-954-1110

3300 McNICOLLE Ave, #B-6,
Scarborough, ON
416-297-8383

71 West Drive, Unit#42,
Brampton, ON
905-452-1100

293, Labrosse Ave,
Point-Claire, QC H9R 5M3
514-426-1100

CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

Rollz ICE CREAM

Experience the Ice Cream Flavor Like Never Before with Rollz!



Franchise info : franchiseenquiry@rollzicecream.ca | www.rollzicecream.ca

Location : Ajax | Mississauga | Scarborough | Collingwood | Regina | Edmonton | Guelph | Vaughan | Halifax
Windsor | Kitchener | Bramlea, Brampton | Scarborough Lebovic | North Park Drive, Brampton | Brantford | Peterborough